અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ એપ્રિલ ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ અમાસ

વર્ષ : ૧૬
અંક : ૨૯૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

પાકિસ્તાનના પીએમ શાહબાઝની શાન ઠેકાણે આવી

## પાકિસ્તાનના પીએમ શાહબાઝે તટસ્થ તપાસ માટે બતાવી તૈયારી

**પહલગામ આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે કડક પગલાં લીધા છે, જે બાદ શાહબાઝ શરીફે તટસ્થ તપાસમાં સહયોગની વાત કરી છે**

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૬ ।

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે લીધેલા નિર્ણયોથી પાકિસ્તાન ઘૂંટણીએ આવી ગયું હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે શનિવારે PM શાહબાઝ શરીફે આતંકી હુમલા બાબતે મોટું નિવેદન આપ્યું છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે, તેમનો દેશ કાશ્મીરના પહલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાની ''તટસ્થ તપાસ''માં સહયોગ કરવા તૈયાર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે આ ટિપ્પણીઓ આવી છે, જે સાબિત કરે છે કે, ભારતની કાર્યવાહીથી પાકિસ્તાનને ખૂબ જ મોટી અસર થઈ રહી છે. ૨૨ એપ્રિલે પહલગામના બૈસરન ગ્રાઉન્ડ પર થયેલા હુમલા પર ભારત સરકારની કડક પ્રતિક્રિયા બાદ આ વાત સામે આવી છે. અહીં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર ગોળીબાર કર્યો હતો. જવાબમાં, ભારતે પાકિસ્તાની નાગરિકો માટે વિઝા રદ કર્યા અને આંતરરાષ્ટ્રીય સરહદો પર સુરક્ષા પ્રોટોકોલ કડક કર્યા હતો. આ સાથે પાકિસ્તાન ઘૂંટણીએ આવી ગયું હોય કેવું લાગી રહ્યું છે.



**ભારતની કાર્યવાહીથી પાકિસ્તાનને ખૂબ જ મોટી અસર થઈ રહી છે**

પહલગામમાં થયેલા હુમલામાં ૨૬ નાગરિકો માર્યા ગયા હતા. બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે સતત બીજી રાત્રે પણ ગોળીબાર ચાલુ રહ્યો હતો. ગુરુવારે રાત્રે પણ પાકિસ્તાની સૈનિકોએ ર્ઝ પર ભારતીય ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો અને ભારતે તેનો યોગ્ય જવાબ આપ્યો હતો. પહલગામ હુમલામાં સંડોવાયેલા આતંકવાદીઓને શોધવા માટે ભારતીય સૈના દિવસ રાત એક કરી રહી છે. પહલગામ હુમલા સાથે સરહદ પારના સંબંધોને ધ્યાનમાં રાખીને, કેન્દ્રએ બુધવારે પાકિસ્તાની લશ્કરી સલાહકારને હાંકી કાઢવા, ૧૯૬૦ની સિંધુ જળ સંધિને સ્થગિત કરવા અને અટારી-વાઘા સરહદ ક્રોસિંગને તાત્કાલિક બંધ કરવા સહિતના અનેક પગલાંની જાહેરાત કરી છે.

### ન્યૂઝ બ્રિફ

### ભારતના ડરથી ચીન પાસે ભીખ માંગવા પહોંચ્યું પાકિસ્તાન

। (એજન્સી) બેઈજીંગ, તા.૨૬ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા હિન્દુ હત્યાકાંડ બાદ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. આનાથી પાકિસ્તાનમાં ગભરાટ ફેલાયો ગયો છે. ભારતે સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સ્થગિત કરવા, પાકિસ્તાની હાઈ કમિશનમાં રાજદ્વારીઓની સંખ્યા ઘટાડવા અને અટારી-વાઘા સરહદ બંધ કરવા જેવા કઠોર નિર્ણયો લીધા છે. આ પગલાંથી ગભરાઈને, પાકિસ્તાને તેના સદાબહાર મિત્ર ચીનમાં શરણ લીધું છે અને મદદ માટે અપીલ કરી છે. પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન મોહમ્મદ ઈશાક ડારે ઈસ્લામાબાદમાં ચીનના રાજદૂત જિયાંગ ઝે સાથે મુલાકાત કરી હતી.

### સંસદે પસાર કરેલા કાયદા પર 'સંપૂર્ણ' સ્ટે ના મૂકી શકાય: સરકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

કેન્દ્ર સરકારે વકફ (સુધારા) કાયદાનો સુપ્રીમ કોર્ટમાં બચાવ કર્યો હતો અને સંસદ દ્વારા પસાર બંધારણીયતાની અવધારણા સાથેના કાયદા પર બ્લેન્કટે (સંપૂર્ણ) સ્ટે મુકવાના પગલાનો વિરોધ કર્યો હતો. પોતાના ૧,૩૩૨ પાનાની એફિડેવિટમાં કેન્દ્રસરકારે વકફ કાયદાની બંધારણીયતાને પડકારતી અરજીઓને નકારી દેવાની અપીલ કરી હતી. તેનું કહેવું હતું કે કેટલીક જોગવાઈઓ માટે ખોટી-ખોટી વાર્તા ચલાવવામાં આવી રહી છે.

### પહેલગામમા થયેલા આતંકી હુમલાની ગુંજ UNમાં સંભળાઈ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સભ્યોએ ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરી છે. યુએનએસસીએ આ ઘટનામાં સામેલ આતંકવાદીઓ અને હુમલા પાછળના કાવતરાખોરોને જવાબદાર ઠેરવવા અને તેમને કડક સજા આપવા પર ભાર મૂક્યો છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ રશિયા, ફ્રાન્સ, ચીન, અમેરિકા અને બ્રિટને પણ ભારતને ટેકો આપ્યો છે અને પાકિસ્તાનનું નામ લીધા વિના તેને ઠપકો આપ્યો છે.

એજન્સીઓના હિટ લિસ્ટમાં છે આ નામ

## જમ્મુ-કાશ્મીરમાં હુમલાને પગલે આતંકવાદીઓનું કાઉન્ટડાઉન શરૂ

**જમ્મુ-કાશ્મીરમાં કામ કરી રહેલા ૧૪ સ્થાનિક આતંકીઓના લિસ્ટ તૈયાર કરી લેવામાં આવ્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ દેશભરમાં ગુમ અને ગુસ્સો છે. આ વચ્ચે ગુપ્તચર એજન્સીઓએ જમ્મુ-કાશ્મીરમાં સક્રિય ૧૪ લોકલ આતંકવાદીઓનું એક લિસ્ટ તૈયાર કર્યું છે. આ લોકલ આતંકી પાકિસ્તાની ગુંડાઓના મજબૂત મદદગાર છે. ન માત્ર સ્થાનીક સ્તર પર સપોર્ટ અને લોજિસ્ટિક સહાયતા આપે છે, પરંતુ આતંકીઓને આસરો અને સંશાધન પણ ઉપલબ્ધ કરાવે છે.

ઘણા મીડિયા રિપોર્ટ્સમાં આ આતંકીઓનું લિસ્ટ સામે આવ્યું છે. સુરક્ષાદળોએ નક્કી કરી લીધું છે કે હવે આ બધાનો સફાયો થશે. આ આતંકીઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને તેના ઘરોને જલ્દી ધરાશાયી કરવામાં આવશે.

આ સ્થાનિક આતંકવાદીઓને પહેલા મારવામાં આવશે. આ આતંકવાદીઓને એક પછી એક ખતમ કરવામાં આવી રહ્યા છે. આ સાથે તેમના ઘર પર પણ મોટો ફટકો પડશે. તેની શરૂઆત પણ કરવામાં આવી છે. શનિવારે પુલવામા અને કુલગામમાં આતંકીઓના ઘર IED વિસ્ફોટો દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા.

આતંકવાદી નંબર- ૧ : આદિલ રહેમાન દેંતૂ. તે લશ્કર-એ-તૈયબા (LeT)નો સોપોર કમાન્ડર



છે. તે ૨૦૨૧ થી આતંકવાદી પ્રવૃત્તિઓમાં સક્રિય છે. સોપોરમાં લશ્કરનો જિલ્લા કમાન્ડર પણ કમાન્ડર છે. તપાસ એજન્સીઓ તેની તપાસ કરી રહી છે. કાં તો તેને મારી નાખવામાં આવશે અથવા તેના ઘરોને જમીન પર તોડી નાખવામાં આવશે.

આતંકવાદી નંબર-૨ : આસિફ અહેમદ શેખ. તે જૈશ-એ-મોહમ્મદ (JeM)નો આતંકવાદી છે અને અવંતીપુરાનો જિલ્લા કમાન્ડર છે. તે ૨૦૨૨ થી સતત આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ છે.એહસાન અહેમદ શેખ. તે પુલવામામાં સક્રિય છે. તે લશ્કર-એ-તૈયબાનો આતંકવાદી છે. ૨૦૨૩ થી સતત આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ છે. સુરક્ષા એજન્સીઓ તેને શોધી રહી છે. ટૂંક સમયમાં જ તેનો ખાત્મો થઈ જશે અથવા તેના ઘરને જમીનદોસ્ત કરી દેવામાં આવશે.

આતંકવાદી નંબર- ૪ : હરીશ નઝીર. તે પુલવામાનો આતંકી છે. તે લશ્કર-એ-તૈયબામાં સક્રિય આતંકવાદી છે. સુરક્ષા દળોના રડાર પર છે.

પૂરપાટ દોડતી કારે ૧૧ સફાઈકર્મીઓને કચડી નાખ્યા

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ભયંકર અકસ્માત : સાતના મોત

। (એજન્સી) નૂંહ, તા.૨૬ ।


ગુરૂગ્રામની પાસે આવેલા હરિયાણાના નૂંહ જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર શનિવારે સવારે એક ભીષણ માર્ગ અકસ્માત થયો હતો. આ ઘટનામાં ૭ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતાં અને ૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. હાલ, મૃતકોના મૃતદહેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. તેમજ ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માત બાદ આરોપી ડ્રાઈવર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, આજે સવારે ૧૦ વાગ્યાની આસપાસ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર નૂહ પોલીસ સ્ટેશનની ફિરોઝપુર ઝીરકા બોર્ડર પર ઈબ્રાહિમવાસ ગામ નજીક એક બેકાબૂ પીક-અપ વાહને ૬ મહિલાઓ સહિત ૧૧ સફાઈ કર્મચારીઓને કચડી નાખ્યા હતાં. આ દુ:ખદ માર્ગ અકસ્માતમાં ૬ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

આ હુમલો રિમોટ કંટ્રોલ ઈમ્પ્રોવાઇઝ એક્સપ્લોસિવ ડિવાઈસ દ્વારા કર્યો

## બલુચિસ્તાનમાં હુમલો, IED બ્લાસ્ટ માં ૧૦ પાકિસ્તાની સૈનિકોનાં મોત

। (એજન્સી) લાહોર તા.૨૬ ।

બલુચિસ્તાનમાં પાકિસ્તાની સેના ઉપર મોટો હુમલો થયો હતો. બલૂચ લિબરેશન આર્મીએ ક્વેટા નજીક માર્ગટ વિસ્તારમાં પાકિસ્તાની સેના પર હુમલો કરીને ૧૦ સૈનિકોને ઠાર કર્યાનો દાવો કર્યો હતો. આ હુમલો રિમોટ કંટ્રોલ ઈમ્પ્રોવાઈઝ એક્સપ્લોસિવ ડિવાઈસ દ્વારા કર્યો, જેમાં સેનાના વાહનો તબાહ થયા હતા.આ વિસ્તાર લાંબા



સમયથી બલૂચ વિદ્રોહીઓની ગતિવિધિનું કેન્દ્ર રહ્યું છે. હુમલાને લઈ પાકિસ્તાની સેના તરફથી હાલ કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. બલૂચ લિબરેશન આર્મી છેલ્લા થોડા સમયથી બલૂચિસ્તાનની આઝાદીની માંગને લઈ સંઘર્ષ કરી રહી છે.શુક્રવારે મોડી રાત્રે જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું કે, જે વાહનને ટાર્ગેટ કરવામાં આવ્યું તે આ હુમલામાં સંપૂર્ણ રીતે નાશ થઈ ગયું છે. આ હુમલામાં પાકિસ્તાનના ૧૦ સૈનિકોનું મોત થયું હતું. બલૂચ લિબરેશન આર્મીએ એક વીડિયો જાહેર કર્યું, જેમાં વિસ્ફોટ અને તે બાદની હાલતના ફૂટેજ છે.

ભારતીય સેના એક્શન મોડમાં

## પાકિસ્તાને બીજા દિવસે પણ સરહદ પર ગોળીબાર કર્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે આતંકવાદ સામેની લડાઈ વધુ તીવ્ર બનાવી દીધી છે. જ્યારે જળશક્તિ મંત્રી સાથે બેઠક યોજ્યા બાદ ગૃહમંત્રી અમિત શાહે નિર્ણય લીધો છે કે સિંધુ નદીનું એક પણ ટીપું પાણી પાકિસ્તાનમાં નહીં જાય. તેની બાદ પાકિસ્તાનના નેતાઓ પાયાવિહોણા નિવેદનો આપી રહ્યા છે. વૈશ્વિક સ્તરે અમેરિકા સહિત તમામ દેશોએ આ આતંકવાદી હુમલાની નિંદા કરી છે.જ્યારે બીજી તરફ પાકિસ્તાની સેનાએ સતત બીજા દિવસે સરહદ પર ગોળીબાર કર્યો. આ પહેલા પણ ગુરુવાર અને શુક્રવારની રાત્રે પાકિસ્તાન તરફથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેનો ભારતીય સેનાએ યોગ્ય જવાબ આપ્યો હતો.પહેલગામ હુમલા બાદ ભારતીય સેના પણ એક્શન મોડમાં આવી છે.

## કાળઝાળ ગરમી વચ્ચે ટ્રાફિક પોલીસને હવે મળશે રાહત

। (એજન્સી) લખનૌ, તા.૨૬ ।

હવેની ગરમી ઉત્તર પ્રદેશના ટ્રાફિક પોલીસની કાર્યક્ષમતાને અસર કરી શકશે નહીં. કાળઝાળ ગરમીથી બચવા માટે ૧૦૦ ટ્રાફિક પોલીસને 'એસી હેલ્મેટ' આપ વામાં આવ્યા છે. જણાવી દઈએ કે, હેલ્મેટમાં નાનું એસી લગાવવામાં આવ્યું છે જે બેટરીથી ચાલે છે. આનાથી માથે ઠંડક રહે છે અને તાપમાન ૧૦ થી ૧૫ ડિગ્રી ઓછું થઈ જાય છે.

આ હેલ્મેટની કીમત ૧૪,૦૦૦ રૂપિયાની આસપાસ છે.ડીસીપી ટ્રાફિક અભિષેક અગ્રવાલે જણાવ્યું છે કે, આગ્રામાં ગરમીનું તાપમાન ૪૫ થી ૪૭ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. આ ગરમીથી બચવા માટે ટ્રાફિક પોલીસને 'એસી હેલ્મેટ' આપવામાં આવ્યા છે. બીજું કે, ડયુટી સ્થળ પર પીવાના પાણીનું આયોજન પણ કરવામાં આવ્યું છે. 'એસી હેલ્મેટ'માંથી ઠંડી હવા આવે છે અને આ એસી બેટરીના ઉપયોગથી ચાલે છે. બેટરીને કમરના ભાગે પહેરવાની હોય છે. જણાવી દઈએ કે, આ બેટરી ૮ થી ૧૦ કલાક સુધી કામ કરે છે. જો બેટરી પૂરી થવાના આરે આવે ત્યારે તેમાં લાલ લાઈટ ચાલુ થઈ જાય છે. આ હેલ્મેટનું વજન ૨૦૦ થી ૨૫૦ ગ્રામ જેટલું હોય છે. આ સિવાય હેલ્મેટના આગળના ભાગે એક શીટ લગાડવામાં આવે છે, જે આપણી આંખોને તડકાથી બચાવે છે.

ઉત્તર પ્રદેશમાં ગરમીનું તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જો કે, મૌસમ વિભાગના મત મુજબ રવિવારથી ગરમીમાં રાહત જોવા મળશે. બીજું કે, મંગળવારથી આંશિક રૂપે વાદળછાયું વાતાવરણ છવાશે તેવી સંભાવના છે. ટૂંકમાં જોઈએ તો, દિવસનું તાપમાન ૪૦ ડિગ્રી કે તેનાથી નીચું જવાની શક્યતા છે.

## ભારતે સ્ક્રેમજેટ એન્જિનનું સફળ ટેસ્ટિંગ કરતાં વિશ્વ આખું ચોંક્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

પહેલગામમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી હુમલો થયા પછી ભારતમાં ભારેલા અગ્નિ સમાન સ્થિતિ છે, પાકિસ્તાન પ્રત્યે લોકો ફિટકાર વરસાવી રહ્યા છે. આવા માહોલમાં ભારતની સૈન્ય શક્તિ અનેકગણી વધી જાય એવી સિદ્ધિ 'સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન' (DRDO - ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) દ્વારા મેળવવામાં આવી છે. અને આ સિદ્ધિ છે અત્યંત ઝડપી મિસાઈલો વિકસાવવામાં મદદરૂપ થાય એવા એન્જિનના પરીક્ષણમાં સફળતા મેળવવી! ભારતે ૧,૦૦૦ સેકન્ડથી વધુ સમય માટે સ્ક્રેમજેટ એન્જિન નામના ખાસ પ્રકારના એન્જિનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. આ સફળતા આધુનિક શસ્ત્રો બનાવવાની ટેક્નોલોજીમાં ભારતની પ્રગતી દર્શાવે છે. ૨૫ એપ્રિલના રોજ હાંસિલ કરાયેલી આ સિદ્ધિ હ્રઈર્હ્ર ની હૈદરાબાદ સ્થિત પ્રયોગશાળા 'સંરક્ષણ સંશોધન અને વિકાસ પ્રયોગશાળા' (DRDL - ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી), વિવિધ કંપનીઓ અને કોલેજો વચ્ચેના સહયોગનું પરિણામ છે. હૈદરાબાદમાં નવી બનેલી અત્યાધુનિક 'સ્ક્રેમજેટ કનેક્ટ ટેસ્ટ ફેસિલિટી' (SCPT) ખાતે ૧૦૦૦ સેકન્ડથી વધુ સમય સુધી સક્રિય રીતે ઠંડા કરાયેલા 'સ્ક્રેમજેટ સબસ્કેલ કમ્બસ્ટર'નું ગ્રાઉન્ડ ટેસ્ટિંગ સફળતાપૂર્વક કરાયું હતું.

'હાઈપરસોનિક ક્રુઝ મિસાઈલો' (HCM) એવા શસ્ત્રો છે જે અવાજની ગતિ કરતા પાંચ ગણી (૬,૧૦૦ કિમી પ્રતિ કલાકથી વધુ) ઝડપે લાંબા અંતર સુધી ઉડી શકે છે. આ મિસાઈલો ખાસ એન્જિન દ્વારા સંચાલિત થતાં હોય છે, એવા એન્જિનો જે હવામાં હાજર ઓક્સિજનનો ઉપ યોગ કરીને ચાલે છે.

આગામી 3 જુલાઈ, ૨૦૨૫થી અમરનાથ યાત્રા શરૂ

## પીયૂષ ગોયલે અમરનાથ યાત્રાના સુગમ સંચાલનની ખાતરી આપી

। (એજન્સી) જમ્મુ, તા.૨૬ ।

પહલગામમાં ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થયેલા આતંકવાદી હુમલાએ દેશભરમાં ચકચાર મચાવી દીધી છે. આ હુમલામાં બે વિદેશી પ્રવાસીઓ સહિત ૨૬ લોકોના મોત થયા હતા. જેના કારણે જમ્મુ કશ્મીર ભરવા જતા યાત્રીઓમાં ભયનો માહોલ ઉભો કર્યો છે જેની અસર આગામી અમરનાથ યાત્રા પડી શકે છે. આ ઘટનાથી પ્રવાસન ઉદ્યોગને પણ મોટો ફટકો પડ્યી શકે છે. હાલના આયોજન મુજબ આગામી ૩ જુલાઈ, ૨૦૨૫થી અમરનાથ યાત્રા શરૂ થવાની છે. જેના માટે નોંધણી ૧૫ એપ્રિલે SBI, PNB, J&K બેંક અને યસ બેંક સહિતની મુખ્ય બેંકોની ૫૩૩ શાખાઓ પર શરૂ થઈ હતી. ૪૩ દિવસની આ યાત્રા પહેલગામ (અનંતનાગ) અને બાલતાલ (ગંદરબલ) રૂટ દ્વારા કરવામાં આવશે અને ૯ ઓગસ્ટ (રક્ષા બંધન) ના રોજ પૂર્ણ થશે. અમરનાથ યાત્રા પર સીધી અસરઃ આ અમરનાથ યાત્રાના મુખ્ય માર્ગોમાં જ્યાં આંતકી હુમલો થયો તે પહલગામનો પણ સમાવેશ થાય છે. આ હુમલો બૈસરણ મેદાનમાં થયો હતો, જે યાત્રાના રૂટની નજીક આવેલું છે. આ ઘટનાને પગલે યાત્રા માટે નોંધણીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. મોટા મોટા શહેરોમાં યાત્રા માટે જરૂરી હેલ્થ સર્ટિફિકેટ મેળવવા આવતા લોકોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે.

મહારાષ્ટ્ર સરકાર આવી એક્શનમાં

## દુકાનદારોને હનુમાન ચાલીસા નથી આવડતી તો તેના ત્યાંથી માલ સામાન ન ખરીદો

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલ આતંકી હુમલાએ સમગ્ર દેશને શોકમાં નાખી દીધું છે, જેને લઈને હિન્દુસ્તાનની સરકારમાં અને જનતામાં આક્રોશ ફેલાયો છે. મોદી સરકાર દ્વારા હાલમાં સિંધુ જળ સંધિ રદ કરવામાં આવી છે અને એવામાં હવે મહારાષ્ટ્ર સરકાર પણ એક્શનમાં આવી ગઈ છે. મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેએ એલાન કર્યું કે, હિંદુઓ હવે કોઈ પણ વસ્તુ ખરીદે તે પહેલા જાણી લે કે દુકાનદારનો ધર્મ કયો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, જો દુકાનદારને હનુમાન ચાલીસા ન આવડે તો તેના ત્યાંથી માલ ખરીદવાની જરૂર નથી. સમગ્ર મામલો એમ છે કે, રત્નાગિરીમાં એક સભાને સંબોધતા મંત્રી રાણેએ કહ્યું કે, આતંકવાદીઓએ આપણી જનતાને મારતા પહેલા ધર્મ વિશે પૂછ્યું હતું. બસ આ બાબતને આપણે ધ્યાન રાખીએ અને હવે માલ સામાન ખરીદતા પહેલા દુકાનદારને પૂછીએ કે તેને હનુમાન ચાલીસા આવડે છે કે નહી. જો દુકાનદાર એમ કહે છે કે, તે હિંદુ છે તો તેની પાસેથી હનુમાન ચાલીસા બોલાવવામાં આવે. જો દુકાનદારને હનુમાન ચાલીસાનો પાઠ નથી ખબર તો તેની પાસેથી કોઈ જ માલ ખરીદવો નહી. નિતેશ રાણેએ વધુમાં કહ્યું કે, આતંકવાદીઓ જો ધર્મ પૂછીને આપણી સાથે આવો ખરાબ વ્યવહાર કરી શકે છે તો પછી આપણે શું કામ તેમની પાસેથી માલ સામાન ખરીદીએ? શું કામ આપણે તેઓને અમીર બનાવીએ?

નવ શ્રમિકોના ચીથરાં ઊડી ગયાનો દાવો

## સહારનપુરના દેવબંદમાં એક ફટાકડાંની ફેક્ટરીમાં વિસ્ફોટ

। (એજન્સી) સહારનપુર, તા.૨૬ ।

સહારનપુરના દેવબંદમાં એક ફટાકડાંની ફેક્ટરીમાં ભયાવહ વિસ્ફોટ થયો છે. જેમાં આખી બિલ્ડિંગ ધ્વસ્ત થઈ હતી. વિસ્ફોટ સમયે ફેક્ટરની અંદર નવ શ્રમિકો કામ કરી રહ્યા હતાં. તે તમામના ચીથરાં ઉડી ગયા હોવાની આશંકા છે. જો કે, હજી સત્તાવાર ધોરણે મૃતકોની કોઈ ખાતરી થઈ નથી. નિહાલ ખેડી ગામમાં ફટકડાંની ફેક્ટરીમાં શનિવારે સવારે અચાનક પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જેનો અવાજ બે કિમી દૂર સુધી સંભળાયો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી છે. આ દુર્ઘટનામાં ભોગ બનનારાના પરિજનોએ રોષ વ્યક્ત કરતાં રસ્તા પર દેખાવો કર્યા હતા. તેમણે આરોપ મૂક્યો હતો કે, આ ફેક્ટરી ગેરકાયદે ચાલી રહી હતી. પોલીસે જણાવ્યા પ્રમાણે, દુર્ઘટના સમયે ફેક્ટરીમાં નવ લોકો કામ કરી રહ્યા હતા. આ દુર્ઘટના સ્થળે માનવ શરીરના ચીથરાં જોવા મળ્યા છે. ઘણાના હાથ-પગ છૂટા પડી ગયા છે. અમુક લોકો ફેક્ટરીની બિલ્ડિંગના કાટમાળ નીચે દબાયા હોવાની પણ આશંકા છે. દુર્ઘટના એટલી ભીષણ હતી કે, અમુક લોકોના શરીરના ટૂકડાં આશરે ૨૦૦ મીટર દૂર સુધી જોવા મળ્યા હતા. ગેરકાયદે ધમધમી રહેલી ફટાકડાંની ફેક્ટરીમાં વિસ્ફોટના બનાવો છેલ્લા ઘણા સમયથી વધ્યા છે. અગાઉ ગુજરાત અને પશ્ચિમ બંગાળમાં પણ ગેરકાયદે ચાલી રહેલી ફટકાડાંની ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો.



આતંકી હુમલા વખતે જમ્મુ-કાશ્મીરમાં ફસાયેલા ૨૦ લોકો વડોદરા પહોંચ્યા, ભાવુક દ્રશ્યો સર્જાયા.

## ન્યૂઝ બ્રિફ

### તાંદલજાના સંતોષ નગરમાં સસ્તા અનાજની દુકાનમાં મોડી રાત્રે ચેકિંગ

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ તાંદલજા ખાતે સંતોષ નગરમાં આવેલી સસ્તા અનાજની સરકારી દુકાન પર મહેસાણા પુરવઠા વિભાગની ટીમે મોડી રાત્રે ચેકિંગ શરૂ કરતા અનાજના જથ્થા સહિત જરૂરતમંદોને આપેલા અનાજ-કઠોળના અનેક ગેરરીતિઓ હોવાની આશંકા સિવાય રહી છે. તાંદલજા વિસ્તારમાં સસ્તા અનાજની આ દુકાન સૌથી મોટી હોવાનું માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે તાંદળજા વિસ્તારના સંતોષ નગરમાં સસ્તા અનાજની દુકાન સૌથી વધુ ગ્રાહકો ધરાવતી હોવાનું કહેવાય છે. આ દુકાન સંચાલક દ્વારા અનાજનો પુરવઠો જરૂરત મંદોને અનિયમિત રીતે મળતો હોવાની વારંવાર ફરિયાદો ઉઠી હોવાનું સ્થાનિકોનું કહેવું છે. આ ફરિયાદોના આધારે મહેસાણા પુરવઠા વિભાગની ટીમે ગઈ રાત્રે અચાનક દરોડો પાડયો હતો. જેમાં અનાજનો પુરવઠો અને સ્ટોક પત્રકમાં ગેરરીતિઓ હોવાનું કહેવાય છે. આ ઉપરાંત ગ્રાહકોને પણ પ્રતિ માસ અપાતો અનાજનો જથ્થો પણ નિયમિત રીતે મળતો નહીં હોવાની ફરિયાદો ઉઠી હતી.

### સુરતમાં કરોડો રૂપિયાના વીમો પકવવાના કૌભાંડનો પર્દાફાશ

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતમાં પીપી સવાણી અને ડાયમંડ હોસ્પિટલમાં હાર્ટએટેકનાં ખોટા રિપોર્ટ જનરેટ કરી રૂપિયા ૫ કરોડનું વીમો પકવવાનું રેકેટ ઝડપ ાયું છે. હોસ્પિટલનાં ડોક્યુમેન્ટ્સનું ક્રોસ વેરિફિકેશન કરતાં ભાંડો ફૂટ્યો છે. સુરતની કાપોદ્રા પોલીસે બે મહિલા સહિત ૧૦ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. સુરતમાં પીપી સવાણી અને ડાયમંડ હોસ્પિટલમાં કરોડો રૂપિયાનું વીમો પકવવાનું કૌભાંડ સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. હાર્ટએટેકના ખોટા રિપોર્ટ જનરેટ કરી કરોડો પડાવ્યા છે. વીમો પકવવા પીપી સવાણી અને ડાયમંડ હોસ્પિટલના નામે ખેલ ખેલાયો છે. ખોટા રિપોર્ટ થકી રૂપિયા ૫ કરોડનો વીમો પકવવાનું રેકટ ઝડપાયું છે. ખોટા રિપોર્ટ, ખોટા સિક્કા અને તબીબોની સહીઓ પણ બોગસ નીકળતાં કૌભાંડનો પર્દાફાશ થયો છે. વીમા કંપનીએ દર્દીઓના ડોક્યુમેન્ટ્સનું ક્રોસ વેરિફિકેશન કરતા કૌભાંડ બહાર આવ્યું છે. તપાસમાં સામે આવ્યું હતું કે, દર્દીઓએ હૃદય રોગના લક્ષણો સાથે માત્ર પ્રાથમિક સારવાર લીધી હતી. ખોટા રિપોર્ટ જનરેટ કરી રૂપિયા ૫.૫૨ કરોડ ઉસેટી લેવાનો પ્લાન વીમા કંપનીએ નાકામ કર્યો છે. ૫ વીમા કંપની પાસે ખોટા રિપોર્ટ દ્વારા ક્લેમ કરવામાં આવ્યો હતો. વીમા કંપનીએ ડોક્યુમેન્ટનું વેરિફિકેશન કરતા ભાંડો ફૂટ્યો હતો. ૧૦ પૈકી ૮ દર્દી હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં મળી આવ્યા હતા. સુરતની કાપોદ્રા પોલીસે બે મહિલા સહિત ૧૦ સામે ગુનો નોંધ્યો છે. નવેમ્બરથી જાન્યુઆરી સુધીમાં ડાયમંડ હોસ્પિટલમાં સારલાર લઈ ચુકેલા ૪ દર્દીઓએ ૧ કરોડ, ૫૦ લાખ, ૪૯.૫૦ લાખના વીમા ક્લેમ કર્યા હતા.

શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ નિવેદન આપ્યું

# કશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરો, શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી

### આતંકવાદીઓએ ધર્મનો આશરો લઈને જ એક વિશેષ ધર્મના લોકોને લક્ષ્યમાં રાખીને તેમની હત્યા કરી છે

। (એજન્સી) દ્વારકા, તા.૨૬ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ગત ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૩ ગુજરાતી સહિત ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા. આ ઘટનાને લઈને દેશવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે ગુજરાતના દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ પહલગામની ઘટનાને લઈને આક્રોશ સાથે દુઃખ વ્યક્ત કર્યુ હતું. આતંકી હુમલાને લઈને 'કશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરો...' તેવુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ નિવેદન આપ્યું હતું.



દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ પહલગામ આતંકી હુમલા મામલે કહ્યું હતું કે, 'આતંકવાદીઓએ ધર્મનો આશરો લઈને જ એક વિશેષ ધર્મના લોકોને લક્ષ્યમાં રાખીને તેમની હત્યા કરી છે. આતંકવાદને ધર્મની સાથે જોડવામાં આવે છે. આતંકવાદીઓનું તો એક જ કર્તવ્ય છે કે હત્યા કરો. ત્રેતા યુગમાં રાવણનો આ ધર્મ હતો, દ્વાપરમાં કંસનો આ ધર્મ હતો. જ્યારે કલયુગમાં આતંકવાદીઓ રાવણ અને કંસના રૂપમાં આપણી રાષ્ટ્રીયતાને નુકસાની પહોંચાડી રહ્યા છે. એકજૂથ થવાની આવશ્યક્તા છે. '

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણા દેશની ત્રણેય સેના એટલી શસક્ત છે કે, યુદ્ધ કરવાની કોઈની હિંમત નથી. આવા પ્રકારના આતંકી હુમલામાં આપણી એકતા જ તેનો ઉત્તર છે. આમ તમામ હિન્દુએ રાજનીતિથી ઉપર ઊઠીને એક થવું જોઈએ. આપણને સ્વતંત્રતાનો અધિકારી છે, ત્યારે ધર્મ પાલનની પણ સ્વતંત્રતા પણ હોવી જોઈએ. જ્યારે મુસ્લિમોએ હાલ આતંકવાદ વિરૂદ્ધમાં બોલીને પોતાની ભારતીયતા સિદ્ધ કરવી જોઈએ. કશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરો.

ભાવનગરનો ચોંકાવનારો મામલો

# ૭ ગુનાના આરોપીએ પોલીસ સ્ટેશનમાં જ ઝેરી દવા ગટગટાવતાં મોત થયુ

। (એજન્સી) ભાવનગર, તા.૨૬ ।

ભાવનગર શહેર અને જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૯ અને અન્ય જિલ્લાના મળી કુલ ૧૧થી વધુ ગુનાના આરોપી તથા શહેરના સુભાષનગર, ઘોઘા જકાતનાકા વિસ્તારમાં રહેતા ખુશાલ ઉર્ફે જીગર ભરતભાઈ માળીએ ઝેરી દવા પી લેતાં તેનું સારવારમાં મોત નિપજતાં મૃતકના પરિવારે ભાવનગર પોલીસના ત્રાસથી આપઘાત કર્યાનો આક્ષેપ કર્યો છે. મૃતકના માતાએ ગંભીર આક્ષેપ અને દાવા સાથે જણાવ્યું કે, તેના પુત્રને ગુનાના કામે ભાવનગર એલસીબી કચેરીએ બોલાવાયો હતો જયાં પોલીસ દ્વારા નાણાંની માંગ કરાતા તેમના પુત્રએ દવા પી લીધી હતી અને બે દિવસની ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું છે. જવાબદારો સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈંકાર કર્યો છે. જેને લઈ મામલો ગરમાયો છે. બીજી તરફ, ભાવનગર પોલીસે તેના પર થયેલાં આક્ષેપો ફગાવી દીધા હતા અને તેના પર પ્રોહીબિશનના સાત-સાત ગુના હોય, ગુનાના કામે બોલાવતાં તેણે દવા પી લીધી હતી. જો કે ખુદ પોલીસ જ તેને સારવારમાં લઈ ગઈ હતી.

AMC દ્વારા વોટ્સએપ સર્વિસ ચાલુ કરવામાં આવી

# વોટ્સએપ પર ફોટો-વીડિયો મોકલીને AMTS અંગે ફરિયાદ કરી શકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા સંચાલિત એએમટીએસ બસોની રોજે રોજ તંત્રને ફરિયાદો મળતી હોય છે.પરંતુ તેનું કોઈ નિરાકરણ આવતુ નથી. હવે મુસાફરો દ્વારા કરવામાં આવેલી ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ આવે તે માટે છસ્ઝ દ્વારા વોટ્સએપ સર્વિસ ચાલુ કરવામાં આવી છે. કોઈપણ મુસાફર વોટ્સએપ પર ફોટો અને વીડિયો મોકલીને એએમટીએસને લગતી ફરિયાદો કરી શકશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા સંચાલિત એએમટીએસની બસો અંગે મુસાફરો રોજે રોજ કોઈના કોઈ મુદ્દે ફરિયાદો કરતાં હોય છે. ડ્રાઈવર અને કંડક્ટરની દાદાગીરી હોય કે, બસ દ્વારા કરાયેલો અકસ્માત હોય, બસના ટાઈમિંગ અંગેની ફરિયાદો હોય આવી અનેક ફરિયાદો એએમટીએસના તંત્રને મળતી હોય છે. મુસાફરો દ્વારા કરવામાં આવતી ફરિયાદોનો તાત્કાલિક નિકાલ નહીં આવવાથી તંત્ર પ્રત્યેનો વિશ્વાસ ઘટવા લાગ્યો હતો. જેથી તંત્ર દ્વારા હવે આ માટે એક સુવિધા શરૂ કરી છે. અમદાવાદમાં એએમટીએસ બોર્ડ દ્વારા એક વોટ્સએપ સર્વિસ શરૂ કરવામાં આવી છે. જેમાં બે નંબરો જાહેર કરવામાં આવ્યાં છે. આ નંબરો પર મુસાફરો ફરિયાદ કરી શકશે. એએમટીએસને લગતી કોઈ પણ ફરિયાદ હોય તેનો ફોટો કે વીડિયો વોટ્સએપ દ્વારા મોકલીને ફરિયાદ કરી શકશે. અગાઉ કોઈપણ વ્યક્તિને ફરિયાદ હોય તો પહેલા કંટ્રોલમાં કોલ કરવો પડતો અને બાદમાં બીજા દિવસે જે તે બસમાં રૂટનો સમય હોય એ ટાઈમ પર સ્થળ પર જઈ તપાસ કરવી પડતી હતી. પરંતુ હવે વોટ્સ એપમાં કોઈ ફોટો કે વીડિયો મોકલશે તો ત્વરિત તેને લઈને કાર્યવાહી કરવામાં આવશે.સેન્ટ્રલ સ્ટેશનથી નજીકનો ડેપો કે ટર્મિનસ હશે.

PGVCLએ ૪.૭૪ લાખ વીજ જોડાણની કરી તપાસ

# કચ્છ-સૌરાષ્ટ્રમાંથી રૂ.૨૭૧ કરોડની વીજ ચોરી ઝડપાઈ

। (એજન્સી) કચ્છ, તા.૨૬ ।

ગુજરાતમાં વીજ ચોરીની કેટલીક ઘટનાઓ સામે આવતી હોય છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ એ પોલીસની ટીમ સાથે રાખીને ગત નાણાકીય વર્ષ એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ દરમિયાન કચ્છ-સૌરાષ્ટ્રના વિવિધ ગામડાંઓ-વિસ્તારોમાં ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં PGVCLએ ૨૭૧.૦૧ કરોડ રૂપિયાની વીજ ચોરી પકડી હોવાનું સામે આવ્યું છે.

કચ્છ-સૌરાષ્ટ્રના ગામડાંઓ-વિસ્તારોમાં PGVCLની વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરો અને વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેરો સહિતની ટીમ દ્વારા એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ દરમિયાન કુલ ૪,૭૪,૩૪૭ વીજ જોડાણોનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી કુલ ૬૩,૧૯૮ વીજ જોડાણોમાં વીજ ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. આમ અંદાજીત રકમ રૂ.૨૭૧.૦૧ કરોડની ચોરી થઈ હતી. મળતી માહિતી મુજબ, ગત નાણાકીય વર્ષમાં ૧ કરોડથી વધુ રૂપિયા પાવરચોરીનું બિલ આવ્યું હોય તેવા પાંચ ગ્રાહકો મળી આવ્યા હતા. જેમાં ગોંડલ તાલુકાના શેમળા ગામમાં સ્પિનિંગ મિલના મીટરમાં ચેડા કરીને રૂ.૨.૪૧ કરોડ, કાનેર તાલુકાના લક્કડધાર ગામના ટાઈલ્સના યુનિટમાં મીટરમાં ચેડા કરીને રૂ.૨.૧૩ કરોડ, ભચાઉના માનફરા ગામના સિલિકા મેન્યુફેક્ચરિંગ યુનિટના વીજ જોડાણમાં મીટર બાયપાસ કરીને રૂ.૧.૬૫ કરોડ, ટંકારા તાલુકાના વાઘગઢ ગામમાં ઓઈલ ઈન્ડ.ના ઔદ્યોગિક હેતુના યુનિટમાં ટર્મિનલ સીલ સાથે ચેડા કરીને રૂ.૧.૧૬ કરોડ અને કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ ગામના એન્જિનિયરીંગ વર્ક્સ યુનિટમાં મેગ્નેટનો ઉપયોગ કરીને રૂ.૧.૧૫ કરોડની વીજ ચોરી કરવામાં આવી હોવાનું માલુમ પડ્યું હતું.

# બોપલમાં ૨ વ્યકિતને કાર પર ૧૦ ફૂટ ઢસડનાર નબીરો ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદમાં અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. વાહનચાલકો બેફામ બની રહ્યા છે. ત્યારે અમદાવાદના બોપલમાં બનેલી ઘટનના જોઈ તમે પણ હચમચી જશો. એક કાર પુરપાટે આવી પાછળથી બે લોકોને ઉલાળીને ઢસડ્યા હતા. જેથી તેમને ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડ્યા છે. અકસ્માત સર્જી કારચાલક ફરાર થઈ ગયો હતો. જે આરોપી હાર્દિકસિંહ વાઘેલાની પોલીસે ધરપકડ કરી છે,આરોપી એક ખાનગી કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતો છે.

અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં આવેલા vip રોડના મેરીગોલ્ડ એપાર્ટમેન્ટ પાસેથી કારે પગપાળા જઈ રહેલા બે રાહદારી શરદ અને અમોલ ને અડફેટે લઈ ૧૦ ફૂટ ફંગોળ્યા હતા. આ બંને યુવક મહારાષ્ટ્રથી એક કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા. આ દરમિયાન તેઓ ચાલતાં જઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા કાર ચાલકે બેફામ ગતિએ ગફલતભરી કાર હંકારી અકસ્માત સર્જ્યો છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી...જો કે અકસ્માતમાં બન્ને યુવકોને ઈજાઓ થઈ છે મોટી જાનહાની થતા અટકી હતી.

જોકે હાલ પોલીસે સીસીટીવીને આધારે આરોપીની ધરપકડ ગણતરીના કલાકોમાં કરી લીધી છે અને જેલ હવાલે ધકેલી દીધો છે નોંધનીય છે કે અકસ્માત થાય ત્યારે પોલીસ તંત્ર સફાળું જાગે છે અને ઠેર ઠેર ટ્રાફિક નિયમો સમજાવવા માટે પોલીસ તંત્ર મેદાને આવે છે અને કાર્યવાહી કરવાની વાતો કરવામાં આવે છે પરંતુ શહેરમાં અકસ્માતોનો સિલસિલો હજી યથાવત જ રહ્યો છે ત્યારે શહેરમાં જો ઠોસ કાર્યવાહી થતી હોત તો કદાચ અકસ્માતોની સંખ્યા ઘટી હોત.

જેની સામે અગાઉ પણ આવા પાંચ ગુના નોંધાઈ ચૂક્યા છે

# નકલી પોલીસ બની વેપારી પાસેથી ૧.૫૭ લાખ પડાવનાર શખ્સ ઝડપાયો

### હુસેન હારુન ભગાડને પોલીસે જેલમાંથી કબજો મેળવી રિમાન્ડ પર લીધો

। (એજન્સી) જામનગર, તા.૨૬ ।

જામનગર શહેરના નવી વાસ વિસ્તારમાં રહેતા કટલરીના એક વેપારીને એસ.ઓ.જી.ના રાઈટર તરીકેની ખોટી ઓળખ આપી તેની પાસેથી કટકે કટકે એક લાખ સતાવન હજારની રકમ પડાવી લેવાની ઘટના સામે આવી છે. આ અંગે નકલી પોલીસ સામે ફરિયાદ નોંધાવાયા બાદ પોલીસની તપાસમાં સલાયાના એક શખ્સને દબોચી લેવામાં આવ્યો છે. જે હાલ જામનગરની જિલ્લા જેલમાં હોવાથી તેનો કબજો મેળવી લઈ રિમાન્ડ પર લેવા કાર્યવાહી હાથ ધરાઈ છે. જેની સામે અગાઉ પણ આવા પાંચ ગુના નોંધાઈ ચૂક્યા છે. જામનગરમાં નવી વાસ વિસ્તારમાં રહેતા અને કટલરીનો વેપાર કરતાં મોહમ્મદ રિયાન ઈમ્તિયાઝભાઈ શેખ નામના ૧૯ વર્ષના યુવાને પોતાની સાથે જામનગર એસ.ઓ.જી. અધિકારીના રાઈટર તરીકેની ખોટી ઓળખ આપી પોતાની પાસેથી કટકે કટકે ૧.૫૭ લાખની રોકડ રકમ પડાવી લેવાની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરીયાદી યુવાન મોહમ્મદભાઈ શેખના મામા કે જેઓ છેલ્લા ૧૦ માસથી ડ્રગ્સ અંગેના કેસમાં જામનગરની જિલ્લા જેલમાં છે. જેને જેલમાં જઈને મદદ કરવા અંગે તેમ જ પોતાના મામા સાથે આ કેસમાં સંડોવાયેલા છે. તેમાં તેનું નામ કઢાવી નાંખવા અંગે અજાણ્યા શખ્સ દ્વારા ફરિયાદી પાસે પૈસાની માંગણી કરાઈ હતી.

જેથી ફરીયાદી મોહમ્મદ રિયાને જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં મોબાઈલ નંબરના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદ બાદ દરબારગઢ પોલીસ ચોકીના સ્ટાફે તપાસ કર્યા બાદ આરોપી નકલી પોલીસને શોધી કાઢ્યો હતો. જે આરોપી સલાયાનો રહેવાસી હોવાનું અને તેનું નામ સબીર હુસેન હારુન ભગાડ હોવાનું ધ્યાનમાં આવ્યો હતું. જે આરોપી હાલ જેલમાં હોવાથી પોલીસે તેનો જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી કબજો સંભાળ્યો હતો અને તેને રિમાન્ડ પર લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન પોતે નકલી પોલીસ બનીને આવા અગાઉ પાંચેક ગુનાને અંજામ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. તેની સામે જામનગરના સીટી એ અને સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં અગાઉ બે ગુના નોંધાઈ ચૂક્યા છે. જ્યારે કલ્યાણ પુર, ખંભાળિયા અને ભાણવડમાં પણ આવા અન્ય ત્રણ ગુના નકલી પોલીસ તરીકેના નોંધાઈ ચૂક્યા છે. જે આરોપીની દેવભૂમિ દ્વારકા જિલ્લાની પોલીસે થોડા દિવસો પહેલા અટકાયત કર્યા બાદ તેને જેલ હવાલે કરાયો હતો.

ટેકનોલોજી અધિનિયમ હેઠળ છેતરપિંડીનો કેસ નોંધ્યો

# ગાંધીનગરની IT કંપનીનો મેનેજર ડેટિંગ એપ પર સાયબર ફ્રોડનો થયો શિકાર

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

ગાંધીનગરની એક પ્રતિષ્ઠિત IT કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજરે ડેટિંગ એપ દ્વારા કરવામાં આવેલા સાયબર છેતરપિંડીમાં કથિત રીતે રૂપિયા ૩૧ લાખ ગુમાવ્યા હતા. પીડિત કે જે સાથી અને વધારાની આવકની શોધખોળમાં હતો, દરમિયાન બેંગલોરમાં રહેતી એક મહિલાએ યુવકનો સંપર્ક કર્યો હતો જે પોતાને રોકાણકાર હોવાનો દાવો કરતી હતી. ગયા વર્ષે એપ્રિલ ૨૦૨૪ માં બંને ડેટિંગ એપ પર જોડાયા. પોતાને શિરીન તરીકે ઓળખાવતી મહિલાએ યુવકને મેસેજ કરવાનું શરૂ કર્યું. મહિલાએ ટૂંક સમયમાં તેને રોકાણ દ્વારા પૈસા કમાવવામાં મદદ કરવાની ઓફર કરી અને એપ ડાઉનલોડ સાથે ટ્રેડિંગ વેબસાઈટની લિંક પણ શેર કરી. ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ શિરીને પહેલા તે વ્યક્તિને બાયબિટ વોલેટમાં ૨,૯૦૦ USDT (લગભગ રૂપિયા ૨.૪૫ લાખ) રોકાણ કરવા કહ્યું હતું. એપ્રિલથી જૂન ૨૦૨૪ સુધીના બે મહિના દરમિયાન તેણીએ તેને ટેલિગ્રામ દ્વારા શેર કરાયેલા વિવિધ બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૨૮.૫૯ લાખ ટ્રાન્સફર કરવા માટે સમજાવ્યા હતા. બાદમાં વ્યક્તિએ કુલ રૂપિયા ૩૧.૦૪ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જ્યારે સમય જતાં તે પોતાના પૈસા ઉપાડી શક્યો ન હતો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તેની સાથે છેતરપિંડી થઈ છે. પોલીસે ભારતીય દંડ સંહિતા અને માહિતી ટેકનોલોજી અધિનિયમ હેઠળ છેતરપિંડીનો કેસ નોંધ્યો છે. સૂત્રો મુજબ હતું કે આ એક નવા છેતરપિંડીના વલણનો એક ભાગ છે જ્યાં ગુનેગારો વિશ્વાસ મેળવવા માટે ડેટિંગ એપ્સનો ઉપયોગ કરે છે અને પછી પીડિતોને રોકાણ કૌભાંડોમાં ફસાવે છે. ચોંકાવનારૂં છે કે પીડિત એક એવી કંપનીમાં કામ કરે છે IT અને સાયબર સુરક્ષા ઉકેલો પ્રદાન કરે છે. પોલીસ વ્યવહારોના સ્ત્રોતની તપાસ કરી રહી છે અને આરોપીઓને ઓળખવા માટે ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ શોધી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ગરમીમાં સ્કિન ટેનિંગથી થાકી ગયા છો? આ સરળ ઘરેલુ નુસખાઓથી સ્કિન ચમકે ચાંદી જેવી!

**ગરમી વધી રહી છે, અને તેની સાથે સ્કિન ટેનિંગની સમસ્યા પણ સતત વધી રહી છે, ઘરમાંથી બહાર નીકળતાં જ ચહેરો અને હાથ કાળો પડી જાય છે**



ગરમીમાં સ્કિન ટેન વધારે થઈ જાય છે. સ્કિન ટેનિંગની સમસ્યા તમે સમયે દૂર કરતા નથી તો વધતી જાય છે. આમ, આ ઘરેલુ નુસખાઓથી સ્કિન મસ્ત થઈ જશે. ગરમીનો પારો સતત વધી રહ્યો છે. આ કારણે સ્વાસ્થ્યથી લઈને ત્વચાની હાલત ખરાબ થઈ જાય છે. ગરમીમાં તમે સ્કિનની કેર વધારે કરતા નથી તો ડેમેજ થઈ જાય છે. આમ, વાત કરવામાં આવે તો ગરમીમાં સ્કિન ટેનિંગની સમસ્યા વધી જાય છે. ટેનિંગને કારણે સ્કિન કાળી પડવા લાગી છે. આમ, તમે પણ સ્કિન ટેનિંગની સમસ્યાથી કંટાળી ગયા છો તો આ ઘરેલુ નુસખાઓ અનેક રીતે કામમાં આવશે. તો જાણો કેવી રીતે ટેનિંગની સમસ્યા દૂર કરશો. બેસન અને દહીં, બેસન અને દહીંની મદદથી તમે સ્કિન ટેનિંગની સમસ્યા દૂર કરી શકો છો. પરંતુ શું તમે જાણો આ પેસ્ટ કેવી રીતે બનાવશો? તો તમને જણાવી દઈએ કે સૌથી પહેલાં એક બાઉલમાં જરૂર મુજબ બેસન અને દહીં લો. ત્યારબાદ આ બંને વસ્તુને મિક્સ કરી દો. હવે આ પેસ્ટને ટેનિંગની જગ્યા પર લગાવો અને ૨૦ મિનિટ માટે રહેવા દો. પછી પાણીથી ધોઈ દો. આમ કરવાથી સ્કિન મસ્ત થઈ જશે. ટેનિંગની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે આ પેસ્ટ તમને કામમાં આવી શકે છે. લીંબુ અને બટાકાની પેસ્ટ સૌથી પહેલાં બટાકાની છાલ કાઢી દો. ત્યારબાદ બટાકાના રસમાં લીંબુનો રસ મિક્સ કરો. બટાકા અને લીંબુમાં મળતા તત્વો ટેનિંગની સમસ્યાને દૂર કરી શકે છે. આ મિક્સરની મદદથી ત્વચા મસ્ત થઈ જશે. એક અઠવાડિયામાં બે વાર તમે આ પેસ્ટ એપ્લાય કરી શકો છો. આ પેસ્ટથી સ્કિન પર પોઝિટિવ અસર જોવા મળશે. આમ, આ પેસ્ટ લગાવતા પહેલાં પેચ ટેસ્ટ કરવો જરૂરી છે. ટેનિંગ રિમૂવ કરવા માટે દહીંનો ઉપયોગ કરી શકો છો. આ સિવાય તમે કાકડીની સ્લાઈસ કરીને પણ સ્કિન પર એપ્લાય કરી શકો છો. પરંતુ ખાસ ધ્યાન એ રાખો કે લીંબુનો રસ ડાયરેક્ટ સ્કિન પર એપ્લાય કરવાનો નથી. ખાસ ધ્યાન એ વાતનું રાખો કે આ પેસ્ટ લગાવતા પહેલાં પેચ ટેસ્ટ કરવો જરૂરી છે. દહીં તમે ખાટુ તેમજ મોળું એમ કોઈપણ લઈ શકો છો. બેસન અને દહીંનો સંયોજન ત્વચા માટે શાંતિદાયક અને પોષણદાયક પેક છે. બેસનમાં રહેલા કુદરતી સ્ક્રબિંગ તત્વો ડેડ સ્કિનને દૂર કરે છે, જ્યારે દહીંમાં રહેલો લેક્ટિક એસિડ ત્વચાને નરમ અને ચમકદાર બનાવે છે. આ પેસ્ટ ખાસ કરીને ચહેરા, ગરદન અને હાથ માટે ખૂબ અસરકારક છે જ્યાં ટેનિંગ વધુ જોવા મળે છે. વધારાની માહિતીઃ જો તમે તેમાં હળદરનો ચપટો ચમચી ઉમેરો તો એ પેક એન્ટિબેક્ટેરિયલ બની જાય છે, જે ત્વચાને ફંગસ અથવા પિમ્પલ્સથી બચાવે છે. બટાકું અને લીંબુ - ટેનિંગ માટે કુદરતી બ્લીચિંગ ઉપાય, બટાકાના રસમાં રહેલું એન્ઝાઈમ "કેટેચોલેઝ" ત્વચાને હળવી કરે છે, જ્યારે લીંબુમાં રહેલો વિટામિન C અને સિટ્રિક એસિડ મેલાનિનને ઘટાડી સ્કિન ટોનને સમતોલ બનાવે છે. આ પેક ત્વચાના કાળા પડેલા ભાગો પર સતત ઉપયોગ કરવાથી ધીમે ધીમે ફેરફાર લાવે છે. વધારાની માહિતીઃ વધુ સારી અસર માટે, પેક બાદ ત્વચા પર એલોવેરા જેલ લગાવો - તે ત્વચાને હાઈડ્રેટ રાખશે અને બર્નિંગ સેન્સેશન થવા ન દેશે. સ્કિન ટેનિંગની સમસ્યા સામાન્ય છે પણ તેને ignore કરવી ખોટી છે. રસોડાની સામગ્રીથી બનેલા આ નુસખાઓ તમારા સમય અને પૈસા બંને બચાવે છે - અને લાવે છે કુદરતી ચમકતી ત્વચા!

# ગરમીમાં વહેલી સવારે આ વસ્તુનું સેવન કરવાથી કમજોરીને દૂર રહેશે અને શરીર રાખશે ઉર્જાવાન

**વિટામિન C અને ઝિંક ઇમ્યુન સેલ્સને મજબૂત કરે છે, ગરમીના સમયમાં વાઇરસ, બેક્ટેરિયા સામે લડવામાં મદદ કરે છે, કોલીન અને વિટામિન B6 મગજ માટે ઉત્તમ**

ઉનાળામાં આ બે વસ્તુઓને તમારા આહારમાં સામેલ કરો. થોડા દિવસોમાં જ તમે તમારા શરીરમાં અનેક ફાયદા જોઈ શકશો. આ ટિપ્સ મોસમી બીમારીઓ સામે લડવામાં ખૂબ મદદ કરશે. ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. આ સીઝનમાં આપણને આપણા આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું પડે છે. જેમણે કેટલીક હેલ્થ ટિપ્સ જણાવી છે. જે નીચે પ્રમાણે છે. જો તમને સવારે કંઈક હેલ્ધી ખાવું છે તો તમે તમારા આહારમાં મગ અને ચણાને સામેલ કરી શકો છો. તેમાં વિટામિન C, પ્રોટીન અને ફાઈબર હોય છે, જે તમારા શરીરને બીમારીઓ સામે લડવામાં મદદ કરશે અને તમને હેલ્ધી રાખશે. મગ અને ચણા આપણા મગજ માટે ખૂબ ફાયદાકારક છે. તેનો સેવન અમારી યાદશક્તિને મજબૂત બનાવે છે અને માનસિક તણાવને ઘટાડે છે. તેમાં રહેલા વિટામિન-B 6 અને કોલીન મગજ માટે લાભદાયક છે. ડાયાબિટીસ પેશન્ટ માટે પણ મગ અને ચણા લાભદાયક છે. તે બ્લડ શુગરને વધારવાથી રોકે છે. મગ અને ચણા આપણા ઈમ્યુનિટી સિસ્ટમને મજબૂત બનાવે છે. થાક અને કમજોરીને દૂર રાખે છે અને તાજગી અને ઉર્જાવાન રાખે છે. મોટાભાગના લોકો જિમમાંથી આવ્યા પછી તેને ખાય છે. મગ અને ચણા ત્વચા અને વાળ માટે પણ ફાયદાકારક છે. તેમાં રહેલા પોષક તત્વો અમારી ત્વચાનો તેજ વધારતા અને વાળને મજબૂત બનાવે છે. જેમના પાચન તંત્ર નબળું હોય છે, તેઓ પણ તેનો સેવન



કરી શકે છે. તે કબજિયાત અને એસિડિટી જેવી સમસ્યાઓને દૂર રાખે છે. ત્વચા અને વાળની સુંદરતા જાળવવા માટે પણ મગ અને ચણા અદ્ભુત કામ કરે છે. તેમાં રહેલા પોષક તત્વો ત્વચાને તેજસ્વી બનાવે છે અને વાળને મજબૂત કરીને તૂટવાની સમસ્યા ઘટાડે છે. જે લોકોને પાચન સંબંધી સમસ્યાઓ જેવી કે કબજિયાત કે એસિડિટી હોય, તેઓ પણ તેનું સેવન સરળતાથી કરી શકે છે, કારણ કે તે ફાઈબરથી ભરપૂર હોવાથી પાચનતંત્રને સુધારે છે. મગ અને ચણાને અંકુરિત (સ્પ્રાઉટ્સ) કરીને સવારે ખાઈ શકો છો, તેમને ઉકાળીને સલાડમાં ઉમેરી શકો છો કે પછી હળવી ચટણી સાથે પણ લઈ શકો છો. આ નાનો ફેરફાર તમારા શરીરને અંદરથી મજબૂત બનાવશે અને ઉનાળામાં તમને તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ કરાવશે. તો આજથી જ સવારે આ બે વસ્તુઓનું સેવન શરૂ કરો અને તમારા આરોગ્યનું રહસ્ય લોકો સાથે શેર કરવા તૈયાર રહો! ઉનાળામાં શરીર તંદુરસ્ત અને ઊર્જાવાન રાખવા માટે મગ અને ચણાનું સેવન ખરેખર ખૂબ જ ફાયદાકારક છે. ચાલો, હવે આ વિષયને વધુ વ્યાપક રીતે સમજીએ અને તમને એક સંપૂર્ણ, માહિતીસભર અને લગાવદાર લેખ તૈયાર કરવામાં મદદ કરીએ. ગરમીમાં વહેલી સવારે "મગ અને ચણા"નું સેવન - સ્વાસ્થ્ય માટે જાદુઈ ઉપાય! ઉનાળો એ એવો ઋતુ છે કે જેમાં શરીર ઝડપથી થાકી જાય છે, કમજોરી અનુભવાય છે અને મોસમી રોગચાળાની શક્યતા વધી જાય છે. આવા સમયમાં પોષક તત્વોથી ભરપૂર આહાર લેવામાં આવે તો શરીર માત્ર ફિટ રહેતું નથી, પણ અંદરથી મજબૂત બને છે. આજે આપણે એવી જ બે વસ્તુની વાત કરીશું - અંકુરિત મગ અને ચણા, જે તમારા આરોગ્ય માટે "પ્રાકૃતિક ટોનિક" તરીકે કામ કરે છે. મગ અને ચણાના મુખ્ય પોષક તત્વો, પ્રોટીનઃ ચરબી વગરની શક્તિ માટે શ્રેષ્ઠ સ્ત્રોત, ફાઈબરઃ પાચનતંત્ર માટે લાભદાયક વિટામિન્સઃ B6, C, E અને કોલીન, મિનરલ્સઃ આયર્ન, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, ઝિંક, એન્ટી ઓક્સિડન્ટ્સ : સેલ ડેમેજથી બચાવે, સવારના સમયે ઉપયોગ કેમ કરવો જોઈએ? સવાર એ સમય હોય છે જ્યારે શરીર ડિટોક્સ પ્રક્રિયામાં હોય છે અને પોષક તત્વોની જરૂર વધારે હોય છે. મગ અને ચણાના અંકુરિત દાણાઃ પેટ સાફ રાખે છે, લાંબા સમય સુધી ઊર્જા આપે છે, હળવી રહે છે અને પચવામાં સરળ હોય છે. મગ અને ચણાના આરોગ્ય ઈમ્યુનિટી બૂસ્ટ કરે.

# શું તમે ચા પીતી વખતે ધૂમ્રપાન કરો છો? મોંઘી પડશે આ ટેવ..

**શ્વાસની તકલીફો, ફેફસાંમાં અવરોધ, માનસિક તણાવ, હૃદયની ધબકારા વધવું જેવી અનેક દાંત અને પેઢાની સમસ્યાઓનો સામનો કરવો પડી શકે**

આજના સમયમાં ધૂમ્રપાન કરવું ઘણા લોકો માટે સામાન્ય બાબત બની ગઈ છે. કેટલાક લોકો સિગરેટ અને ચા એકસાથે પીવે છે. આ ટેવ તેઓના શરીર પર ગંભીર અસર કરે છે. 'અમે શા માટે ધૂમ્રપાન કરીએ છીએ?' તે જાણ્યા વિના, ઘણા લોકો આ ખોટી આદતને આનંદદાયક માનતા હોય છે. ધૂમ્રપાન જીવલેણ છે તે જાણીને પણ, લોકો પોતાને જ નુકસાન પહોંચાડે છે. ઘણા લોકો ચા સાથે ધૂમ્રપાન કરવાની આદત ધરાવે છે. આ સંપૂર્ણપણે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, એમ ડોકટરો ચેતવણી આપે છે. "ચા પીતી વખતે ધૂમ્રપાન કરવાથી" થતા સ્વાસ્થ્યને કેવું નુકસાન થાય છે? આવો જાણીએ. હૃદયરોગઃ ધૂમ્રપાન અને વધુ કેફીન બંને રક્તચાપ વધારી શકે છે. આથી, હૃદયની ધબકારા અનિયમિતતા, ઉચ્ચ રક્તચાપ અને હૃદયરોગ થવાનો ખતરો રહે છે. વધુમાં, નર્વસ સિસ્ટમને પણ અસર થઈ શકે છે. ખોરાકની નળીનો કેન્સર (Esophageal Cancer): ચા ગરમ હોવાથી ખોરાકની નળીની કોષોને નુકસાન પહોંચે છે. ધૂમ્રપાન પણ આ કોષોને વધુ નુકસાન પહોંચાડે છે. ચા પીતી વખતે ધૂમ્રપાન કરવાથી ખોરાકની નળીના કેન્સર થવાની સંભાવના ૩૦% વધે છે, એમ અભ્યાસો દર્શાવે છે. વ્યંધત્વઃ ચા અને સિગરેટ બંને સાથે મળીને, પુરુષોના સ્પર્મની ગુણવત્તા અને સ્ત્રીઓના ગર્ભાશયના કાર્યને અસર કરે છે. ચામાં રહેલા કેફીન પેટમાં એસિડનું ઉત્પાદન વધારી શકે છે. આ બંને સાથે મળીને પાચન સમસ્યાઓ, એસિડિટી અને કબજિયાત જેવી સમસ્યાઓ સર્જી શકે છે. મોઢા અને ગળાનું કેન્સરઃ ધૂમ્રપાનમાં રહેલા ઝેરી રસાયણો અને ચાની ગરમી મોઢા અને ગળાના કેન્સરનું કારણ બની શકે છે.

# આ શાકભાજી છે કે દવાઓનો ખજાનો! પાનથી લઈને ફળ સુધીમાં ઔષધીય ગુણ

**સરગવો માત્ર સ્વાદિષ્ટ જ નથી, પરંતુ તે પૌષ્ટિક તત્વોથી પણ ભરપૂર, તેમાં આયર્ન અને અનેક પ્રકારના વિટામિન્સ હોય છે**

સરગવો, જેને સામાન્ય ભાષામાં સહજન પણ કહેવામાં આવે છે, એક લોકપ્રિય શાકભાજી છે જે આખું વર્ષ બજારમાં ઉપલબ્ધ રહે છે. આ શાકભાજી આરોગ્ય માટે અનેક ફાયદા ધરાવે છે. તેના ઔષધીય ગુણો જાણીને તમે આશ્ચર્યચકિત થઈ જશો. આયુર્વેદ નિષ્ણાતોનું માનવું છે કે, આ શાકભાજી ગર્ભવતી મહિલાઓ માટે સરગવો જડીબુટ્ટી સમાન છે. સરગવો માત્ર સ્વાદિષ્ટ જ નથી, પરંતુ તે પૌષ્ટિક તત્વોથી પણ ભરપૂર છે. તેમાં આયર્ન અને અનેક પ્રકારના વિટામિન્સ હોય છે, જે શરીરને પૂરતી ઊર્જા આપે છે. સરગવાને શરીરમાં લોહીની ઉણપ (એનિમિયા) દૂર કરવા અને કુપોષણ દૂર કરવા માટે પણ અસરકારક માનવામાં આવે છે. આયુર્વેદમાં સરગવાને સોભાંજનના નામથી પણ ઓળખવામાં આવે છે. તેની મૂળ, ફૂલ, પાંદડા અને છાલ, બધું જ ગુણકારી હોય છે. તેનો ઉપયોગ મુખ્યત્વે પાચન સંબંધિત રોગોમાં થાય છે. સરગવાના ફૂલ, પાંદડા અથવા ફળને શાકભાજી તરીકે ખાઈ શકાય છે. તે નર્વસ સિસ્ટમ સાથે જોડાયેલા રોગો, જેમ કે, લકવાના દર્દીઓ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. સરગવાની શાકભાજી અને ફળોનું સેવન દુર્બળતા અને રક્ત વ્યાધિમાં થાય છે. તે શ્વાસ સંબંધિત રોગો, જેમ કે શ્વાસ ફૂલવું, વાત અને કફના દર્દીઓ માટે પણ ફાયદાકારક છે. ચર્મ



રોગવાળા વ્યક્તિએ સરગવાના પાંદડાની પેસ્ટ બનાવીને લગાવવી જોઈએ. આગળ તેઓ જણાવે છે કે, સરગવાના વૃક્ષની છાલને કુટીને તેનો રસ કાઢીને નસ્ય રોગોમાં ઉપયોગ થાય છે, જેનાથી અનેક પ્રકારના શિરોરોગ અને સ્પાઈન કોર્ડ જેવી સમસ્યાઓ દૂર થાય છે. તેઓ જણાવે છે કે, સરગવાના ફળોનું સેવન દરેક વ્યક્તિએ કરવું જોઈએ, કારણ કે તેનાથી શરીરને અનેક પ્રકારના વિટામિન્સ મળે છે. સરગવો ગર્ભવતી મહિલાઓ માટે ખાસ કરીને ફાયદાકારક છે કારણ કે તે આયર્ન અને અન્ય જરૂરી પોષક તત્વોથી ભરપૂર હોય છે. તેના સેવનથી એનિમિયા ટળે છે, રોગપ્રતિકારક શક્તિ વધે છે અને શરીર સ્વસ્થ રહે છે.

# મસાલાની આડમાં થઈ રહ્યા છે આરોગ્ય સાથે ખેલ, સરળતાથી કરો અસલી-નકલીની ઓળખ

**ખાદ્ય વિભાગના અધિકારી અમર સિંહે કાળી મરી-હળદરની શુદ્ધતા તપાસવાના ઉપાય બતાવ્યા છે, પાણીમાં નાખવાથી શુદ્ધ કાળી મરી નીચે બેસી જાય છે, જ્યારે ભેળસેળવાળી તરે છે**



ખાદ્ય વિભાગના અધિકારી અમર સિંહે કાળી મરી અને હળદરની શુદ્ધતા તપાસવાના ઉપાય બતાવ્યા છે. પાણીમાં નાખવાથી શુદ્ધ કાળી મરી નીચે બેસી જાય છે, જ્યારે ભેળસેળવાળી તરે છે. હળદર પણ આ રીતે તપાસી શકાય છે. કદાચ જ કોઈ એવું ઘર હશે, જ્યાં કાળી મરીનો ઉપયોગ ન થતો હોય, પરંતુ, ઘણી વખત એવું થાય છે કે ભેળસેળવાળી કાળી મરી આવી જાય છે, જે ખાવાના સ્વાદને બદલી નાખે છે અને આરોગ્ય માટે નુકસાનકારક પણ હોય છે. હવે તમે ખાદ્ય વિભાગના જણાવેલા અ ઉપાયથી કાળી મરીની તપાસ ઘરે જ કરી શકો છો અને જાણી શકો છો કે, તમે જે કાળી મરીનો ઉપયોગ કરો છો તે અસલી છે કે ભેળસેળવાળી. જો તેમાં ભેળસેળવાળી કાળી મરી હશે તો તે પાણીની ઉપરની સપાટી પર તરે છે. આ રીતે તમે ઘરે જ સરળતાથી કાળી મરીની ગુણવત્તા ચકાસી શકો છો. કાળી મરીમાં ભેળસેળની વાત કરીએ તો મોટાભાગે તેમાં પપૈયાના બીજ ભેળવી દેવામાં આવે છે, જે દેખાવમાં બિલકુલ કાળી મરી જેવી લાગે છે. કાળી મરીની શુદ્ધતા તપાસવા માટે ટ્રાન્સપરન્ટ ગ્લાસમાં એક ગ્લાસ પાણીમાં કાળી મરીના થોડા દાણા નાખવા જણાવ્યા છે અને પછી ૧૦થી ૧૫ મિનિટ રાહ જોવાની છે. જો કાળી મરી શુદ્ધ હશે, તો તે ગ્લાસની નીચેની સપાટી પર બેસી જશે. જો તપાસ પછી તમને કાળી મરીમાં ભેળસેળ હોય છે, તો તમે ખાદ્ય વિભાગના અધિકારીઓને તેની ફરિયાદ પણ કરી શકો છો. જેના પર વિભાગ કડક કાર્યવાહી કરે છે. હળદરની તપાસ કરવા માટે તમારે એક ગ્લાસમાં પાણી લેવું પડશે અને પછી તેમાં એક ચમચી હળદર નાખવી પડશે. હળદર શુદ્ધ હશે તો તે નીચેની સપાટી પર બેસી જશે અને રંગ છોડશે નહીં. જો ભેળસેળ હશે તો તે પાણી પીળું થઈ જશે અને થોડો ભાગ ઉપરની સપાટી પર તરે છે. આ રીતે તમે હળદર અને કાળી મરીને સરળતાથી ઘરે જ ચકાસી શકો છો. ભેળસેળવાળી હળદર પણ આરોગ્ય માટે ખૂબ જ હાનિકારક હોય છે. હાલ તો અત્યારે આખા વર્ષના મસાલા ભરવાની સીઝન છે. મોટા ભાગના ઘરોમાં આખા વર્ષના મસાલા ભરી લેતા હોય છે. બજારમાંથી લાવેલા મસાલા આપણે રોજના ખોરાકમાં વાપરતા હોઈએ છીએ. પરંતુ તેમાં ભેળસેળ છે કે નહીં, તે જાણવું મુશ્કેલ છે. પરંતુ તમે ઘરે કેટલાક સરળ ટેસ્ટ કરીને જાણી શકો છો કે મસાલામાં ભેળસેળ છે કે નહીં. આજકાલ બજારમાં મોટાભાગની વસ્તુઓમાં ભેળસેળ જોવા મળે છે. હદ તો ત્યાં સુધી થઈ ગઈ છે કે, આપણા ખાવા-પીવાની વસ્તુઓ પણ શું ખાવું અને શું ન ખાવું તે એક મોટો પ્રશ્ન થઈ ગયો છે. એવામાં હાલ તો અત્યારે આખા વર્ષના મસાલા ભરવાની સીઝન છે. મોટા ભાગના ઘરોમાં આખા વર્ષના મસાલા ભરી લેતા હોય છે. બજારમાંથી લાવેલા મસાલા આપણે રોજના ખોરાકમાં વાપરતા હોઈએ છીએ. પરંતુ તેમાં ભેળસેળ છે કે નહીં, તે જાણવું મુશ્કેલ છે. પરંતુ તમે ઘરે કેટલાક સરળ ટેસ્ટ કરીને જાણી શકો છો કે મસાલામાં ભેળસેળ છે કે નહીં. નીચે કેટલાક સામાન્ય મસાલામાં ભેળસેળ ઓળખવા માટે ઘરગથ્થુ રીતો આપવામાં આવી છે, જેનો ઉપયોગ કરીને તમે આ જાણકારી મેળવી શકો છો.

# શું તમારા પણ યુવાનીમાં જ વાળ ધોળા થવા લાગ્યા છે?

**સરસવના તેલમાં બે વસ્તુઓ મિક્સ કરીને માથા પર માલિશ કરો, વાળ કાળા, જાડા અને નરમ બનશે**

જો તમારા વાળ નાની ઉંમરે સફેદ થઈ રહ્યા છે, તો તેને કલર કરવાને બદલે, આ ઘરેલું ઉપાય અજમાવો. ધીમે ધીમે અને કુદરતી રીતે તમારા વાળ ફરીથી કાળા, જાડા અને નરમ બનશે.આ સમસ્યા તણાવ, ખાવામાં બેદરકારી અને ખરાબ જીવનશૈલીને કારણે ઉદ્ભવી શકે છે. નાની ઉંમરે વાળ સફેદ થવાથી યુવાનોને શરમ લાગતી હોય છે અને તેને છુપાવવા માટે, લોકો ઘણીવાર હેર કલર અથવા કેમિકલથી ભરપૂર કલરનો આશરો લે છે. જેના કારણે કાળા વાળ પણ સફેદ થવા લાગે છે. પરંતુ જો તમે તમારી જીવનશૈલીમાં કેટલીક સ્વસ્થ આદતોનો સમાવેશ કરો છો અને ઘરેલું ઉપચાર અપનાવો છો, તો તમને ઘણા સકારાત્મક ફાયદા મળી શકે છે. અહીં અમે તમને જણાવી રહ્યા છીએ કે તમે સામાન્ય તેલની મદદથી સફેદ વાળની સમસ્યાથી કેવી રીતે છૂટકારો મેળવી શકો છો. સૌ પ્રથમ, પેનમાં સરસવનું



તેલ નાખો અને તેને ગરમ કરો. જ્યારે તે ગરમ થાય, ત્યારે તેમાં વાટેલા મેથીના દાણા અને આમળાનો પાવડર ઉમેરો. હવે તેને ધીમા તાપે તેલનો રંગ કાળો થાય ત્યાં સુધી રાંધો. લગભગ ૫ મિનિટમાં તેલનો રંગ બદલાઈ જશે. પછી ગેસ બંધ કરી દો અને તેલ ઠંડુ થવા દો. ઠંડુ થયા પછી, તેને ગાળીને કાચની બોટલમાં ભરી લો. વાળ ધોવાના લગભગ બે કલાક પહેલા આ તેલ માથા પર લગાવો અને ૧૦ મિનિટ સુધી સારી રીતે માલિશ કરો. બે કલાક પછી, વાળને માઈલ્ડ શેમ્પૂથી ધોઈ લો. કન્ડિશનર લગાવવાની કોઈ જરૂર નથી. જો તમે અઠવાડિયામાં ૩ વાર આ તેલથી માલિશ કરશો, તો તમારા વાળ પોષણથી ભરપૂર થશે અને ધીમે ધીમે ફરીથી કાળા, જાડા અને નરમ બનશે. સફેદ વાળ માટે ઘરેલું ઉપાયઃ વાળના સ્વાભાવિક રંગમાં બદલાવ આવવાનો એક મુખ્ય કારણ શરીરમાં પિગ્મેન્ટેશનનું ઘટવું છે, જે સામાન્ય રીતે ડિજેનરેશન અથવા કાર્ટિકલ મટેરિયલના નુકસાનને કારણે થાય છે. આ સમસ્યા અસામાન્ય રીતે યુવાનોમાં પણ જોવા મળી રહી છે, અને તે આહાર, તણાવ, જીવંત શૈલી, અનુસંધાન અને જેન્સના આધાર પર વધુ પડતી છે. તળિયે, સરસવના તેલ, મેથીના દાણા, અને આમળાનો પાવડર એક પ્રાચીન ઘરેલું ઉપાય છે, જે વાળના સ્વાભાવિક રંગને પુનઃસ્થાપિત કરવા માટે મદદરૂપ બની શકે છે. સરસવના તેલનું ઉપયોગઃ સરસવના તેલમાં વિટામિન્સ અને એન્ટી-ઓક્સિડેંટ્સ હોય છે, જે વાળના ખોણને પ્રોત્સાહિત કરે છે અને સ્વાસ્થ્યને સુધારે છે. તેલના માં વિટામિન ઈ, ્ઢ, અને મગજ માટે જરૂરી ગુણધર્મો હોય છે, જે ખાલી મોટેરીયલના સુધારા માટે ઉપયોગી છે. મેથીના દાણાં અને આમળાનો પાવડરઃ મેથી અને આમળા બંને સ્વાભાવિક રીતે વિટામિન ઝ અને આયર્નથી ભરપૂર હોય છે, જે ત્વચાની સ્વચ્છતા અને વાળ માટે અત્યંત લાભદાયક છે. આમળામાં એન્ટિ-ઓક્સિડેંટ્સ અને વિટામિન C હોય છે, જે વાળના રંગને વધારવા માટે મદદરૂપ થઈ શકે છે, સરસવના તેલને ગરમ કરો અને તેમાં મેથીના દાણા અને આમળાનો પાવડર ઉમેરો. તેને ૫-૭ મિનિટ સુધી ધીમે તાપે પકાડો, અને તેલનું રંગ કાળો થવા દો. પછી, ઠંડુ થવા માટે ગેસ બંધ કરી દો. ઠંડા થયા પછી, તેને કાચની બોટલમાં સંગ્રહ કરો. આ તેલને વાળમાં ૧૦-૧૫ મિનિટ સુધી યોગ્ય રીતે માલિશ કરો અને ૨ કલાક પછી માઈલ્ડ શેમ્પૂથી ધોઈ દો.

## તંત્રી લેખ...

# પહલગામમાં થયેલા હુમલામાં પાકિસ્તાનનું સીધું કનેક્શન

પહલગામ આતંકવાદી હુમલામાં પાકિસ્તાનનું સીધુ કનેક્શન હોવાના દાવાની ભારતે ખાતરી કરી છે. ભારતે વિવિધ દેશોની સરકારને આ હુમલામાં પાકિસ્તાનની સંડોવણી હોવાની ખાતરી કરતાં જરૂરી પુરાવા મોકલી આપ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ભારતે છેલ્લા ત્રણ દિવસમાં આંતરરાષ્ટ્રીય સમુદાયને જણાવ્યું છે કે, પહલગામ હુમલામાં આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી છે. અને તેમનો સીધો પાકિસ્તાન સાથે સંબંધ હોવાની ખાતરી થઈ છે. જરૂરી પ્રત્યક્ષદર્શીઓ સહિત ગુપ્ત એજન્સીઓએ ટેક્નિકલ ઈન્ટેલિજન્સ અને વિશ્વસનીય જાણકારી મારફત પુરાવા આપ્યા છે. ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવામાં જાણવા મળ્યું છે કે, આતંકવાદી જૂથ ધ રેજિસ્ટન્સ ફ્રન્ટના ઈલેક્ટ્રોનિક પુરાવા પાકિસ્તાનમાં ઓછામાં ઓછા બે સ્થળો પરથી મળી આવ્યા છે. અમુક આંતકવાદીઓની ઓળખ કરવામાં આવી છે. તેઓ પાકિસ્તાનથી આવ્યા હતા. અને થોડા સમય પહેલાં જ ઘૂસણખોરી કરી હતી. પ્રત્યક્ષદર્શીઓએ પણ ઘૂસણખોરોની ખાતરી કરી છે. પહલગામ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત અને ૧૭ ઘાયલ થયા હતાં. આ હુમલાની જવાબદારી પાકિસ્તાન દ્વારા સમર્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના ઈન્ડિયન ફ્રન્ટ ધ રેજિસ્ટન્સ ફ્રન્ટે લીધી હતી. પરંતુ પાકિસ્તાન સરકારે આ હુમલામાં પોતાની સંડોવણી હોવાના આરોપો ફગાવ્યા હતાં. નોંધનીય છે કે, ગઈકાલે ધ રેજિસ્ટન્સ ફ્રન્ટે પોતાના નિવેદનમાં પલટી મારતાં નવુ નિવેદન આપ્યું હતું કે, આ હુમલા સાથે તેના કોઈ લેવાદેવા નથી. બીજી બાજુ વિવિધ દેશોની સરકારે આ ક્રૂર આતંકી હુમલા બાદ પોતાના નાગરિકો માટે જમ્મુ-કાશ્મીરની મુલાકાત ન લેવા એડવાઈઝરી જાહેર કરી છે.

# પ્રધાનમંત્રી મોદીએ રોજગાર મેળાને સંબોધન કર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રોજગાર મેળાને સંબોધન કર્યું હતું અને આજે વિડિયો કોન્ફરન્સિંગ મારફતે વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવનિયુક્ત યુવાનોને ૫૧,૦૦૦થી વધારે નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજે ભારત સરકારનાં વિવિધ વિભાગોમાં આ યુવાનો માટે નવી જવાબદારીઓની શરૂઆત થઈ રહી છે. તેમણે નોંધ્યું હતું કે, તેમની ફરજોમાં દેશનાં આર્થિક માળખાને મજબૂત કરવું, આંતરિક સુરક્ષાને પ્રોત્સાહન આપવું, આધુનિક માળખાગત સુવિધાનાં નિર્માણમાં પ્રદાન કરવું અને કામદારોનાં જીવનમાં પરિવર્તનકારી પરિવર્તન લાવવું સામેલ છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જે નિષ્ઠાથી તેઓ પોતાની જવાબદારી અદા કરે છે, તેની ભારતની વિકસિત રાષ્ટ્ર બનવાની સફર પર સકારાત્મક અસર પડશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ યુવાનો પોતાની ફરજ પૂરી નિષ્ઠા સાથે નિભાવશે. મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, “કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ અને સફળતાનો પાયો તેની યુવા પેઢીમાં રહેલો છે, જ્યારે યુવાનો રાષ્ટ્રનિર્માણમાં સક્રિયપણે સહભાગી બને છે, ત્યારે રાષ્ટ્ર ઝડપી વિકાસનો અનુભવ કરે છે અને વૈશ્વિક મંચ પર તેની ઓળખ સ્થાપિત કરે છે.” તેમણે વધુમાં જણાવ્યું હતું કે, “ભારતના યુવાનો તેમની મહેનત અને નવીનતા દ્વારા વિશ્વ સમક્ષ તેમની અપાર ક્ષમતાનું પ્રદર્શન કરી રહ્યા છે, સરકાર દરેક પગલે એ સુનિશ્ચિત કરી રહી છે કે દેશના યુવાનો માટે રોજગાર અને સ્વ-રોજગારની તકો સતત વધી રહી છે. સ્કિલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયા જેવી પહેલો યુવાનો માટે નવી તકોનું સર્જન કરી રહી છે. આ અભિયાનોના માધ્યમથી સરકાર ભારતના યુવાનોને પોતાની પ્રતિભા દર્શાવવા માટે એક ખુલ્લો મંચ પૂરો પાડી રહી છે.” મોદીએ નોંધ્યું હતું કે, આ પ્રયાસોનાં પરિણામ સ્વરૂપે આ દાયકામાં ભારતની યુવા પેઢીએ ટેકનોલોજી, ડેટા અને નવીનતાનાં ક્ષેત્રોમાં દેશને મોખરાના સ્થાને અગ્રેસર બનાવ્યો છે. તેમણે યુપીઆઈ, ઓએનડીસી અને જીઇએમ (ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ) જેવા ડિજિટલ પ્લેટફોર્મની સફળતા પર પ્રકાશ પાડ્યો હતો, જે દર્શાવે છે કે કેવી રીતે યુવાનો ડિજિટલ અર્થતંત્રમાં પરિવર્તનકારી ફેરફારો તરફ દોરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અત્યારે રિયલ ટાઇમ ડિજિટલ વ્યવહારોમાં ભારત દુનિયામાં મોખરે છે અને આ સિદ્ધિનો નોંધપાત્ર હિસ્સો યુવાનોને જાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું, “આ બજેટમાં જાહેર કરાયેલ ઉત્પાદન મિશનનો ઉદ્દેશ્ય ‘મેક ઈન ઈન્ડિયા’ પહેલને પ્રોત્સાહન આપવાનો અને ભારતના યુવાનોને વૈશ્વિક સ્તરે પ્રમાણિત ઉત્પાદનોનું ઉત્પાદન કરવાની તકો પૂરી પાડવાનો છે. આ પહેલ દેશભરના લાખો MSME અને નાના ઉદ્યોગસાહસિકોને જ નહીં, પરંતુ દેશભરમાં રોજગારની નવી તકો પણ ખોલશે.” તેમણે વધુમાં કહ્યું કે આ ભારતના યુવાનો માટે તકોનો અભૂતપૂર્વ સમય છે. સ્ત્રૃ એ તાજેતરમાં કહ્યું છે કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા રહેશે. આ વૃદ્ધિના ઘણા પાસાં છે, જેમાંથી સૌથી મહત્વપૂર્ણ આગામી દિવસોમાં તમામ ક્ષેત્રોમાં રોજગારીની તકોમાં વધારો છે. પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું કે તાજેતરના સમયમાં, ઓટોમોબાઈલ અને ફૂટવેર ઉદ્યોગોએ ઉત્પાદન અને નિકાસમાં નવા વિક્રમો હાંસલ કર્યા છે, જેનાથી યુવાનો માટે રોજગારની પુષ્કળ તકો ઉભી થઈ છે. તેમણે એ પણ નિર્દેશ કર્યો કે પહેલીવાર, ખાદી અને ગ્રામોદ્યોગના ઉત્પાદનોએ ૧.૭૦ લાખ કરોડનો ટર્નઓવર વટાવી દીધો છે, જેનાથી લાખો નવી નોકરીઓનું સર્જન થયું છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં. આંતરિક જળ પરિવહનમાં તાજેતરની સિદ્ધિઓ પર ટિપ્પણી કરતા તેમણે કહ્યું કે ૨૦૧૪ પહેલા, આંતરિક જળ પરિવહન દ્વારા વાર્ષિક માત્ર ૧૮ મિલિયન ટન કાર્ગોનું પરિવહન થતું હતું. આ વર્ષે કાર્ગોની હેરફેર ૧૪૫ મિલિયન ટનથી વધુ થઈ ગઈ છે. તેમણે આ સફળતાનો શ્રેય ભારતની આ દિશામાં સતત નીતિ-નિર્માણ અને નિર્ણય લેવાની ક્ષમતાને આપ્યો. પ્રધાનમંત્રીએ એ વાત પર ભાર મૂક્યો કે દેશમાં રાષ્ટ્રીય જળમાર્ગોની સંખ્યા માત્ર ૫ થી વધીને ૧૧૦ થી વધુ થઈ ગઈ છે અને આ જળમાર્ગોની કાર્યકારી લંબાઈ લગભગ ૨,૭૦૦ કિમીથી વધીને લગભગ ૫,૦૦૦ કિમી થઈ ગઈ છે. આ સિદ્ધિઓ દેશભરના યુવાનો માટે નવી તકોનું સર્જન કરી રહી છે. મોદીએ કહ્યું, “મુંબઈ ટૂંક સમયમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (WAVES) ૨૦૨૫નું આયોજન કરશે. આ કાર્યક્રમ યુવા-કેન્દ્રિત છે, જે યુવા સર્જકોને પોતાના પ્રકારનું પ્રથમ પ્લેટફોર્મ પ્રદાન કરે છે. આ સમિટ મીડિયા, ગેમિંગ અને મનોરંજન ક્ષેત્રોમાં નવીનતાઓ માટે તેમની પ્રતિભા દર્શાવવા માટે અભૂતપૂર્વ તક આપે છે.” તેમણે કહ્યું કે મનોરંજન સ્ટાર્ટઅપ્સને રોકાણકારો અને ઉદ્યોગના નેતાઓ સાથે જોડાવાની તક મળશે.

**આમ મીડિયાનું ગમે તે પ્લેટફોર્મ હોય, અત્યારે સમગ્ર દેશમાંથી એક જ અવાજ ઉઠી રહ્યો છે, અને એ છે રિવેન્જ એટલે કે બદલો!**

# બદલાની વાત કરીએ છીએ! પણ એ પહેલાં આપણે આપણી હિન્દુ હોવાની સાબિતી આપવી પડશે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કાશ્મીરની જનતા પણ આની નિંદા કરી છે, અને રેલી કાઢી છે, અમે ઈન્ડિયન છીએ, એવા નારા લગાવ્યા! પણ આ બધામાં સચચાઈ કેટલી છે? કે ટુરિઝમ ઠપ્પ થઈ જશે તો ખાશું શું? એને કારણે આ દેખાડો કર્યો! અથવા તો કાશ્મીરમાં બધું બરોબર છે! ત્યાંની પ્રજાનો ભારત સરકારને ટેકો છે, એવું બતાવવા આવાં વિડિયો વાયરલ કરાયાં હોય! ખેર છોડો એ બધાં પોલિટિકલ ડ્રામા!**

તા ૨૨/૪ નાં પહેલગામ નાં એટેકની આખાં વિશ્વમાં નિંદા થઈ, અને બધાં દેશોએ ભારતને સધિયારો આપ્યો કે અમે તમારી સાથે છીએ! જોકે ભારતીય સેના આમનામ પણ સક્ષમ છે! ઈઝરાયેલ, સાઉદી અરેબિયા ઈરાન જેવા ઈસ્લામિક દેશોએ પણ આ બાબત નીંદા કરી કે, આતંકવાદ હવે ખતમ થવો જ જોઈએ! લગભગ દરેક છાપાંની હેડલાઈનમા આ સમાચારને કવર કરવામાં આવ્યા છે! મૃતકના પરિવાર જનોને આશ્વાસન આપવા જુદા જુદા રાજકીય નેતાઓ પહોંચી ગયા છે! અને સોશ્યલ મીડિયા પર લાઈક મેળવવા ઢગલાબંધ લોકોએ આવાં વિડિયો પણ વાયરલ કર્યા છે! મૃતકની પત્ની એ સરકારને બેધડક સવાલો પુછ્યાનો વિડિઓ પણ અત્યારે ખૂબ ચર્ચામાં છે! અને ત્યાંની સચ્ચાઈનું એક વધુ ઉદાહરણ સૌને મળ્યું, એટલે આટલી ઉંચાઈ એ આટલાં હથિયાર પહોંચાડવા, આતંકવાદી ઓના ખાવાપીવાની વ્યવસ્થા, આ બધું કોણ કરે છે! સદા ખતરો બની રહેતો હોય ત્યાં આર્મી મેન ન્હોય! પોલીસ ન્હોય! અને માત્ર થોડા અંતરે શું ફાયરિંગ ના અવાજો ન ગયા હોય? અને છતાં કોઈ કેમ પહોંચ્યું નહીં! કાશ્મીરની જનતા પણ આની નિંદા કરી છે, અને રેલી કાઢી છે, અમે ઈન્ડિયન છીએ, એવા નારા લગાવ્યા! પણ આ બધામાં સચચાઈ કેટલી છે? કે ટુરિઝમ ઠપ્પ થઈ જશે તો ખાશું શું? એને કારણે આ દેખાડો કર્યો ! અથવા તો કાશ્મીરમાં બધું બરોબર છે! ત્યાંની પ્રજાનો ભારત સરકારને ટેકો છે, એવું બતાવવા આવાં વિડિયો વાયરલ કરાયાં હોય! ખેર છોડો એ બધાં પોલિટિકલ ડ્રામા! હકીકતમાં આપણાં રુપિયે આપણને જ મારવાનાં! પર્યટકોને મીની સ્વીટઝર્લેન્ડ જોવું ભારે પડ્યું! આપણે છેલ્લા લેખમાં જોયું કે આ આતંકવાદી હુમલાનાં જવાબમાં ભારત સરકારે તાત્કાલિક પાંચ કડક નિર્ણયો લીધાં, અને પાકિસ્તાનને કસ્યુ! ગાઢ જંગલમા સંતાયેલા આતંકવાદીના સ્કેચ પણ




બની ગયા છે, અને આર્મી ને દેખો ત્યાં ઠાર નો આદેશ પણ આપ્યો છે! પ્રધાનમંત્રી એ જાહેર નિવેદનમાં કહ્યું છે કે અમે આતંકવાદી ને આ માટે સજા કરીને રહીશું. આમ મીડિયાનું ગમે તે પ્લેટફોર્મ હોય, અત્યારે સમગ્ર દેશમાંથી એક જ અવાજ ઉઠી રહ્યો છે, અને એ છે રિવેન્જ એટલે કે બદલો! પહેલગામની બૈસર ઘાટીમાં થયેલ આતંકવાદી હત્યાકાંડ બાદ દરેક ભારતવાસીનાં મનમાં એક તીવ્ર વેદના ઉઠી રહી છે, અને એના પ્રત્યાઘાત રુપે સોશ્યલ મીડિયા પર કેટલાય લેખ, કવિતા વિડિયો ઓડિયો બધું ફરવા લાગ્યું છે! કે હિન્દુ ઓને થતાં અન્યાયનો બદલો અમે લઈને રહેશું! આ બધાં મેસેજ અન્યને ભલે આપણી હિન્દુ ઓની એકતા વિશે વિચારવા પ્રેરે ! પણ શું ખરેખર આ સત્ય છે? એટલે કે હિન્દુ હોવાની આપણી પાસે કોઈ સાબિતી નથી! હા ભારતીય હોવાની સાબિતી છે, એટલે કે આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાયન્સ, ચૂંટણીકાર્ડ! લાઈટબીલ દસ્તાવેજ, પાસપોર્ટ કે પછી અન્ય ડોક્યુમેન્ટ! પણ આતંકવાદી જો પુછે કે ગીતાના પાંચ શ્લોક બોલ તો શું આપણે બોલી શકીશું? અથવા તો રામચરિત માનસની ચોપાઈ બોલ! અરે આપણાં વૈદિક શાસ્ત્રોનાં નામ, આપણા તીર્થ ના નામ, મહાન નદીઓના નામ! હિમાલય ક્યાં આવેલ છે? તો શું આપ ણે જવાબમાં કંઈ બોલી શકીએ એમ છીએ! આતંકવાદીને સો ટકા વિશ્વાસ હશે, કે જો મુસ્લિમ હશે તો કલમા બોલશે! મારાં દેશવાસીઓ હિન્દુ કહેવડાવતા પહેલાં, આ વાતની ગંભીરતાને સમજો! દેશ અત્યારે સાબિતી માંગી રહ્યો છે! માત્ર તડકતા ભડકતા પ્રવચનો, વિડિયો, ઓડિયો, મેસેજથી કામ નહીં ચાલે! ખાલી કહેવાની એકતા નહીં! સમય આવી ગયો છે કે દરેક હિન્દુએ પોતે હિન્દુ છે, એની સાબિતી આપવી પડશે! ખરેખર એકબીજાને મદદ કરવાની તૈયારી બતાવવી પડશે. જ્યારે આપણે તો ધર્મને નામે પણ વહેંચાયેલા છીએ! હિન્દુઓમાં પણ વૈશ્રવ, શિવ, દૈવી, સ્વામિનારાયણ, જૈન, શીખ, બૌદ્ધ, કબીર પંથી અને ન જાણે કેટલા! હાં એક બહારથી આવેલા પારસીઓ દરેક વખતે ઉંચુ યોગદાન આપીને સાબિતી આપી છે, અને આ વખતે પણ ટાટા ગૃપની ઈન્ડિયન એરલાઈન્સે એ વાત સાબિત કરી. આશ્ચર્યની વાત તો ત્યાં છે, કે આપણને કોઈ પુછે, તો આપણે એને ભારતીય છીએ એવું કહેતાં પણ નથી, કાંતો પ્રાંત કે રાજ્યની રીતે આપણો પરિચય આપીએ છીએ, અથવા ધર્મની રીતે! આઝાદીનાં લડવૈયા વિશે વાંચીએ તો જ્યાં સૌથી ઉપર રાષ્ટ્ર હોય એ ધર્મ જ હિન્દુ છે! બાકી બધા તો સાંધા છે! એટલે કે છટકવાના બહાનાં છે. ઘણીવાર એવું લાગે કે એ લોકોએ ખોટી કુરબાની આપી! આપણે એ વિરાસતને સાચવી શક્યાં નહીં! એનાં કરતાં તો અંગ્રેજો પાસે આપણો દેશ હોત તો સારું હોત! આમ પણ આપણે ગુલામી કે ખુશામત કરવામાં જ એક્સપર્ટ છીએ. હમણાં એક વિડીયો જોયો એમાં ત્યાં ફસાઈ ગયેલા પ્રવાસીઓને એક કાશ્મીરી પત્રકાર પ્રશ્નો પુછે છે! એ પુછે છે કે તમારો અહીંની જનતાનો કેવો અનુભવ થયો? શું એમણે તમને પરેશાન કર્યા? વગેરે! પર્યટકોએ કહ્યું કે ત્યાંની જનતાએ એમને ખૂબ સહાય કરી, અને પોત પોતાના સ્થળ સુધી વગર રુપિયે પહોંચાડવાની તૈયારી બતાવી એમ કહ્યું! એ લોકો પણ જમ્યા નથી એમ કહ્યું! એ પત્રકારે કહ્યું કે શું દરેક કાશ્મીરી ખરાબ નથી એવું તમે માનો છો! ફસાઈ ગયેલા લોકોએ કહ્યું કે અહીંનું વાતાવરણ એકદમ પોઝિટિવ છે! અમને જરાય અસુરક્ષા અનુભવાતી નથી! કાશ્મીરી એટલી આત્મિયતા બતાવે છે, શક્ય છે કે પર્યટકો ડરીને આવું નિવેદન આપતાં હોય! પણ હકીકતમાં કાશ્મીરી સાથ દેતા હોય તો તો ખૂબ સારું! આમ જુવો તો હોવું જ જોઈએ! કારણકે આમતો દરેક કાશ્મીરી જાણે છે કે, નહીં ને કદાચ આવતીકાલે કાશ્મીર પાકિસ્તાનનો હિસ્સો બને તો, એમને ખાવાનાં પણ સાંસા પડે એમ છે! કારણકે દર વર્ષે કાશ્મીર ટુરિઝમ ૧૨૦૦૦ કરોડ ઉપરનો ધંધો કરે છે! એ ધંધો ભાંગી પડે! દુનિયાનાં બધાં દેશમાં બધા ફરવા જાય છે, પણ કોઈ પાકિસ્તાન ફરવા ગયું હોય એવું સાંભળ્યું નથી! એટલે દરેક કાશ્મીરી એ પણ પોતે ઈન્ડિયન એટલે કે ભારતીય છે, એ સાબિત કરવું પડશે! આતંકવાદીને પોષવાનું કે છાવરવાનું બંધ કરવું પડશે! ધર્મ શિક્ષણને નામે પોતાના સંતાનોના મનમાં કોઈ પ્રકારનું ઝેર ન જાય એનું ધ્યાન રાખવું પડશે! જીવન જરૂરિયાતની વસ્તુઓની ખરીદી કરતી વખતે એ રુપિયા કોઈ હથિયાર ખરીદવામાં વપરાતા નથી ને એ જોવું પડશે! અને સૌથી મહત્વનું સાચો ધર્મ તો માનવતાનો છે! ભાઈચારાનો છે, એ સાબિત કરવું પડશે! આપણે ચાહે ભારતના કોઈપણ રાજ્યના હોઈએ, આપણી માટે ભારત રાષ્ટ્ર સૌથી ઉપર હોવું જોઈએ! સરહદ પરના જવાનો પોતાનો રાષ્ટ્ર પ્રેમ સાબિત કરવા યુદ્ધમાં બલિદાન આપે છે! એમ આપણે પણ આપણા રાષ્ટ્ર પ્રેમને સાબિત કરવા કે હિન્દુ કહેવડાવવા આ રીતની સાબિતી આપવી પડશે. જય હિન્દ.

**કુદરતી આફત થી છુટકારો મેળવવા આપણે પ્રાર્થના ઇશ્વર અલ્લાહ પરવર દિગાર પરમાત્મને કરીએ છીએ**

# કોઈપણ ફરિયાદ, નિંદા વિના એક દિવસ વિતાવો અને જુઓ કે શાંતિ અને સુખ શોધવાની જરૂર નથી!!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**દરેક ધર્મોમાં પોત પોતાના ઈષ્ટદેવ ની પ્રાર્થના માટે જુદી જુદી પદ્ધતિ ઓ બતાવવામાં આવેલી છે, એ પદ્ધતિ પ્રમાણે સંપૂર્ણ શ્રદ્ધાથી જો પ્રાર્થના કરવામાં આવે તો તેનું પરિણામ ચોક્કસ આવે જ, પરંતુ એવી કોઈ પદ્ધતિ અપનાવ્યા વગર પણ જો અંતરમાંથી ભગવાનને તીવ્રપણે નિવેદન કરવામાં આવે તો પણ તેનું પરિણામ અવશ્ય મળે છે.**

આ વખતની કાળઝાળ ગરમીથી એપ્રિલ મહિનામાં જ કંટાળી ગયા હો આવી ગરમી છેલ્લા કેટલાક વર્ષોથી પડી નથી હવે શું થશે ?? તેવી વિહવળતા અને ભારત - પાકિસ્તાન વચ્ચે હવે કેવી સ્થિતિ સર્જાશે તે ચર્ચાઓ સાથે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે રવિવારે કુદરતી અને રાજકીય ગરમી વચ્ચે હૃદય મનને ઠંડક મળે તેવા પ્રયત્ન કરીએ. કુદરતી આફતથી છુટકારો મેળવવા આપણે પ્રાર્થના ઈશ્વર અલ્લાહ પરવર દિગાર પરમાત્મને કરીએ છીએ. તેમાં કોઈને ક્યાય વાંધો વચકો હોતો નથી. આપણી આ પ્રાર્થના એટલે માનવ હૃદયમાં થી ભગવાન પ્રત્યે થતું નિવેદન. તમે ઉપરની ટૂંકી વાટ પરથી સમજ્યા જ હશો સામાન્ય રીતે વ્યક્તિ પોતાના ઉપરી અધિકારીની આગળ નિવેદન કરે, મૂંઝવણની વાત રજૂ કરે તો તેને ઉપરી અધિકારી પાસેથી હૂંફ આશ્વાસન અને સલામતી મળે છે. ઉપરી અધિકારી પ્રસન્ન થાય તો બઢતી આપે છે. કિંમતી ભેટ સોગાદો પણ આપે છે.તો આ તો સમગ્ર વિશ્વનો સૃષ્ટા છે. તેની આગળ નિવેદન કર્યું હોય તો કેટલી બધી હૂંફ અને શક્તિ મળે! તે પ્રસન્ન થાય તો શું ન મળે ? તેમને પ્રસન્ન કરવા માટે પ્રાર્થના જેવું અસર કારક સાધન બીજું એકેય નથી પણ પ્રશ્ન એ થાય છે કે પ્રાર્થના કેવી રીતે કરવી? એ માટે કોઈ નિશ્ચિત પદ્ધતિ છે ખરી?

દરેક ધર્મોમાં પોતપોતાના ઈષ્ટદેવ ની પ્રાર્થના માટે જુદી જુદી પદ્ધતિ ઓ બતાવવામાં આવેલી છે. એ પદ્ધતિ પ્રમાણે સંપૂર્ણ શ્રદ્ધાથી જો પ્રાર્થના કરવામાં આવે તો તેનું પરિણામ ચોક્કસ આવે જ. પરંતુ એવી કોઈ પદ્ધતિ અપનાવ્યા વગર પણ જો અંતરમાંથી ભગવાનને તીવ્રપણે નિવેદન કરવામાં આવે તો પણ તેનું પરિણામ અવશ્ય




મળે છે. આ સંદર્ભમાં ટોલ્સ્ટોયની એક સુંદર વાર્તા છે. તેમાં એક ટાપુ ઉપર ત્રણ આદિવાસી મનુષ્યો રહેતા હતા. તેઓ જાણતા નહોતા કે ભગવાન કેવા છે ને તેમને કેવી રીતે પ્રાર્થના કરવી. એટલે તેઓ ભગવાનને પોતાની રીતે રોજ કહેતા રહેતા કે “ભગવાન તું ત્રણ છે, અમે ત્રણ છીએ, તું અમનેતાર” આટલી જ પણ સાચા દિલની એમની રોજે રોજેની પ્રાર્થના હતી. હવે ત્યાં વહાણમાં ભૂલો પડેલો એક પાદરી આવી ચઢયો. એમને આદિવાસીઓની પ્રાર્થના અને તેમનું અજ્ઞાન જોઈને દયા આવી ગઈ. તેણે તેઓને કહ્યું, “હું તમને ભગવાનની સરસ મજાની પ્રાર્થના શીખવાડું,” આ પ્રાર્થનાશીખવાડવા તે થોડા દિવસ ત્યાં રોકાઈ ગયો. જ્યારે સુંદર શબ્દો વાળી પ્રાર્થના આદિવાસીઓને બરાબર આવડી ગઈ,એટલે પછી તે ત્યાંથી પોતાના વહાણમાં બેસી ને જવા નીકળ્યો. હવે અહીં પેલા ત્રણ આદિવાસી ઓ પાદરીએ ગોખાવેલા પ્રાર્થનાના શબ્દો ભૂલી ગયા.એમને કેમેય યાદ ન આવે. એટલે તેમણે વિચાર્યું કે હજુ વહાણ સમુદ્રમાં બહુ દૂર નથી ગયું. એટલે તેઓ પાદરી પાસે પહોંચીને પ્રાર્થનાના શબ્દો પાછા શીખી લેશે. આમ માનીને તેઓ સમુદ્રકિનારે આવ્યા. તેમની પાસે તો વહાણ કે તરાપો એવું કશું જ નહોતું. એટલે તેમણે ભગવાનને પોતાની જૂની પ્રાર્થના કરી કે ‘હે ભગવાન તું ત્રણ છે. અમે ત્રણ છીએ,તું અમને તાર.” એમ કહીને તેઓ તો સમુદ્રમાં ચાલવા લાગ્યા. પાણી ઉપર ચાલતા ચાલતા વહાણ સુધી પહોંચી ગયા. એમને આ રીતે આવતા જોઈને પાદરી તોતાક્ષ્બ થઈ ગયો. તેમણે પાણી પર ઊભા ઊભા જ કહ્યું, ‘તમે શીખવાડેલી પ્રાર્થના અમે ભૂલી ગયા છીએ તમે ફરીથી શીખવાડો, એટલે અમે આવ્યા છીએ.” ત્યારે પાદરીએ કહ્યું, મારે તમને પ્રાર્થના શીખવવા ની કોઈ જરૂર નથી. તમે જે પ્રાર્થના કરો છો તે પ્રભુએ સ્વીકારી છે. તમારી જ પ્રાર્થના કરતા રહો.આ સાંભળીને ત્રણેય આદિવાસીઓ રાજી રાજી થઈ ગયા અને આનંદ થી જે રીતે આવ્યા હતા તે રીતે સમુદ્ર પર ચાલતા પાછા ગયા ત્યારે પાદરીને થયું કે જીવનભર રૂપાળા શબ્દોમાં ભગવાનને પ્રાર્થના કરતો રહ્યો, પણ કંઈ ન પામ્યો,જ્યારે આ આદિવાસીઓની માથામેળ વગર ની પ્રાર્થનાથી પ્રભુ એમના પર પ્રસન્ન છે! આ પ્રતીકાત્મક વાર્તા દ્વારા એ સ્પષ્ટ થાય છે કે પ્રાર્થનાના શબ્દો ગમે તે હોય,પણ તેની પાછળનો ભાવ મુખ્ય છે. નાનું બાળક બે ચાર શબ્દો જ બોલે છે, અને તે પણ એની કાલી ઘેલી ભાષામાં, તો પણ માતાપિતા તેની વાત કેવી સમજી જાય છે. એ જ રીતે ભગવાન પણ આપણી કાલી ઘેલી ભાષામાં કરેલી પ્રાર્થના સમજી જાય છે. પ્રાર્થનાના શબ્દો મહત્ત્વ ના નથી, મહત્ત્વનો છે એની પાછળનો ભાવ ભગવાનએ ભાવ ને પકડીને ભક્ત માટે કાર્ય કરે છે. પ્રાર્થના માટે બીજો પ્રશ્નએ ઊઠેછે કે નિશ્ચિત સમયે અને નિશ્ચિત સ્થળે જ પ્રાર્થના કરવી જોઈએ? પ્રાર્થના માટે સમય કે સ્થળ પણ મહત્ત્વનાં નથી.પ્રાર્થના એ તો ભગવાન પ્રત્યેનું નિવેદન છે.એ તો ગમે ત્યારેને ગમે ત્યાં થઈ શકે. ભગવાન સાથે વાર્તા લાપ તો ગમે ત્યાં થઈ શકે. હરતાં-ફરતાં, કામ કરતાં,ખાતાં- પીતાં કોઈપણ સમયે ભગવાનને યાદ કરીને નિવેદન કરી શકાય છે, અંતરિક્ષમાં ગોઠવેલું ભગવાનનું સૂક્ષ્મ ઈન્ટરનેટ એટલું બધું શક્તિ શાળી છે કે એમના પ્રત્યે પાઠવેલો સૂક્ષ્માતિ સૂક્ષ્મ સંદેશ પણ એમાં ઝીલાય છે. તેની નોંધ લેવાય છે. જરૂરિયાત પ્રમાણે તેનો પ્રત્યુત્તર પાઠવીને તેનો અમલ પણ તુરત જ થઈ જાય છે. અદ્ભુત સ્વયં સંચાલિત વ્યવસ્થા ભગવાને ગોઠવી છે.એકવાર જો આ ઈન્ટરનેટની ચાવી હાથમાં આવી જાય અને તેમની સાથેઅનુસંધાન થઈ જાય પછી તો એ સંપર્ક સતત ચાલુ રહે છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે પહેલ ગામમાં પર્યટકો પર થયેલા હુમલા પછી આખો દેશ સ્તબ્ધ થઈ ગયો છે હવે રાજકીય કાવાદાવા બે પાંચ દશ દિવસ દૂધના ઉભરા જેવા થશે અને પછી ઘીના ઠામમાં ઘી ઢળી જશે.આવું લોકોનું માનવું છે.. બસ હિન્દુ રાષ્ટ્ર બનાના હે..ચુંટણીઓ પહેલાં આવા તરકટો થશે .. ચૂંટણી ભાષણબાજી માટેનો એક નવો મુદ્દો તેનાથી વિશેષ કંઈ નથી સમજાય તો ધન્યવાદ બાકી જય શ્રી રામ..અસ્તુ.

### રાજકુમાર રાવે ફિલ્મની નવી રિલીઝ ડેટ જાહેર કરી

# ‘માલિક’ જૂનના બદલે જુલાઈમાં રિલીઝ થશે

## અગાઉ ‘બરેલી કી બરફી’, ‘શાદી મૈં જરૂર આના’ જેવી ફિલ્મોમાં કોમેડી રોલ કર્યા છે



રાજકુમાર રાવે મોટાભાગની ફિલ્મોમાં સંવેદનશીલ રોલ કર્યા છે. કોમેડી, રોમાન્સ, ગંભીર પ્રકારના રોલ કરનારા રાજકુમાર રાવે હવે એક્શન ફિલ્મ પર હાથ અજમાવ્યો છે. રાજકુમારની એક્શન ડ્રામા ‘માલિક’ને ૨૦ જૂને રિલીઝ કરવાનો પ્લાન હતો. જો કે હવે ફિલ્મને પોસ્ટપોન કરવામાં આવી છે. આ ફિલ્મ હવે ૧૧ જુલાઈએ રિલીઝ કરવામાં આવશે. રાજકુમાર રાવે સોશિયલ મીડિયા પર ફિલ્મની નવી રિલીઝ ડેટ જાહેર કરી હતી. રાજકુમારે હાથમાં બંદૂક પકડેલી હોય તેવા પોસ્ટર સાથે નવી ડેટ જાહેર થઈ હતી. પોસ્ટર પર લખ્યુ હતું કે, રૌબ, રુતબા ઔર રાજ હોગા માલિક કા. ૧૧ જુલાઈથી સિનેમાઘરોમાં. રાજકુમારની ‘માલિક’ હાલ પોસ્ટ પ્રોડક્શન સ્ટેજમાં છે. આ ફિલ્મમાં તેણે નિર્દયી ગેંગસ્ટરનો રોલ કર્યો છે. માસૂમ અને સિરિયસ રોલ કરનારા રાજકુમારે પોતાના નવા કેરેક્ટરને પણ જીવંત કરી દીધું છે. આ ફિલ્માં તેણે અત્યાચારી અને પાવરફુલ ગેંગસ્ટરનો રોલ કર્યો છે. રાજકુમાર રાવ પહેલી વખત આ પ્રકારનો રોલ કરી રહ્યો છે. રાજકુમાર રાવે અગાઉ ‘બરેલી કી બરફી’, ‘શાદી મૈં જરૂર આના’ અને ‘છલાંગ’ જેવી ફિલ્મોમાં કોમેડી રોલ કર્યા છે. માલિકામાં રાજકુમારની એક્ટિંગમાં નવો એન્ગલ જોવા મળશે. ટિપ્સ ફિલ્મના બેનર હેઠળ બનેલી આ ફિલ્મને અગાઉ રાજકુમાર રાવના ૪૦મા બર્થ ડે પર એનાઉન્સ કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજકુમાર રાવની અન્ય એક ફિલ્મ મે મહિનામાં આવી છે. વામિકા ગબ્બી સાથેની ‘ભૂલ ચૂક માફ’ ૯ મેના રોજ રિલીઝ થવાની છે.

### ફવાદનો લીડ રોલ હોવાના કારણે ‘અબીર ગુલાલ’નો વિરોધ

# ‘અબીર ગુલાલ’ના ગીતો સો. મીડિયા પરથી હટાવ્યા

## મારા ઘરની વ્યક્તિનું મોત નથી થયું, તો મારે શું? એવું ઘણા લોકો વિચારે છે

પાકિસ્તાની એક્ટર ફવાદ ખાન અને વાણી કપૂરનો લીડ રોલ ધરાવતી ‘અબીર ગુલાલ’ની રિલીઝ સામે દેશભરમાં વિરોધ શરૂ થઈ ગયો છે. આગામી મહિને ફિલ્મને રિલીઝ કરવાનું આયોજન હતું અને પ્રમોશન પણ શરૂ થઈ ગયું હતું. ઓડિયો કંપની સારેગમા દ્વારા ફિલ્મના ગીતો સોશિયલ મીડિયા અને મ્યૂઝિક પ્લેટફોર્મ્સ પર અપલોડ કરાયા હતા. ૨૨ એપ્રિલે પહેલગામ હુમલા બાદ ઓડિયો કંપનીએ તમામ ગીતો હટાવી લેવાનો નિર્ણય કર્યો છે. ફવાદ ખાન અને વાણી કપૂરના લીડ રોલમાં ‘અબીર ગુલાલ’ની જાહેરાત થઈ ત્યારથી વિવાદ છેડાયેલો છે. ફિલ્મની રિલીઝ પૂર્વે દુબઈ ખાતે ગ્લોબલ વિલેજમાં મોટી ઈવેન્ટ રાખવામાં આવી હતી અને મ્યૂઝિક લોન્ચ કરાયું હતું. ૧૯ એપ્રિલે યુ ટ્યૂબ તથા અન્ય મ્યૂઝિક પ્લેટફોર્મ પર તેના ગીતો અપલોડ થયા હતા. ૨૨મીએ



પહેલગામમાં હિચકારા હુમલા બાદ દેશભરમાં ‘અબીર ગુલાલ’ પર પ્રતિબંધ મૂકવાની માગ પ્રબળ બની છે. વિરોધ ઉગ્ર બનવાની સાથે ભારતીયોની લાગણી દુભાવાની શક્યતા જણાતા સારેગમા દ્વારા તમામ પ્લેટફોર્મ પરથી ‘અબીર ગુલાલ’ના ગીતો હટાવી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત ફિલ્મ અંગેની તમામ પોસ્ટ પર સોશિયલ મીડિયા પરથી ડીલિટ કરી દેવાઈ છે. પાકિસ્તાની કલાકારો પ્રત્યે ભારતીય ઓડિયન્સની નારાજગી હોવા છતાં ફિલ્મના મેકર્સ સહેજ પણ ડગ્યા ન હતા. ફિલ્મની રિલીઝ સુધીમાં કોઈ ઉકેલ મળવાની આશાએ પૂરજોશમાં પ્રમોશન શરૂ કરાયુ હતું. જો કે પહેલગામ હુમલાએ ‘અબીર ગુલાલ’ની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. ફવાદ ખાન અને વાણી કપૂરનો લીડ રોલ ધરાવતી ‘અબીર ગુલાલ’નું ટીઝર પહેલી એપ્રિલે શેર થયું હતું. આ ટ્રેલરના પગલે બોલિવૂડનો પાકિસ્તાનપ્રેમ વિવાદમાં આવ્યો હતો.

### આજની પેઢીના એક્ટર્સને પોતાની ફેશન સેન્સ પર કોન્ફિડન્સ છે

# પલકની ફેશન સેન્સમાં કમ્ફર્ટનું સૌથી વધુ મહત્વ



### પલકની આગામી ફિલ્મ ‘ભૂતની’ છે, પણ પલકે ચર્ચામાં રહેવા માટે ફિલ્મની રિલીઝ સુધી રાહ જોવાની જરૂર નથી

ફિલ્મોમાં આગમન કરતાં પહેલા પલક તિવારી સોશિયલ મીડિયા પર જાણીતી બની હતી. પલકને પોપ્યુલારિટી અપાવવામાં તેની ફેશન સેન્સનો મોટો ફાળો છે. પોતાની પર્સનાલિટીમાં ફેશનના મહત્ત્વની પલકને ખબર છે. પલકનું માનવું છે કે, દરેક પ્રકારની ફેશનમાં કમ્ફર્ટનું સૌથી વધુ મહત્ત્વ છે. આંખને જોવા ગમે અને કમ્ફર્ટેબલ લાગે તેવાં કપડાં જ પસંદ કરવા જોઈએ. ફેશન સેન્સ ડેવલપ કરવામાં માતા શ્વેતા તિવારીની શીખામણ પલકને ઘણી કામ લાગી છે. શ્વેતા હંમેશા પલકને કહેતી હતી કે, ફેશનનો બીજો અર્થ કમ્ફર્ટ છે અને જે કપડાં પહેરીને આપણે સારા લાગીએ તે ફેશન છે. પોતાની પસંદગીના કપડાં અંગે વાત કરતાં પલકે કહ્યું હતુ કે, તેને બેગી જીન્સ અને ટી-શર્ટ સૌથી વધુ પ્રિય છે. પલકની આગામી ફિલ્મ ‘ભૂતની’ છે, પણ પલકે ચર્ચામાં રહેવા માટે ફિલ્મની રિલીઝ સુધી રાહ જોવાની જરૂર નથી. તે સોશિયલ મીડિયા પર સતત અપડેટ આપતી રહે છે. પલકની જેમ આજની પેઢીના અન્ય સ્ટાર્સ પણ પોતાના ચાહકો સાથે જોડાયેલા રહે છે. પલકે આજની પેઢીના એક્ટર્સની ફેશન સેન્સ અંગે કહ્યું હતું કે, દરેકની પોતાની સ્ટાઈલ છે અને તેના માટે નવી પેઢીના એક્ટર્સ કોન્ફિડન્ટ છે. લોકો શું કહેશે? તેવું આજની પેઢી વિચારતી નથી. લોકોના અભિપ્રાય આજની પેઢીને ખાસ અસર કરતા નથી. પોતાની ઈચ્છા મુજબ વર્તન કરવાનું આજની પેઢીને પસંદ છે. ફિલ્મ સ્ટાર્સ લાઈમ લાઈટમાં રહેતા હોવાથી તેમનો આકર્ષક દેખાવ જરૂરી હોય છે. આ અંગે પલકે કહ્યું હતું કે, કરિયરની શરૂઆતમાં આકર્ષક દેખાવાની ચિંતા રહેતી નથી. શરૂઆતના કેટલાક મહિનાઓમાં ફોટોગ્રાફ્સ કેવા આવશે તેવું વિચારતી હતી.

# રાની મુખર્જીની ‘મર્દાની 3’માં જાનકી બોડીવાલાનો સમાવેશ

## ‘વશ’, ‘શૈતાન’ જેવી ફિલ્મોથી જાણીતી બનેલી ગુજરાતી એક્ટ્રેસ પોલીસ ઓફિસરનો રોલ કરશે રાની મુખર્જી

રાની મુખર્જી ફરી એક વાર બહાદુર પોલીસ ઓફિસર શિવાની શિવાજી રોયનો રોલ કરવા સજ્જ છે. ૨૦૧૪માં રિલીઝ થયેલી ‘મર્દાની’ની ત્રીજી ફિલ્મમાં ગુજરાતી એક્ટ્રેસ જાનકી બોડીવાલાનો સમાવેશ કરાયો છે. જાનકી બોડીવાલા આ ફિલ્મમાં રાની મુખર્જીની જેમ જ પોલીસ ઓફિસરનો રોલ કરશે. ૨૦૧૯માં ‘મર્દાની ૨’ને પણ બોક્સઓફિસ પર સફળતા મળી હતી. હવે આ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ બનાવવાની શરૂઆત થઈ છે. ફિલ્મના પ્રોડ્યુસર આદિત્ય ચોપરા અને રાની મુખર્જી પોલીસ ઓફિસરના રોલમાં એક દમદાર એક્ટ્રેસને લેવા માગતા હતા. ‘વશ’, ‘શૈતાન’ જેવી ફિલ્મોથી જાણીતી બનેલી ગુજરાતી એક્ટ્રેસ પોલીસ ઓફિસરનો રોલ કરશે, રાની મુખર્જીની એક્ટિંગ સાથે તાલ મિલાવી શકે તેવી એક્ટ્રેસ તરીકે આખરે જાનકી બોડીવાલાને પસંદ કરવામાં આવી છે. ‘વશ’ અને ‘નાડીદોષ’ જેવી ફિલ્મોથી ગુજરાતી ઓડિયન્સમાં





લોકપ્રિય બનેલી જાનકી બોડીવાલાની પહેલી હિન્દી ફિલ્મ ‘શૈતાન’ હતી. ગુજરાતી ફિલ્મ ‘વશ’ની રીમેક તરીકે બનેલી આ ફિલ્મમાં જાનકીએ અજય દેવગન સાથે મહત્ત્વનો રોલ કર્યો હતો. જાનકીને બીજી બિગ બજેટ હિન્દી ફિલ્મ ઓફર થઈ છે અને મુંબઈમાં તેનું શૂટિંગ શરૂ થઈચૂક્યું છે. આ ફિલ્મમાં રાની મુખર્જીના સહયોગી પોલીસ ઓફિસરના રોલમાં જાનકી બોડીવાલા જોવા મળશે. ‘મર્દાની’માં અગાઉની બંને ફિલ્મમાં ગુનાખોરી અને સામાજિક સમસ્યા અંગે વાત થઈ હતી. યશરાજ ફિલ્મ્સના પ્રોડક્શનમાં બની રહેલી ત્રીજી ‘મર્દાની’ના વિષય અંગે કોઈ જાહેરાત થઈ નથી. જો કે સ્ક્રિપ્ટ ખૂબ મજબૂત હોવાનો અને ઓડિયન્સની સંવેદનાને હચમચાવી દે તેવી હોવાનો દાવો કરાયો છે. આગામી વર્ષે હોળી પર આ ફિલ્મને રિલીઝ કરવાનું આયોજન છે. જુલાઈ મહિનામાં ‘સૈયારા’ બાદ ઓગસ્ટમાં ‘વોર ૨’ રિલીઝ થવાની છે. ત્યાર બાદ ડિસેમ્બરમાં ‘આલ્ફા’ અને ફેબ્રુઆરીમાં ‘મર્દાની’નું આગમન નક્કી છે. ‘વશ’, ‘શૈતાન’ જેવી ફિલ્મોથી જાણીતી બનેલી ગુજરાતી એક્ટ્રેસ પોલીસ ઓફિસરનો રોલ કરશે, આમ, જુલાઈ મહિનાથી યશરાજ પ્રોડક્શનની ફિલ્મોનું લાઈન અપથયેલું છે. ‘ધૂમ ૪’ અને ‘પઠાણ ૨’ની તૈયારીઓ પણ ચાલી રહી છે.

### વિક્રાંત મેસ્સીને ‘૧૨વીં પાસ’ બદલ ભરપૂર પ્રશંસા મળી છે

# ‘વ્હાઈટ’માં શ્રી રવિશંકરનું અનોખું યોગદાન દર્શાવશે વિક્રાંત મેસ્સી

નવી પેઢીના દમદાર એક્ટર્સમાં વિક્રાંત મેસ્સીનો સમાવેશ થાય છે. ગોધરા કાંડ અને ત્યારબાદના રમખાણો આધારિત ફિલ્મ ‘સાબરમતી એક્સપ્રેસ’માં પાવરફુલ પરફોર્મન્સ આપ્યા પછી વિક્રાંતે થોડો સમય બ્રેક લેવાની જાહેરાત કરી હતી. વિક્રાંત મેસ્સી હવે વધુ એક દમદાર રોલ સાથે કમબેક કરવા સજ્જ છે. રિપોર્ટ્સ મુજબ આગામી થ્રિલર ‘વ્હાઈટ’માં ભારતના પ્રતિષ્ઠિત આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરના રોલ માટે વિક્રાંત મેસ્સીની પસંદગી થઈ છે. વિક્રાંત મેસ્સીને ‘૧૨વીં પાસ’ બદલ ભરપૂર પ્રશંસા મળી છે. રિયાલિસ્ટિક રોલ કરવા માટે જાણીતા બનેલા વિક્રાંતે આગામી ફિલ્મમાં શ્રી શ્રી રવિશંકર જેવા લૂક માટે વાળ વધારવાનું શરૂ કરી દીધું છે. રિપોર્ટ્સ મુજબ, વિક્રાંતે વાળ વધારવા ઉપરાંત પોતાનો સમગ્ર લૂક બદલવા મહેનત શરૂ કરી છે. સ્કિન પર શ્રી શ્રી રવિશંકર જેવા દેખાઈ શકાય તે માટે વિક્રાંતે શ્રી શ્રીના અનેક વીડિયો જોયા છે અને તેમની બોડી લેન્ગવેજનો અભ્યાસ કર્યો છે. ફિલ્મની સ્ટોરી અંગે ખાસ વાત થઈ નથી, પરંતુ તેને થ્રિલર તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વના સૌથી લાંબા ગૃહયુદ્ધનો અંત લાવવામાં શ્રી શ્રી રવિશંકરે ભજવેલી ભૂમિકા અંગે આ ફિલ્મમાં વાત થશે. કોલંબિયામાં ૫૨ વર્ષથી ગૃહયુદ્ધ ચાલી રહ્યું હતું. ભારતના આધ્યાત્મિક ગુરુએ આ કપરા સમયમાં સમગ્ર વિશ્વને સ્પિરિચ્યુલ ડિપ્લોમસીનો અનુભવ કરાવ્યો અને ગૃહયુદ્ધનો અંત લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. શ્રી શ્રી રવિશંકરના આ યોગદાન વિષે બહુ ઓછી વાત થઈ છે. શ્રી શ્રી રવિશંકરના આ યોગદાનને ફિલ્મ સ્વરૂપે દર્શાવવામાં આવશે. ફિલ્મને ઈંગ્લિશ ઉપરાંત સ્પેનિશમાં પણ રિલીઝ કરવાનું આયોજન છે. ફિલ્મની ક્રૂમાં વિદેશના અનેક સભ્યોનો સમાવેશ કરાયો છે, જેથી ‘વ્હાઈટ’ને ગ્લોબલ ઓડિયન્સ સમક્ષ વધારે અસરકારક રીતે રજૂ કરી શકાય. ફિલ્મના શૂટિંગ તથા રિલીઝ અંગેની સત્તાવાર માહિતી હજુ જાહેર થઈ નથી. કોલંબિયામાં ૫૨ વર્ષથી ચાલી રહેલા ગૃહયુદ્ધનો અંત લાવવામાં ભારતના આધ્યાત્મિક ગુરુના યોગદાનને ફિલ્મમાં દર્શાવાય તેવી શક્યતા. ફિલ્મની કાસ્ટ અંગે પણ કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી, પરંતુ અધ્યાત્મ, રાજકારણ, હિંસા જેવા વ્યાપક વિષયો સાથે ફિલ્મ બનાવવાના પ્રયાસો અંગે આતુરતા છવાઈ રહી છે.





### તાપસી પન્નુ છેલ્લા ચાર વર્ષથી બારાબંકીમાં સરકારી શાળાની મુલાકાત લઈ રહી છે

# UP બારાબંકીમાં સરકારી સ્કૂલની બાળકીઓને તાપસીએ સાઈકલ આપી



### સ્કૂલની બાળકીઓ સાથે સમય વીતાવતી વખતે તાપસીએ તેમને શિક્ષણ અને સ્પોર્ટ્સના માધ્યમથી આત્મનિર્ભર બનવા પ્રેરણા આપી

તાપસી પન્નુએ ઉત્તર પ્રદેશના બારાબંકી ખાતે આવેલી સરકારી શાળાની મુલાકાત લીધી હતી. સ્કૂલની બાળકીઓ સાથે સમય વીતાવતી વખતે તાપસીએ તેમને શિક્ષણ અને સ્પોર્ટ્સના માધ્યમથી આત્મનિર્ભર બનવા પ્રેરણા આપી હતી. તાપસીએ શાળાની બાળકીઓને સાઈકલ ભેટમાં આપી હતી. તાપસીની સાથે તેનો પતિ અને પૂર્વ બેડમિન્ટન ખેલાડી મેથિઆસ બો પણ હાજર હતો. સેલિબ્રિટી કપલે બાળકીઓ સાથે સમય વિતાવ્યો હતો અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. બાળકીઓને શિક્ષણ અને સ્પોર્ટ્સ માટે પ્રોત્સાહન આપવાના હેતુથી તાપસી નિયમિત રીતે બાળકીઓને મળતી રહે છે. બાળકીઓ પણ તાપસી સાથે મુલાકાતથી ઉત્સાહમાં આવી ગયા હતા. તાપસીએ સંકોચ છોડી બાળકીઓ સાથે ઘણી વાતો કરી હતી.નંદી ફાઉન્ડેશન સંચાલિત નન્હી કલી પ્રોજેક્ટ અંતર્ગત બારાબંકીમાં રામનગર ખાતે આવેલી પ્રાશમિત શાળાની પસંદગી કરવામાં આવી છે. અહીંયા શાળાનો સમય પૂરો થયા પછી બાળકોને બે કલાક ફ્રી ટ્યુશન અપાય છે. તાપસીએ આ શાળાની ૬૦ બાળકીઓને દત્તક લીધેલી છે અને દર વર્ષે તેમને મળવા આવે છે. તાપસી દરેક મુલાકાત વખતે બાળકીઓને ઘણું બધું લર્નિંગ મટિરિયલ આપીને જાય છે, જેના કારણે બાળકીઓ અને તેમના પરિવારનો ઉત્સાહ વધે છે. બાળકીઓએ સ્કૂલે જવા માટે ચાલવું ના પડે તે હેતુથી તાપસીએ સાઈકલ આપી છે. તાપસી પન્નુએ જણાવ્યુ હતું કે, આ બાળકીઓ ડોક્ટર, એન્જિનિયર અથવા શિક્ષક સહિત કોઈ પણ ક્ષેત્રમાં કરિયર બનાવવા માગતી હોય તો તે તેમની સાથે છે. તાપસી છેલ્લા ચાર વર્ષથી બારાબંકી આવી રહી છે અને આ વિસ્તારને પોતાનું બીજું ઘર માને છે.

# મને ગુજરાતીમાં હિન્દી કરતા વધુ સારા રોલ મળ્યાં : સુપ્રિયા

## પંજાબ અને સાઉથની ઇન્ડસ્ટ્રીમાં જે રીતે લોકોને તેમની ફિલ્મ માટે જે લગાવ અને પોતાપણું છે, એ આપણામાં નથીઃ સુપ્રિયા પાઠક



પંજાબ અને સાઉથની ઈન્ડસ્ટ્રીમાં જે રીતે લોકોને તેમની ફિલ્મ માટે જે લગાવ અને પોતાપણું છે, એ આપણામાં નથીઃ સુપ્રિયા પાઠક “મેં દર વર્ષે એક ગુજરાતી ફિલ્મ કરવાનું વિચાર્યુ છે, કારણ કે આ મારા મૂળ છે. હું સમજું છું કે સુવિધાઓ અને બજેટની તકલીફો હોય પણ છતાં આપણી પાસે ઘણા સારા વિષયો છે. મને ગુજરાતીમાં હિન્દી કરતાં સારા રોલ મળ્યાં છે. ઘણાં ગુજરાતી કલાકારોને એવું થાય છે, તેથી એ લોકો પણ પાછા આવવા ઈચ્છે છે.’’ આવું કહે છે, સુપ્રિયા પાઠક. ફરી એક વખત ફિલ્મ, ટીવી અને રંગભૂમિના જાણીતા એભિનેત્રી સુપ્રિયા પાઠક એક ગુજરાતી ફિલ્મ સાથે આવી રહ્યાં છે, ડિકેક્ટર-પ્રોડ્યુસર અભિષેક જૈનની ફિલ્મ ‘આન્ટી-પ્રેન્યર’માં તેઓ જસુ ગાંગાણીના રોલમાં જોવા મળશે. આ પહેલાં તેમણે નવગુજરાત સમય સાથે આ ફિલ્મના પાત્ર, તેમની ફિલ્મની સફર અને સ્ત્રી પાત્રો વિશે વિગતે વાતો કરી હતી. જસુ ગાંગાણીનું પાત્ર વાસ્તવિક જીવનમાં તમારી જાત સાથે કઈ રીતે જોડાય છે, “આ વાત દરેક સ્ત્રીની છે, પછી કે કોઈ હોમ મેકર હોય કે પ્રોફેશનલ, આ દરેક સ્ત્રીની સફર છે. આપણે સતત એક કામ કરતાં જ રહીએ છીએ. જો હું હોમ મેકર હોય તો પણ આ મારી ૨૪ કલાકની જોબ છે. જો હું બહાર જઈને કામ કરતી હોય તો પણ દિવસના નવથી દસ કલાક મારી બીજી જોબ અને જવાબદારી હોય છે. આ સ્થિતિ દરેક સ્ત્રીની છે, દરેક સ્ત્રી એક ભારણ નીચે જીવે છે. તેની પાસે તેના પોતાના માટેનો સમય જીવનમાં ઘણાં પાછળના વર્ષોમાં મળે છે. જ્યારે એક ચોક્કસ ઉંમરે પહોંચીને કોઈ સ્ત્રીને અનુભૂતિ થાય છે, ત્યારે તે જીવનમાં અલગ પડાવ પર હોય છે. તમને યુવા વયે કોઈ લક્ષ્ય મળી જાય અને જીવનના પાછળના તબક્કામાં મળે તેમાં બે અલગ વ્યક્તિની સફર જેટલો ફરક હોય છે. જસુબેન એક જિદ્દી પાત્ર છે, તે પોતાના સમગ્ર જીવનમાં આવી જ રહી છે. તેના માટે તેની આસપાસની મહિલાઓને તેઓ પણ જિદ્દી છે, એ અનુભૂતિ કરાવવી એની જ આ સફર છે.’’આ પહેલાં કેરી ઓન કેસર અને કહેવતલાલ પરિવાર જેવી ફિલ્મ કરી ચૂકેલાં સુપ્રિયા પાઠકે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે વાત કરતાંજણાવ્યું,“ગુજરાતી તરીકે આપણને આપણા ગુજરાતીપણા માટે ગૌરવ નથી. પંજાબ અને સાઉથની ઈન્ડસ્ટ્રીમાં જે રીતે લોકોને તેમની ફિલ્મ માટે જે લગાવ અને પોતાપણું છે, એ આપણામાં નથી. તેમની વાર્તાઓ તેમનાં લોકોની જ હોય આપણે ત્યાં પાછા પડીએ છીએ. એક કલાકાર તરીકે કે મીડિયા તરીકે આપણે સાથે મળીને લોકોને આ તરફ વાળવાની જરૂર છે. આપણામાં ભેડચાલની આદત પડી ગઈ છે, એક ફિલ્મ ચાલે તો બધી એવી જ ફિલ્મ બનવા માંડશે.’’

# MORD દ્વારા DDU-GKY અને RSETI ગુજરાતની સમીક્ષા મુલાકાતઃ ગ્રામીણ યુવાનોના કૌશલ્ય વિકાસને મજબૂતી

### ૨૪ અને ૨૫ એપ્રિલના રોજ, ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય (MoRD) ની એક સમીક્ષા ટીમે




| અમદાવાદ, તા.૨૬ |

રાજ્યમાં દીન દયાળ ઉપાધ્માય ગ્રામીણ કૌશલ્ડ્સ યોજના (DDU-GKY) અને ગ્રામીણ રોજગાર તાલીમ સંસ્થાઓ (RSETI) ના અમલીકરણ અને પ્રગતિનુ મૂલ્યાંકન કરવા માટે ગુજરાતની મુલાકાત લીધી.

આ મુલાકાત રાષ્ટ્રીય માર્ગદર્શિકા અનુસાર ચાલુ તાલીમની અને પ્લેસમેન્ટ ની પ્રવૃત્તિઓની ગુણવત્તા, પારદર્શિતા અને ગ્રામીણ ઉપલબ્ધી પર ભાર મૂકી રહી છે. ટીમે યોજનાના ગ્રાઉન્દ્-લેવલ અમલીકરણ અને અસરને સમજવા માટે તાલીમ ભાગીદારો, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની (GLPC) ના અધિકારીઓ અને લાભાર્થીઓ સાથે વાતચીત કરી. આ ચર્ચામાં આગામી વર્ષ માટે આગળ વધવાના માર્ગ, જેમાં તાલીમ વિતરણમાં વ્યૂહાત્મક સુધારા, મજબૂત પ્લેસમેન્ટ જોડાણો અને ઉત્તમ રોજગાર માટે ગ્રામીણ યુવાનોને સહયોગ આપવા જેવા મુદ્દાઓ પણ આવરી લેવામાં આવ્યા

DDU-GKY ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની (GLPC) દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ હાલમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાં કાર્યરત છે.



ઝાલોદ નિવાસી પ્રજાપતિ જસવંતલાલ ભગવાનદાસના સુપુત્ર સંજય કુમાર જાદવને ગુજરાતના રાજયપાલ તરફથી Best Extensive Educatinst અવોર્ડ મળતા ઝાલોદ નગરનું નામ રોશન કર્યું.

# થરા શ્રી ઓગડ વિદ્યામંદિર ખાતે વય નિવૃતિ વિદાય શુભેચ્છા સમારોહ યોજાયો



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

| (પ્રતિનિધી) થરા, તા.૨૬ |

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી ઓગડ વિદ્યામંદિર થરા ખાતે વય નિવૃત્ત કર્મચારીઓ નો વિદાય શુભેચ્છા સમારોહ યોજાયો વિદાય સમારંભમાં શાળાના સુપરવાઈઝર બી.બી. પઢિયાર,મ.શિ.વાય.એ બારોટ અને સેવિકા જામીબેન એલ દેસાઈનો વય નિવૃત્ત થવાના કારણે કાંકરેજ તાલુકા કેળવણી મંડળ અને શાળા પરિવાર તરફ થી શુભેચ્છા સમારોહ યોજાયો આ સમારોહમાં અધ્યક્ષ સ્થાને સંસ્થાના પ્રમુખ ધીરજભાઈ શાહ મંત્રી જીતુભાઈ ધાણધારા, ગીરાબેન શાહ સાથે અન્ય મહેમાનો હાજર રહી વય નિવૃત થનાર કર્મચારીઓનું ફૂલહાર અને સાકર, શ્રીફળ આપી આચાર્ય એ.એસ. વાલાણી તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. વયનિવૃત થતા કર્મચારીઓને શાળાના મ.શિ.એસ સી બારોટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.ટી. જોશી અને એલ એચ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતુ આ કાર્યક્રમની આભારવિધિ વી.એમ. રાવળ દ્વારા કરવામાં આવેલ તેમજ બાળકો માટે વય નિવૃત થતા કર્મચારીઓ દ્વારા શાળાના તમામ વિધાર્થીઓ માટે ભોજન સમારંભનું આયોજન કરાયેલું જેની સુંદર વ્યવસ્થા જામાભાઈ ચરમટા, વિષ્ણુભાઈ જોષી અને નારણભાઈ ચૌધરી સાથે સમગ્ર સ્ટાફે ખડેપગે હાજર રહી સુંદર કામ ગીરી કરેલ છે.

# NPSના વિદ્યાર્થીઓ તેમજ અન્ય શાળાઓના વિદ્યાર્થીઓ માટે ચાર દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ |

નારાયણી પબ્લિક સ્કૂલ, ઝાલોદ દ્વારા NPS ના વિદ્યાર્થીઓ તેમજ અન્ય શાળાઓના વિદ્યાર્થીઓ માટે ચાર દિવસીય સમર કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

પરીક્ષાની તીવ્ર મોસમ પછી વિદ્યાર્થીઓને આરામ અને તાજગી મળે તે માટે આ પહેલ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, આ સમર કેમ્પ સંપૂર્ણપણે મફતમાં યોજવામાં આવ્યો હતો, જેથી ખાતરી કરી શકાય કે બધા વિદ્યાર્થીઓ તેમની પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના અનુભવનો લાભ લઈ શકે.

આ કેમ્પમાં વિવિધ મનોરંજક, શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો જે યુવા મનને તાજગી આપવા માટે રચાયેલ છે અને વર્ગખંડની બહાર શિક્ષણને પ્રોત્સાહન આપે છે.

અમને ગર્વ છે કે સમર કેમ્પ આજે ઝાલોદના લોકોના ઉત્સાહી ભાગીદારી અને જબરદસ્ત સમર્થન સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો.

અમે આ કાર્યક્રમને યાદગાર બનાવવામાં યોગદાન આપનારા તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમુદાયના સભ્યોનો હ્રદયપૂર્વક આભાર માનીએ છીએ.

# આગામી 30 એપ્રિલ સુધી e-KYC ના કરાવનારનું અનાજ બંધ થશે

### તમામ લાભાર્થીઓને વહેલી તકે e-KYC કરાવી લેવાની નવસારી જિલ્લા પુરવઠા વિભાગની અપીલ

| (માહિતી) નવસારી, તા.૨૬ |

ભારત સરકારની સુચનાનુસાર સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં ડાયરેકટ બેક્ર ટ્રાન્સફરનો લાભ મેળવવા માટે રેશનકાર્ડમાં નામ ધરાવતાં તમામ નાગરિકોનું ફરજીયાત આધાર બેઝડ ઈ-કેવાયસી કરવાનું થાય છે. આ ઈ-કેવાયસી લાભાર્થી માય રેશન મોબાઈલ એપ્લીકેશન દ્વારા ઘરે બેઠાં ફેસ ઓથેન્ટીકેશન મારફતે જાતે કરી શકે છે. તે ઉપરાંત લાભાર્થી મામલતદાર કચેરીમાં જાતે આવી થમ્બ ઈમ્પ્રેશન આપીને ૪ ગ્રામ પંચાયત ખાતે ઈ-ગ્રામ સેન્ટરમાં વીસીઈ મારફતે ૪ ગામ/શહેરની શાળાના શિક્ષકો-આચાર્ય ૪ પોસ્ટ માસ્તર તથા સરકાર માન્ય વાજબી ભાવની દુકાનના સંચાલકો દ્વારા પીડીએસ પ્લસ મોબાઈલ એપ્લીકેશન મારફતે ઈ-કેવાયસી કરાવી શકે છે. તા.૨૫/૦૪/૨૦૨૫ સુધીમાં ખેરગામ તાલુકાનું-95@4 વાંસદા તાલુકા નું-92@4 ચીખલી તાલુકાનું-92@4 ગણદેવી તાલુકાનું-89@4 જલાલપોર તાલ કાનું-84@4 નવસારી (ગ્રામ્ય) તાલ કાનું-80@4 તથા નવસારી (શહેર) તાલુકાનું-80@ લાભાર્થીઓનું ઈ-કેવાયસી પુર્ણ થયેલ છે. તેમજ નવસારી (શહેર) તાલુકામાં-૨૨૨૮૮૪ નવસારી (ગ્રામ્ય) તાલુકા માં-૧૩૯૮૮૪ જલાલપોર તાલુકામાં-૧૬૫૧૫૪ ગણદેવી તાલુકામાં-૧૭૭૦૧૪ ચીખલી તાલુકામાં -૧૩૩૭૫૪ વાંસદા તાલુકામાં-૧૫૬૯૧ તથા ખેરગામ તાલુકામાં-૨૫૪૮ લાભાર્થીના ઈ-કેવાયસી બાકીમાં છે. જેથી બાકી તમામ લાભાર્થીઓનું આગામી તા.૧ મે૪ ૨૦૨૫ થી એનએફએસએ હેઠળ મળવાપાત્ર સબસીડીવાળું અનાજ બંધ થવા બાબતે પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે દરેક એનએફએસએ રેશનકાર્ડ ધારકોએ તથા રેશનકાર્ડમાં સમાવિષ્ટ તમામ સભ્યોનું ઉપર જણાવેલ સ્થળ જઈને અન્યથા જાતે ઈ-કેવાયસી કરાવી લેવા જિલ્લા પુરવઠા અધિકારી૪ નવસારી દ્વારા અખબારી યાદી મારફત ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# પાલનપુર ખાતે “ડિસ્ટ્રિક્ટ એન્વાયરમેન્ટ પ્લાન ઓફ બનાસકાંઠા” સંદર્ભે બેઠક યોજાઈ

| (માહિતી) બનાસકાંઠા, તા.૨૬ |

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના સભ્યશ્રી તથા ભારત સરકારના સચિવશ્રી અને હાઈકોર્ટના જજશ્રી ડૉ.અફરોઝ અહમદના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે “ડિસ્ટ્રિક્ટ એન્વાયરમેન્ટ પ્લાન ઓફ બનાસકાંઠા” સંદર્ભે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)ના આદેશ મુજબ બનાસકાંઠા જિલ્લાની પર્યાવરણ યોજનાની કામગીરી બાબતે સમીક્ષા કરાઈ હતી. આ બેઠકમાં અધ્યક્ષશ્રી ડૉ.અફરોઝ અહમદએ જણાવ્યું હતું કે, પર્યાવરણ એ આપણી ધરોહર અને ધર્મ છે. પર્યાવરણનું સંવર્ધન કરવું એ આપણા સૌ કોઈની જવાબદારી બને છે. આવનાર પેઢીનું ભવિષ્ય પર્યાવરણને આધિન છે. કુદરતી સંસાધનો લોકોની આજીવિકાનું સાધન છે. આજે ગુજરાતમાં લાખોની સંખ્યામાં પ્રવાસી પક્ષીઓ નિવાસ કરે છે. પેસ્ટીસાઈડનો ઉપયોગ ટાળવો જોઈએ તથા જંગલોમાં વધારો થાય તે મુજબ કામ કરવું જોઈએ. ખેડૂતો વધુમાં વધુ વૃક્ષો વાવે અને તેનું સંવર્ધન કરે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ. વિકાસ અને પર્યાવરણ સાથે ચાલે તે દિશામાં કામ કરવું જોઈએ. બોર અને કુવા રિચાર્જ, વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર, એન્વાયરમેન્ટ માટે ફંડિંગ તથા પાણીના તળ ઊંચા આવે તે દિશામાં કામ કરવું જોઈએ.

# અમદાવાદ જિલ્લાના તમામ તાલુકાઓમાં વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી

### આરોગ્ય કર્મચારીઓ દ્વારા રેલી, સભા, પપેટ શો, વર્કશોપ, રંગોળી, હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ, જનજાગૃતિ સહિતની કામગીરી કરવામાં આવી



તસ્વીર : નીલકંઠ વાસુકીયા, વિરમગામ

| (પ્રતિનિધી) વિરમગામ, તા.૨૬ |

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમાર અને જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના સીધા માર્ગદર્શન હેઠળ અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે અને અમદાવાદ જિલ્લો મેલેરિયા મુક્ત જિલ્લો બનવા તરફ આગળ વધી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયા કે ડેન્ગ્યુને કારણે કોઈ માનવ મૃત્યુ થયું નથી અને અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નાબૂદી અભિયાન અંતર્ગત ખાસ એકશન પ્લાન કરવામાં આવ્યો છે. ૨૫ મી એપ્રિલે વિશ્વ મેલેરિયા દિવસની અમદાવાદ જિલ્લાના તમામ તાલુકાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર કક્ષાએ ઉજવણી કરવામાં આવી હતી. આરોગ્ય કર્મચારીઓ દ્વારા પપેટ શો, નાટક, રેલી, સભા, વર્કશોપ, રંગોળી, પોરાનાશક કામગીરી, હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ, ગ્રુપ ડિસ્કશન, પત્રિકા વિતરણ, જનજાગૃતિ સહિત વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. ૪૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં રેલી અને ૪૧૬ ગામમાં પ્રચાર પસાર કામગીરી કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા બનાવવામાં આવેલ રંગોળી આકર્ષણનું કેન્દ્ર બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મેલેરિયાનો ફેલાવો માદા એનોફીલીસ મચ્છર દ્વારા થાય છે. કોઈપણ તાવ હોય તો આરોગ્ય કાર્યકર પાસે લોહીની તપાસ મફત કરાવો અને મેલેરિયા હોય તો સંપૂર્ણ સારવાર અવશ્ય લેવી જોઈએ. ઘરની આજુબાજુ પાણીનો ભરાવો થવા દેશો નહીં. ભરાયેલ પાણી વહેવડાવી દેશો. પાણીના નાના ખાડા ખાબોચિયા પૂરી દેવા. તળાવ જેવા પાણીના મોટા સ્ત્રોતમાં પોરા ભક્ષક માછલીઓ અવશ્ય મૂકવી જોઈએ. મેલેરિયા થી બચવા દવા યુક્ત મચ્છરદાની નો ઉપયોગ કરો. મેલેરિયા ડેન્ગ્યુ સહિત કોઈ પણ પ્રકારના વાહકજન્ય રોગની જાણકારી માટે આરોગ્ય કાર્યકર અથવા તો નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો જોઈએ. મેલેરિયા ને રોકો ન આપો એને ફેલાવવાનો મોકો. મેલેરિયાને રોકવો એ આપણા સૌની સહિયારી જવાબદારી છે.

# સાયકલ અને ટુ વ્હીલર વેચાણકર્તાઓએ ધ્યાને લેવા બાબત

| (માહિતી) સાબરકાંઠા, તા.૨૬ |

ગુપ્તચર સંસ્થાઓન વખતો વખતના અહેવાલો તથા ભૂતકાળમાં બનેલી કેટલાક બનાવોથી જણાઈ આવે છે કે આતંકવાદી દ્વારા શહેરમાં શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાનિ તેમજ માલ મિલકતોને નુકસાન કરવામાં આવેલ. જે જોતા આતંકવાદી ત્રાસવાદી તત્વોને પોતાના મલિન ઈરાદાઓને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી/ત્રાસવાદી કૃત્યને અંજામ આપેલ છે.

આ સ્થિતિને નિવાળી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારું સાઈકલ, સ્કૂટર તથા મોટરસાયકલ જેવા ટુ વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગાર સુધી પહોંચી શકાય છે અને આવા બનાવો બનતા ગુનેગારને પકડવામાં સરળતા રહે છે. જેથી વર્તમાન રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાઈકલ, સ્કૂટર તથા મોટરસાયકલ જેવા ટુ વ્હીલર વાહનો વેચનારા ઉપર કાયદાકીય નિયંત્રણ જરૂરી હોય નવી તથા જુની સાઈકલ સ્કૂટર તથા મોટરસાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બિલ આપવું તથા તેની સ્થળપ્રત કબજામાં રાખવી. ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાઈસન્સ, પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખકાર્ડ કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણ પત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેશન,ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો / ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાઈકલ, સ્કૂટર, મોટર સાઈકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ કર્તાઓએ મેળવવાનો રહેશે.

# રાજયના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં વાપી ખાતે યોગ બોર્ડ દ્વારા મહાયોગ શિબિર યોજાઈ

| (પ્રતિનિધી) વલસાડ, તા.૨૬ |

સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં વાપીમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મહાયોગ શિબિર યોજાઈ હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મનની વાત કાર્યક્રમમાં મેદસ્વિતા મુક્ત રાષ્ટ્રની વાત કરવામાં આવી તે અભિયાનને ઝીલી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર પ્રદેશમાં મેદસ્વિતા મુક્ત યોગ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેના અનુસંધાને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા વલસાડ જિલ્લામાં IDY (આંતરરાષ્ટ્રીય યોગ દિવસ) પ્રોટોકોલ પ્રેક્ટિસ અને મેદસ્વિતા હટાવો શિબિર વાપીના છરવાડા ગામે ક્રિકેટ મેદાન પર સવારે ૫-૩૦ થી ૭-૩૦ વાગ્યા સુધી યોજાઈ હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શેર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. પ્રવાસને કારણે તમે નવા સ્થળો જોઈ શકશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે.

**સિંહ (મ,ટ) :**
આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા ઘરનું દશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. તમારા પ્રિયપાત્ર સાથે કેટલાક મતભેદોસ થઈ શકે છે-તમારી પરિસ્થિતિથી તમારા સાથીદારને વાકેફ કરાવવામાં તમને ખાસ્સી મુશ્કેલી પડશે.

**તુલા (ર,ત) :**
આજે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે. તમારો દિવસ તમારા પ્રિયપાત્રના હાસ્ય સાથે શરૂ થશે તથા તેનો અંત એકમેકના સપનાંમાં થશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલીમાંથી બહાર આવી શકો છો?

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. વ્યર્થ વાદ-વિવાદ માં આજે ખાલી સમય બગડી શકે છે, જે તમને દિવસ ના અંતે નિરાશ કરશે.


**મકર (ખ,જ) :**
આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. મિત્રો તથા પ રિવાર સાથે આનંદદાયક સમય. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો. જે લોકો છેલ્લા કેટલાક દિવસો થી ખૂબ જ વ્યસ્ત હતા, તેઓને આજે પોતાના માટે મફત સમય મળી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે.

### કસ્તુરીરંગનના નેતૃત્વમાં ચંદ્રયાન મિશનના પ્લાનિંગની શરુઆત થઈ હતી

# ઇસરોના પૂર્વ ચેરમેન કે. કસ્તુરીરંગનનું ૮૪ વર્ષની વયે બેંગલુરૂમાં નિધન થયું છે




। (એજન્સી) બેંગલુરુ, તા.૨૬ ।

ભારતની સૌથી પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક સંસ્થા - ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)ના પૂર્વ ચેરમેન કે.કસ્તુરીરંગનનું શુક્રવારે સવારે નિધન થયું છે. એ ૮૪ વર્ષના હતા. તેમણે બેંગલુરુમાં પોતાના ઘરમાં અંતિમ શ્વાસ લીધા હતા. ૨૭મી એપ્રિલે તેમના પાર્થિવ શરીરને અંતિમ દર્શન માટે રમન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં રાખવામાં આવશે. કસ્તુરીરંગનને બે વર્ષ પહેલા હાર્ટએટેક આવ્યો હતો. ત્યાર પછી બીમારીનો સામનો કરી રહ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ તેમના નિધન અંગે શોક વ્યક્ત કરી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. કસ્તુરીરંગન ૧૯૯૪થી ૨૦૦૩ સુધી ઈસરોના ચેરમેન રહ્યા હતા. તેમના નેતૃત્વમાં ઈસરોએ ચંદ્રયાન જેવા મોટા મિશનની યોજના તૈયાર કરવાની કામગીરી શરુ કરી હતી. એ ન્યુ એજ્યુકેશન પોલીસીના ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન પણ હતા.કસ્તુરીરંગને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના ચાન્સેલર અને કર્ણાટક નોલેજ કમિશનના અધ્યક્ષ તરીકે કામ કર્યું હતું. એ ૨૦૦૩થી ૨૦૦૯ના રાજ્યસભાના સભ્ય રહ્યા હતા. યુપીએ સરકારના કાર્યકાળ દરમિયાન કસ્તુરીરંગને પ્લાનિંગ કમિશનના અધ્યક્ષ તરીકે કામ કર્યું હતું.કસ્તુરીરંગન એપ્રિલ ૨૦૦૪થી ૨૦૦૯ સુધી બેંગલુરુ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ સ્ટીઝના ડાયરેક્ટર હતા. તેમણે કેન્દ્ર સરકારની કેટલીયે કમિટીઓનું નેતૃત્વ કર્યું અથવા કમિટીઓમાં સામેલ રહ્યા. આ ઉપરાંત, ઉચ્ચ શિક્ષણ, ટેકનોલોજી અને પર્યાવરણ સહિતના મુદ્દાઓ પર સરકારને સલાહ પણ આપી છે.૧૯૯૪માં ઈસરોના ચીફ બનતાં પહેલાં તેઓ ઈસરોના સેટેલાઈટ સેન્ટરના ડાયરેક્ટર હતા. અહીં તેમણે ન્યુ જનરેશનના સ્પેસક્રાફ્ટ, ઈન્ડિયન નેશનલ સેટેલાઈટ(ઈનસેટ-૨) અને દેશના સૌપ્રથમ રિમોટ સેન્સિંગ સેટેલાઈટ



આઈઆરએસ-૧એ અને આઈએરએસ-૧બીની ડિઝાઈન, ડેવલપમેન્ટ અને લોન્ચિંગ પર કામ કર્યું હતું.

### મોંઘવારી-મંદીનો ડર ઘેરાયો

# અમેરિકામાં ૧૮૮ કંપનીઓ નાદાર થઇ, ૧૫ વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો

। (એજન્સી) વોશિગ્ટન, તા.૨૬ ।

અમેરિકામાં નાદારીમાં જતી કંપનીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકામાં ૧૮૮ મોટી કંપનીઓ નાદાર થઈ ગઈ છે. જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર કરતાં ૪૯% વધુ છે. ૨૦૧૦ પછી એક જ ત્રિમાસિક ગાળામાં નાદારી પામેલ કંપનીઓની આ સૌથી મોટી સંખ્યા છે. ૨૦૨૦ની કોરોના મહામારી દરમિયાન પણ આ સંખ્યા ૧૫૦ને પાર કરી શકી નથી. આ રીતે મોટી અમેરિકન કંપનીઓના નાદારીનો ૧૫ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. ગયા વર્ષે દેશમાં કુલ ૬૯૪ મોટી કંપનીઓ નાદાર થઈ ગઈ હતી.૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકામાં ઔદ્યોગિક ક્ષેત્રની ૩૨ કંપનીઓ નાદાર થઈ ગઈ. એ જ રીતે કન્ઝ્યુમર સેક્ટરની ૨૪ કંપનીઓ અને હેલ્થકેર સેક્ટરની ૧૩ કંપનીઓએ પોતાને નાદાર જાહેર કર્યા છે. એવું માનવામાં આવે છે કે વિદેશી વસ્તુઓ પર ટેરિફ લાદવાથી દેશમાં મોંઘવારી વધી શકે છે અને દેશ મંદીમાં સપડાઈ શકે છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ૨૪૫ ટકા ટેરિફ લાદી છે. આ કારણોસર, ઘણી અમેરિકન કંપનીઓ ચીનમાંથી પોતાનો બિઝનેસ સમેટી લેવાની તૈયારી કરી રહી છે. જો તેઓ અમેરિકામાં માલનું ઉત્પાદન કરે છે તો તેમના માટે આ બહુ મોંઘો સોદો હોઈ શકે છે. આનો અર્થ એ થયો કે આગામી દિવસોમાં ઘણી વધુ કંપનીઓ નાદાર થવાની શક્યતા છે.૨૦૧૦ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૨૫૪ કંપનીઓ નાદાર થઈ હતી જ્યારે ગયા વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નાદાર થનારી કંપનીઓની સંખ્યા ૧૩૯ હતી. નિષ્ણાતો કહે છે કે નબળી બેલેન્સશીટ ધરાવતી કંપનીઓ મુશ્કેલીનો સામનો કરી રહી છે. તેમનું દેવું પરિપક્વ થઈ રહ્યું છે અને ઊંચા વ્યાજ દરોને કારણે તે તેને પુનઃધિરાણ કરવામાં સક્ષમ નથી.

# પાક.નો પહેલગામના આતંકી હુમલામાં સંડોવણીનો ઈનકાર

। (એજન્સી) ઈસ્લામાબાાદ, તા.૨૬ ।

પહેલગામમાં થયેલાં અમાનવીય આતંકી હુમલાંને પાકિસ્તાન સાથે સાંકળવાના ભારતના પ્રયાસોને પાકિસ્તાની સેનેટે એક પ્રસ્તાવ પસાર કરી ફગાવી દીધાં છે. પાકિસ્તાનની સંસદના ઉપલા ગૃહે ભારતના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યાં છે. પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક દારે આ પ્રસ્તાવ પસાર કર્યો હતો, જેને સર્વાનુમતે બહાલી અપાઈ હતી. પ્રસ્તાવમાં જણાવ્યાં અનુસાર, જળ આતંકવાદ અથવા સૈન્ય હુમલાં સહિતના કોઈ પણ પ્રકારના હુમલા સામે પાકિસ્તાન તેના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું રક્ષણ કરવા માટે સંપૂર્ણ સક્ષમ છે. પ્રસ્તાવમાં પહેલગામ હુમલાને પાકિસ્તાન સાથે જોડવાના તમામ પ્રયાસોને ફગાવી દેતાં જણાવાયું છે કે, નિર્દોષ નાગરિકોની હત્યા પાકિસ્તાનના મૂલ્યોની વિરુદ્ધ છે. ભારત સરકાર દ્વારા પાકિસ્તાનની છબિ ખરડવા માટે ચલાવી રહેલા દુષ્પ્રચારની ટીકા કરતાં તેમાં જણાવાયું છે કે, રાજકીય ઉદ્દેશ્યો પાર પાડવા માટે ત્રાસવાદના મુદ્દાને જાણી જોઈને ચગાવાય છે. ઠરાવમાં સિંધુ નદીના જળને રોકવાના ભારતના નિર્ણયની પણ ટીકા કરી તેને યુદ્ધ સમાન ગણાવ્યું છે. દારે વધુમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાની સેના ભારતના કોઈ પણ દુ:સાહસનો જવાબ આપવા માટે સંપૂર્ણ તૈયાર છે. પાકિસ્તાન આવી કોઈ પણ હરકતનો વળતો મજબૂત જવાબ આપશે. દિવસ દરમિયાન દારે ગૃહને માહિતી આપતાં જણાવ્યું હતું કે, વિદેશ મંત્રાલય દ્વારા ૨૬ દેશોના રાજદૂતોને પ્રદેશની વર્તમાન સ્થિતિ અંગે જાણકારી આપી હતી.

### AAPએ પહેલાથી જ પોતાની હાર સ્વીકારી લીધી

# દિલ્હીમાં ભાજપની ટ્રિપલ એન્જિન સરકાર, ઈકબાલસિંહ મેયર બન્યા

### ભાજપના કાઉન્સિલર રાજા ઇકબાલ સિંહ દિલ્હીના મેયર બન્યા : તેમણે ૧૩૩ મતની બહુમતી સાથે વિજય મેળવ્યો

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૬ ।

ભાજપના કાઉન્સિલર રાજા ઈકબાલ સિંહ દિલ્હીના મેયર બન્યા છે. તેમણે ૧૩૩ મતની બહુમતી સાથે વિજય મેળવ્યો છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર મનદીપને માત્ર ૮ મત મળ્યા હતાં. જય ભગવાન યાદવ (બેગમપુર વોર્ડ) દિલ્હીના ડેપ્યુટી મેયર બન્યા છે. આ સાથે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) બે વર્ષ બાદ ફરી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પાછી ફરી છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આજે મેયર અને ડેપ્યુટી મેયર પદ માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ વિજયી બની છે. રાજા ઈકબાલ સિંહ ભાજપ તરફથી મેયર પદના ઉમેદવાર હતા. તેમણે જણાવ્યું કે, દિલ્હીના લોકોએ અમને શહેરની સમસ્યાઓ ઉકેલવાની જવાબદારી સોંપી છે. AAP એ પહેલાથી જ પોતાની હાર સ્વીકારી લીધી છે. હવે આપણે ભ્રષ્ટાચારનો અંત લાવીશું અને છેલ્લા બે વર્ષથી પડતર કામ પૂર્ણ કરીશું. ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સમાં AAPના ભૂતપૂર્વ મેયર શૈલી ઓબેરોય અને નેતા મુકેશ ગોયલે પ્રજાને ચૂંટણીનો બહિષ્કાર કરવાનું આહ્વાન કર્યું હતું. તેમણે આરોપ મૂક્યો હતો કે, ભાજપે લોકશાહી પ્રક્રિયાની મજાક ઉડાવી છે. બીજી તરફ, કોંગ્રેસ તરફથી મનદીપ સિંહે મેયર પદ માટે અને અરીબા ખાને ડેપ્યુટી મેયર પદ માટે ઉમેદવારી નોંધાવી હતી. દિલ્હીના મેયર બન્યા બાદ રાજા ઈકબાલ સિંહ તમામ કાઉન્સિલર્સ સાથે બેઠક કરશે.

### અમે ભારતની પડખે છીએ : અમેરિકા

# આતંકવાદીઓને પકડવામાં અમે મદદ કરીશું : અમેરિકા

### તુલસી ગબાર્ડે કહ્યું છે, કે આ ભયાવહ ઈસ્લામિક આતંકવાદી હુમલા બાદ અમે દ્રઢતાથી ભારતની પડખે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશ આઘાતમાં છે. દેશભરના લોકો આતંકવાદીઓ પર કડકમાં કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. એવામાં અમેરિકાએ આતંકવાદીઓને પકડવા માટે મદદ અંગે મોટી જાહેરાત કરી છે. અમેરિકાએ કહ્યું છે કે તે આતંકવાદીઓને પકડવામાં ભારતની મદદ કરશે. અમેરિકાના DNI (નેશનલ ઈન્ટેલિજન્સના ડિરેક્ટર ) તુલસી ગબાર્ડે X હેન્ડલ પર પોસ્ટ કરીને કહ્યું છે, કે આ ભયાવહ ઈસ્લામિક આતંકવાદી હુમલા બાદ અમે દ્રઢતાથી ભારતની પડખે છીએ. પ્રિયજન ગુમાવનારા લોકો પ્રત્યે મારી સંવેદનાઓ. અમે તમારી સાથે છીએ અને હુમલા માટે જવાબદાર લોકોને ઝડપવામાં સમર્થન કરીશું. સંયુક્ત રાષ્ટ્રનું ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવપૂર્ણ પરિસ્થિતિ અંગે નિવેદન સામે આવ્યું છે. UNએ કહ્યું કે બંને દેશોએ આ પરિસ્થિતિમાં સંયમ રાખવાની જરૂર છે અને આ મુદ્દાનો ઉકેલ શાંતિથી-વાર્તાલાપ કરીને લાવવો જોઈએ. હાલ આ પરિસ્થિતિ ગંભીર છે અને અમારી નજર તેના પર છે.

### કઠુઆમાં ચાર શકમંદોને જોયા હોવાના મહિલાના દાવાથી સર્ચ ઓપરેશન

# જમ્મુ-કાશ્મીરમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કાશ્મીરી પંડિતો નવા ટાર્ગેટ : સુરક્ષા દળો

### સુરક્ષા એજન્સીઓએ સ્થાનિક બજારોમાં ફરતા રેલવે સુરક્ષા કર્મચારીઓને બિનજરૂરી તેમના બેરેકની બહાર નહીં નીકળવા ચેતવણી આપવામાં આવી છે

। (એજન્સી) શ્રીનગર, તા.૨૬ ।

પહલગામમાં આતંકી હુમલાથી ભારતભરમાં આક્રોશ હજુ શાંત નથી થયો ત્યાં કાશ્મીર ખીણમાં હવે કાશ્મીરી પંડિતો અને રેલવે ઈન્ળાસ્ટ્રક્ચર પર હુમલાનું આતંકીઓ કાવતરું ઘડી શકે છે તેમ સુરક્ષા દળોનું માનવું છે. આ જોખમોને ધ્યાનમં રાખતાં સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. બીજીબાજુ પહલગામ આતંકી હુમલાના ચાર શકમંદ આતંકીઓ કઠુઆમાં દેખાયા હોવાનો એક મહિલાએ દાવો કરતાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. પહલગામમાં આતંકીઓએ પર્યટકોને નિશાન બનાવતા હુમલો કરતાં ભારતભરમાં આક્રોશ ફેલાયેલો છે. હવે સુરક્ષા એજન્સીઓને એવા ઈનપુટ મળ્યા છે કે આતંકીઓ બિન કાશ્મીરીઓ, કાશ્મીરી પંડિતો, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુરક્ષા દળો પર હુમલા કરવાનું કાવતરું ઘડી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, કાશ્મીર ખીણમાં અનેક રેલવે કર્મચારીઓ બિન કાશ્મીરી હોવાથી આતંકીઓ તેમના પર પણ હુમલો કરી શકે છે.સુરક્ષા એજન્સીઓએ સ્થાનિક બજારોમાં ફરતા રેલવે સુરક્ષા કર્મચારીઓને બિનજરૂરી તેમના બેરેકની બહાર નહીં નીકળવા ચેતવણી અપાઈ છે. પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈ શ્રીનગર અને ગંદરબાલમાં કાશ્મીરી પંડિતો અને પોલીસ કર્મચારીઓ પર હુમલાનું કાવતરું ઘડી રહી હોવાની પણ ચેતવણી અપાઈ છે.દરમિયાન જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં એક મહિલાએ ચાર શકમંદોને જોયા હોવાનો દાવો કર્યા પછી સુરક્ષા દળોએ કઠુઆના હીરાનગર સેક્ટરમાં સર્ચ ઓપરેશન ચાલુ કર્યું છે. જમ્મુ-કાશ્મીર પોલીસનું સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપ સ્થળ પર પહોંચી ગયું હતું અને સ્થાનિક પોલીસ સાથે મળીને વિસ્તારની ઘેરાબંધી કરી સઘન તલાશી અભિયાન હાથ ધર્યું હતું.બીજીબાજુ પહલગામ હુમલાની સાક્ષી ઉત્તર પ્રદેશના જૌનપુરની એક મહિલાએ દાવો કર્યો કે હુમલાના બે દિવસ પહેલા ૨૦ એપ્રિલે તે એક જૂથ સાથે બૈસારન ફરવા ગઈ ત્યારે સ્કેચમાં જોવા મળેલા એક આતંકીએ તેને ખચ્ચર પર સવારી કરાવી હતી. મહિલા પ્રવાસીએ દાવો કર્યો કે આ શકમંદે તે સમયે તેને ધર્મ, ધાર્મિક સ્થળોની યાત્રા અને મિત્રોની ધાર્મિક ઓળખ અંગે સવાલ કર્યા હતા. મહિલા પ્રવાસીએ તેના ફોનમં એક ફોટો અને વોટ્સએપ ગ્રૂપનો સ્ક્રીનશોટ પણ બતાવ્યા હતા, જેમાં તેના મિત્રો પણ આ વ્યક્તિને ઓળખી કાઢ્યો હતો. ખચ્ચરવાળો યુવક તેમના ધર્મ અંગે પણ પૂછપરછ કરી રહ્યો હતો તેવો પણ મહિલાએ દાવો કર્યો હતો.મહિલાએ દાવો કર્યો કે આ યુવકના ફોન પર એક કોલ આવ્યો હતો, જેમાં તેણે પ્લાન-એ અને પ્લાન-બી જેવી કોડેડ વાતો સાંભળી. યુવકે કહ્યું, પ્લાન-એ બ્રેક ફેલ, પ્લાન-બી ૩૫ બંદૂકો મોકલું છું, ઘાસમાં છુપાયેલી છે. મીડિયા સાથે વાત કરતો મહિલાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો હતો. વાયરલ વીડિયોના આધારે સુરક્ષા દળો સક્રિય થઈ ગયા હતા. તેમણે સોશિયલ મીડિયા પર વાયરલ ફોટોના આધારે ખચ્ચરવાળા યુવકની અટકાયત કરી હતી. શકમંદ યુવક ગંદરબાલનો નિવાસી અયાઝ અહમદ છે અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

# ટ્રમ્પ સરકારે વિદેશી વિદ્યાર્થીઓના સ્ટુડન્ટ વિઝા પુનઃ બહાલ કર્યા

। (એજન્સી) વોશિંગ્ટન ડીસી, તા.૨૬ ।

અમેરિકામાં અભ્યાસ કરતાં ભારત સહિત વિશ્વના લાખો વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર છે. ટ્રમ્પ વહીવટતંત્રએ શુક્રવારે એક જાહેરાતમાં જણાવ્યું હતું કે, જે વિદેશી વિદ્યાર્થીઓનો કાનૂની દરજ્જો એકાએક રદ કરાયો હતો તેમના સ્ટુડન્ટ વિઝાનું રજિસ્ટ્રેશન પુનઃબહાલ કરાઈ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના સ્ટુડન્ટ્સ વિઝા રજિસ્ટ્રેશન રદ કરવાના સરકારના નિર્ણય સામે કરાયેલા કેસની સુનાવણી દરમિયાન આ નિર્ણયની જાહેરાત કરાઈ હતી એક સરકારી વકીલે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ)એ



દેશભરમાં અભ્યાસ કરતાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો કાનૂની દરજ્જો રદ કરવાનો નિર્ણય હાલ પૂરતો પાછો ખેંચ્યો છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના સ્ટુડન્ટ્સ વિઝા રજિસ્ટ્રેશન રદ કરવાના સરકારના નિર્ણય સામે કરાયેલા કેસની સુનાવણી દરમિયાન આ નિર્ણયની જાહેરાત કરાઈ હતી. સ્ટુડન્ટ વિઝા રદ કરવાના ટ્રમ્પ સરકારના નિર્ણયને પગલે આશરે ૧૧ લાખથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર અધવચ્ચેથી અભ્યાસ પડતો મુકી અમેરિકા છોડવાનું દબાણ સર્જાયું હતું. ટ્રમ્પે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫માં સત્તા ગ્રહણ કરી ત્યારથી અત્યાર સુધીમાં આશરે ૪,૭૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના નામ યુએસ આઈસીઈ દ્વારા જાળવવામાં આવતાં સ્ટુડન્ટ એન્ડ એક્સચેન્જ વિઝિટર ઈન્ફર્મેશન સિસ્ટમ (સેવીસ)માંથી દૂર કરાયાં હતાં.

### મારા માટે દેશ પહેલા : નીરજ ચોપડા

# નીરજ ચોપડાએ પાકિસ્તાની ખેલાડીને ભારત આવવા આમંત્રણ મુદ્દે મૌન તોડ્યું

### નીરજ ચોપરા ક્લાસિક ઇવેન્ટ માટે પાકિસ્તાની ભાલા ફેંકનાર અરશદ નદીમને આપેલા આમંત્રણ પર વિવાદ વચ્ચે મૌન તોડ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતના સ્ટાર ખેલાડી ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ નીરજ ચોપરાને નીરજ ચોપરા ક્લાસિક ઈવેન્ટ માટે પાકિસ્તાની ભાલા ફેંકનાર અરશદ નદીમને આપેલા આમંત્રણ પર વિવાદ વચ્ચે પોતાનું મૌન તોડ્યું છે. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પહેલા ભારતમાં યોજાનારી આ ઈવેન્ટ માટે નીરજ ચોપરાએ આમંત્રણ આપ્યું હતું. તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું કે, મારો નિર્ણય માત્ર રમત અને ખેલાડીઓના સન્માન સાથે જોડાયેલો હતો, કોઈ રાજકીય કે ભાવનાત્મક એજન્ડા સાથે નહીં. આ ઉપરાંત તેમણે આ મામલે તેમની માતાને નિશાન બનાવનારાઓ સામે પણ સખત વાંધો ઉઠાવ્યો છે. નીરજ ચોપરાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી. ધ્યાનમાં રહે કે, પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પેરિસ ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અરશદ નદીમે નીરજ ચોપરા ક્લાસિક ઈવેન્ટમાં આવવાનો ઈનકાર કરી દીધો હતો. ચોપરાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા કહ્યું છે કે, સામાન્ય રીતે હું ખૂબ ઓછું બોલું છું, પરંતુ જ્યારે મારા દેશની વાત આવે, મારા પરિવારના સન્માનની વાત અને સત્યની વાત આવે છે, ત્યારે હું ચૂપ નહીં રહી શકુ. અરશદ નદીમને એક ખેલાડી દ્વારા બીજા ખેલાડીના નાતે આપવામાં આવ્યું હતું અને તેનો હેતુ ભારતને વિશ્વ કક્ષાની રમતગમતની ઘટનાઓનું કેન્દ્ર બનાવવાનો હતો. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના બે દિવસ પહેલા સોમવારે તમામ ખેલાડીઓને ઈવેન્ટ માટે આમંત્રણ મોકલવામાં આવ્યું હતું, આ પોસ્ટમાં નીરજે સ્પષ્ટતા કરી હતી કે, પહેલગામ હુમલા પછીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અરશદની ભાગીદારી રદ કરવામાં આવી હતી. અને આવી સ્થિતિમાં અરશદ માટે આવવું બિલકુલ પણ શક્ય નથી. મારા માટે દેશ અને તેના હિતો હંમેશા પહેલા છે. નીરજે પણ આ પોસ્ટમાં ખૂબ જ દુઃખ સાથે કહ્યું છે કે, હું મારા અને મારા પરિવાર પર થઈ રહેલા વ્યક્તિગત હુમલાઓથી દુઃખી છું. પોસ્ટમાં નીરજે કહ્યું, અમે સામાન્ય લોકો છીએ, કૃપા કરીને અમને ખોટા ન સમજશો, કેટલાક મીડિયા દ્વારા ફેલાવવામાં આવી રહેલી ખોટી વાર્તાઓ સાચી નથી.

# ભારત-પાકિસ્તાને મહત્તમ સંયમ રાખવા અપીલ : યુએન

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ હુમલાથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરી એકવાર તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્ર (UN) એ બંને દેશોને મહત્તમ સંયમ રાખવાની અપીલ કરી છે જેથી પરિસ્થિતિ વધુ બગડે નહીં. યુએનના પ્રવક્તા સ્ટીફન ડુજારિકે જણાવ્યું હતું કે, અમે ભારત અને પાકિસ્તાનની સરકારોને મહત્તમ સંયમ રાખવા અને પરિસ્થિતિ વધુ ન બગડે તેની ખાતરી કરવા હાકલ કરીએ છીએ. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરતા યુએનના પ્રવક્તા ડુજારિકે કહ્યું કે, ભારત અને પાકિસ્તાને વાતચીત કરવી જોઈએ. અમારું માનવું છે કે પાકિસ્તાન અને ભારત વચ્ચેનો કોઈપણ મુદ્દો અર્થપૂર્ણ પરસ્પર વાતચીત દ્વારા શાંતિપૂર્ણ રીતે ઉકેલી શકાય છે અને ઉકેલવો જોઈએ. આ હુમલા બાદ, બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) એ પાંચ મોટા નિર્ણયો લેવામાં આવ્યા. જેમાં... ૧. સિંધુ જળ સંધિ રદ કરવામાં આવી, ૨. અટારી-વાઘા સરહદ બંધ કરી, ૩. પાકિસ્તાની નાગરિકો માટે વિઝા સસ્પેન્શન, ૪. રાજનૈતિક સંબંધો પર કાપ મુકવામાં આવ્યો, ૫. સરહદ પર કડક સુરક્ષા.

# પંજાબ બોર્ડર પાસેથી જપ્ત કરાયો હથિયારોનો ભંડાર

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૬ ।

જમ્મુ-કાશ્મીરમાં પહલગામ ૨૨ એપ્રિલ મંગળવારે ભયાનક ઘટના બની હતી. અહીં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર આડેધડ ગોળીબાર કરી ૨૮ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. જોકે હવે આતંકવાદીઓ વધુ એક તબાહીનું ષડયંત્ર રચ્યું હોય તેમ પંજાબમાં મસમોટો હથિયારોનો જથ્થો મળી આવ્યો છે. આ ઘટના બાદ બીએસએફ અને સ્થાનીક પોલીસ હિતની ટીમો દોડતી થઈ ગઈ છે અને પાકિસ્તાનના નાપાક ઈરાદા નિષ્ફળ બનાવ્યું છે. બીએસએફએ આજે (૨૫ એપ્રિલ) અમૃતસરના અજનાલા પોલીસ સ્ટેશન હેઠળના ગામ ચક્ક બાલાના એક ખેતરમાંથી સાડા ચાર કિલો ઈઢઠ, પાંચ હેન્ડ ગ્રેનેડ, ચાર પિસ્તોલ, આઠ મેગેઝીન, ૨૨૦ કારતૂસ, બે બેટરી અને બે રિમોટ જપ્ત કર્યા છે. વાસ્તવમાં બીએસએફની પોસ્ટ શાહપુર પાસે ચક્ક બાલા ગામ આવેલું છે, જ્યાં એક ખેડૂત તેના ખેતરમાં પાક લણણીની કામગીરી કરી રહ્યો હતો. આ દરમિયાન ખેડૂતે ખેતરમાં બે પેકેટ જોયા અને તુરંત બીએસએફને જાણ કરી દીધી હતી. ત્યારબાદ બીએસએફની ટીમ તુરંત ખેતરમાં પહોંચી ગઈ હતી અને બંને પેકેટોની તપાસ કરતા તેમાં ઉપરોક્ત વિસ્ફોટ સામગ્રી અને હથિયારો મળી આવ્યા હતા. બીએસએફએ બંને પેકેજો જપ્ત કર્યા બાદ ઘટના અંગે અજનાલા પોલીસને પણ જાણ કરી દીધી છે.

## પહલગામ હુમલા બાદ ૧૭ લોકો જમ્મુ-કશ્મીરથી ભાવનગર પરત ફર્યા

। (એજન્સી) ભાવનગર, તા.૨૬ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં ત્રણ ગુજરાતીઓ સહિત ૨૬ ભારતીયોએ જીવ ગુમાવ્યા હતા. જેમાં સુરતના એક યુવક અને ભાવનગરના પિતા-પુત્રનું પણ મોત નીપજ્યું છે ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં ફસાયેલા આ ભાવનગરના ગ્રુપને થયેલા દર્દનાક અનુભવ બાદ ઘરે પરત લાવવામાં આવ્યા છે. જોકે અન્ય છ લોકો પહેલાં જ દિવસે શ્રીનગરથી મુંબઈ અને પછી ભાવનગર પહોંચ્યા હતા. ભાવનગરથી પહલગામના પ્રવાસે ૨૦ લોકોનું ગ્રુપ ગયું હતું. આતંકવાદી હુમલામાં બચી ગયેલા લોકોએ ભયાનકતાને યાદ કરતાં જણાવ્યું કે તેઓ કેવી રીતે આરામ કરી રહ્યા અને ફોટા પાડી રહ્યા હતા. ત્યારે અચાનક ગોળીબારી શરૂ થઈ. શરૂઆતમાં તેમને લાગ્યું કે હથિયારોથી સજ્જ હુમલાખોરો સેનાના જવાન છે, પરંતુ ટૂંક સમયમાં તેમને ખબર પ ડી કે તેમના પર આતંકવાદી હુમલો થયો છે.

## વિશ્વામિત્રીની કામગીરી માટે હજુ ૧૨૦૦ કરોડ કોર્પોરેશનને મળ્યા નથી : કોંગ્રેસ

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

વડોદરામાં પૂરના આવે તે માટે ગુજરાત સરકારે અગાઉ વિશ્વામિત્રીના પૂરને રોકવા માટે ૧,૨૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી, પરંતુ ૧,૨૦૦ કરોડ રૂપિયા હજુ સુધી આપ્યા નથી. ગુજરાતના ગૃહરાજ્યમંત્રી આજે વડોદરામાં વિશ્વામિત્રી પ્રોજેક્ટની કામગીરીનું નિરીક્ષણ કરવા આવ્યા હતા અને તેમણે જે કંઈ વાતો કરી છે તેના આધારે કોર્પોરેશનમાં વિરોધ પક્ષ કોંગ્રેસના પૂર્વ મહિલા નેતાએ તેમને પત્ર લખીને કહ્યું છે કે ગુજરાત સરકારે હજુ સુધી ૧,૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી સંદર્ભે કોર્પોરેશનને ઓપચારિક પત્ર પણ મોકલ્યો નથી. પૂર નિવારણ માટે કોર્પોરેશનના અને ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટમાં ૧૨૦૦ કરોડ આપ્યા નથી.

### ૫૦૦થી વધુની અટકાયત

# અમદાવાદ અને સુરતમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો પર પોલીસની કાર્યવાહી

## હાલમાં પોલીસ બધાની પૂછપરછ કરવામાં આવી છે અને જરૂરી દસ્તાવેજોની તપાસ કરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।




જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ગુજરાત પોલીસ એલર્ટ મોડ પર આવી ગઈ છે. અમદાવાદ અને સુરતમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓની અટકાયત કરવામાં આવી હતી. આજે વહેલી સવારે ૩ વાગ્યાથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે, SOG, EOW, ઝોન ૬ અને હેડક્વાર્ટરની ટીમો સાથે મળીને, અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી ઈમિગ્રન્ટ્સને પકડવા માટે કોમ્બિંગ ઓપરેશનનું આયોજન કર્યું હતું. આ ઓપરેશન દરમિયાન, ૪૦૦થી વધુ શંકાસ્પદ ઈમિગ્રન્ટ્સની અટકાયત કરવામાં આવી હતી.

અમદાવાદ શહેરમાં ચંડોળા તળાવ પાસે ૪૫૭ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકો વસતા હોવાની આધારભૂત માહિતીના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઓપરેશન હાથ ધર્યું હતું. નાઈટ કોમ્બિંગ કરી ઘર તપાસી ગેરકાયદે વસવાટ કરતા લોકોની અટકાયત કરી મણિનગર ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે ભેગા કરી બધાનાં નિવેદન લેવામાં આવ્યા હતી. સુરત શહેરમાં ૧૦૦થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશી લોકોની અટકાયત કરવામાં આવી હતી.

શહેર પોલીસે તમામને રિંગ રોડ ખાતે ભેગા કરીને ક્રોસ વેરિફિકેશન કર્યું હતું. સુરત શહેર પોલીસે છ ટીમો બનાવીને, ઉન, સચિન, લિંબાયત, લાલગેટ, સલાબતપુરા સહિત શહેરના ઘણા વિસ્તારોમાંથી ૧૦૦થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી હતી. હાલમાં પોલીસ બધાની પૂછપરછ કરવામાં આવી છે અને જરૂરી દસ્તાવેજોની તપાસ કરવામાં આવી છે. આ લોકોએ આધાર કાર્ડ પણ બનાવી લીધા હોવાનું સામે આવ્યું છે.

### ગુજરાત વહીવટી સુધારા આયોગની રચના

# ગુજરાતમાં સરકારી કચેરીઓ સવારે ૯.૩૦થી સાંજે ૫.૧૦ વાગ્યા સુધી શરૂ રાખવા ભલામણ

### જેનો ઉદ્દેશ્ય 'વિકસિત ગુજરાત@2047' ના રોડમેપ દ્વારા ગુજરાતને આગળ લઈ જવાનો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વહીવટી સુધારા આયોગ (GARC) ની રચના કરી છે જેથી રાજ્ય શાસનના વહીવટી માળખા અને કામગીરીમાં જરૂરી ફેરફારો કરી શકાય, જેનો ઉદ્દેશ્ય 'વિકસિત ગુજરાત@2047' ના રોડમેપ દ્વારા ગુજરાતને આગળ લઈ જવાનો છે જેથી પ્રધાનમંત્રીના 'વિકસિત ભારત@2047' ના વિઝનને સાકાર કરી શકાય. ગુજરાત વહીવટી સુધારા પંચની રચનાની જાહેરાતના એક મહિનાની અંદર, પંચે રાજ્ય સરકારને ભલામણોનો પહેલો અહેવાલ સુપરત કર્યો હતો. GARC ના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાના માર્ગદર્શન હેઠળ આ પરંપરાને આગળ ધપાવતા, કમિશનના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ કમિશનની રચનાના બીજા મહિનામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લગભગ ૧૦ ભલામણો સાથેનો બીજો અહેવાલ સુપરત કર્યો છે. જેમાં મુખ્યત્વે સરકારી કચેરી સવારે ૯.૩૦ કલાકથી શરૂ કરવા અને સાંજે ૫.૧૦ કલાક સુધી ચાલુ રાખવાની ભલામણ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સુપરત કરાયેલ GARC ભલામણોના આ બીજા અહેવાલમાં 'સરકાર તમારા દ્વારે' એટલે કે 'સરકાર આપકે દ્વાર' ના સૂત્રને ધ્યાનમાં રાખીને ૧૦ નાગરિક-કેન્દ્રિત ભલામણો સામેલ છે, જે મુખ્યત્વે ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને GARC દ્વારા સુપરત કરાયેલ આ બીજો અહેવાલ એવા સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે નાગરિકો માટે જાહેર સેવાઓની ઉપલબ્ધતાને સરળ બનાવે છે. બધી સરકારી યોજનાઓનો ઉપયોગ કરવા માટે એક જ સાઈન-ઓન રાખવાની મુખ્ય ભલામણ 'તમારા નાગરિકને જાણો' ના વિચારને પ્રોત્સાહન આપે છે, સાથે સાથે નાગરિકોને દર વખતે એક જ માહિતી દાખલ ન કરવી પડે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ પણ કરે છે. આ અભિગમ ડિજિટલ માધ્યમ દ્વારા વિવિધ યોજનાઓ અને સેવાઓને ઍક્સેસ કરવામાં સરળ અનુભવ બનાવવાનો પણ એક પ્રયાસ છે. કમિશનના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ GARC ની ભલામણોનો બીજો અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સોંપ્યો, જેમાં આ બધા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. આ પ્રસંગે કમિશનના સભ્ય મુખ્ય સચિવ પંકજ જોશી અને સભ્ય સચિવ હરિત શુક્લા પણ હાજર રહ્યા હતા. GARCના ચેરમેન ડૉ. હસમુખ અઢિયાએ માહિતી આપી હતી કે GARCએ તેના પ્રથમ અહેવાલમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોના કર્મયોગીઓ અને સામાન્ય જનતા પાસેથી વહીવટી સુધારા અંગે સૂચનો મંગાવવાની ભલામણ કરી હતી.

### અખાદ્ય પદાર્થો મામલે AMCએ ૨.૩૫ લાખનો દંડ વસુલ્યો

# અમદાવાદમાં આરોગ્ય વિભાગે પાડેલા દરોડા

## અખાદ્ય પદાર્થો સહિતના મુદ્દે ૩૪૯ એકમને નોટિસ

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

ગુજરાતના અમદાવાદ, મહેસાણા સહિતના વિવિધ જિલ્લામાં અખાદ્ય પદાર્થો ઝડપાયાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં આરોગ્ય વિભાગે છેલ્લા એક અઠવાડિયામાં અખાદ્ય પદાર્થો સહિતના મુદ્દે ૩૪૯ એકમને નોટિસ ફટકારવામાં આવી છે અને વિવિધ એકમો પાસેથી રૂ.૨.૩૫ લાખથી વધુનો દંડ પણ વસુલવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં છસ્ઝના આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં આરોગ્ય વિભાગે ૯૧૬ ખાદ્ય પદાર્થોના સેમ્પલ લીધા હતા. જેમાંથી અખાદ્ય પદાર્થો મામલે વિવિધ એકમો પાસેથી રૂ. ૨.૩૫ લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો. તેમજ ૬૦૦ કિલોગ્રામથી વધુનો અખાદ્ય પદાર્થના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ સાથે ૧૯૩ સ્થળે તેલની ગુણવતા ચેક કરવા માટે આરોગ્ય વિભાગે TPC ટેસ્ટ કર્યા હતા. જ્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શહેરના બાતમીના આધારે ખોખરા અને દાણીલીમડામાં તપાસ આદરી હતી. જેમાં ખોખરામાં કોહિનુર સ્ટોરમાંથી ૨૬ ડુપ્લીકેટ કપાસિયા તેલના ડબ્બા મળી આવ્યા હતા. જેમાં પોલીસે રૂ.૬૧૦૦૦ કિંમતનો જથ્થો જપ્ત કરીને ફારૂક સલીમભાઈ ઉર્ફે રાજુભાઈ સૈયદ સામે ગુનો નોંધ્યો હતો.

## અમદાવાદથી ગાંધીનગર સચિવાલય સુધી મેટ્રો મળશે

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

મેટ્રો ટ્રેન સેવાને મોટેરા સ્ટેશનથી ગાંધીનગરના સચિવાલય સુધી લંબાવવામાં આવી છે. આ સાથે જ, આ રૂટ પર મુસાફરીને વધુ સુવિધાજનક બનાવવા માટે સાત નવા આધુનિક સ્ટેશનોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. આ નવી સુવિધાનો શુભારંભ રવિવાર તા. ૨૭ એપ્રિલ, ૨૦૨૫ થી થશે.હવેથી મેટ્રો ટ્રેન મોટેરાથી ઉપડીને કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, સેક્ટર-૧૦એ આ નવા સ્ટેશનોને જોડશે અને છેલ્લે ગાંધીનગરના સચિવાલય સુધી પહોંચશે. આનાથી અમદાવાદ અને ગાંધીનગરના આ વિસ્તારો વચ્ચે સીધી અને ઝડપી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. સચિવાલય સુધી મેટ્રો સેવાનું વિસ્તરણ અને નવા સ્ટેશનોનો ઉમેરો એ સુગમ પરિવહનની દિશામાં એક આવકારદાયક પગલું છે. હવે વધુ લોકો મેટ્રો સેવાનો લાભ લઈ શકશે અને ટ્રાફિકની સમસ્યાથી રાહત મેળવી શકશે.

### જામનગર શહેરમાં તસ્કરો બેખોફ બન્યા

# જામનગરમાં મહિલા પોસ્ટમેનના થેલાને નિશાન બનાવતા તસ્કરો

## બે નંગ મોબાઈલ ફોન અને સરકારી ટપાલનો જથ્થો હતો, જે થેલાની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા

। (માહિતી) જામનગર, તા.૨૬ ।

જામનગર શહેરમાં તસ્કરો બેખોફ બન્યા છે, અને એક મહિલા પોસ્ટમેનને પણ નિશાન બનાવી લઈ સરકારી ટપાલોનો થેલો, કે જેમાં બે નંગ મોબાઈલ ફોન અને સરકારી ટપાલનો જથ્થો હતો, જે થેલાની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે. જેમાં પોલીસે સીસીટીવી કેમેરાના આધારે તસ્કરને શોધવાની કવાયત શરૂ કરી છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગતે વિશે કે મૂળ જુનાગઢ જિલ્લાના કેશોદના વતની અને હાલ જામનગરમાં દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં આવેલી પોસ્ટ ઓફિસમાં પોસ્ટમેન તરીકે ફરજ બજાવતા મહિલા કર્મચારી પૂજાબેન બાલુભાઈ ગરચર ઉંમર (વર્ષ ૨૮) કે જેઓ ગઈકાલે સવારે ૧૧.૩૦ વાગ્યાના અરસામાં મિગ કોલોની વિસ્તારમાં શાંતિ હાઈટસ નામની બિલ્ડીંગમાં ટપાલ આપવા માટે ગયા હતા.તેઓએ પોતાનો ટપાલ સાથેનો થેલો એકટીવા સ્કૂટરમાં રાખ્યો હતો, અને બિલ્ડીંગમાં ટપાલ દઈને પરત આવ્યા હતા. જે દરમિયાન સ્કૂટરમાં રાખેલો તેમનો થેલો કોઈ તસ્કરો ઉઠાવી ગયા હતા. જે થેલામાં પોસ્ટ ઓફિસનો એક સરકારી મોબાઈલ ફોન, તેમજ પોતાનો ખાનગી મોબાઈલ ફોન તથા જુદીજુદી રજીસ્ટર એડી સહિતની ટપાલ વગેરેનો જથ્થો હતો.

### નિયમ પ્રમાણે વિદ્યાર્થીના વાલીઓ પાસેથી ફી વસુલી રહી નથી

# વિબગ્યોર સ્કૂલના સંચાલકો એફઆરસીના નિયમને ઘોળીને પી ગયા

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં આવેલ વિબગ્યોર સ્કૂલના સંચાલકો એફઆરસીના નિયમને ધોળીને પી ગયા છે. જે મામલે આજે એબીવીપીના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરવાના ટાણે અહીં પહોંચેલી પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા કેટલાક કાર્યકર્તાઓના કપડા ફાડી નાખ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એક કાર્યકર બેશુદ્ધ થઈ જતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. શહેરના અટલાદરા વિસ્તારમાં આવેલ વિબગ્યોર સ્કૂલ એફઆરસીના નિયમ પ્રમાણે વિદ્યાર્થીના વાલીઓ પાસેથી ફી વસુલી રહી નથી. આ અંગે અગાઉ વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ખાતે રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં શાળા સંચાલકો એફઆરસીના નિયમને અનુસરવા તૈયાર ન હોવાના આક્ષેપ સાથે આજે એબીવીપીના કાર્યકર્તાઓ દ્વારા સ્કૂલ સામે સૂત્રોચાર સહ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યાં હતું. આ દરમિયાન એબીબીપીના અક્ષય રબારી સહિત બેથી ત્રણ લોકોના પોલીસે કપડા ફાડી નાખ્યા હોવાનો આક્ષેપ કરાયો હતો. આંદોલન વેળાએ સ્મિત પ્રજાપ તિ નામનો કાર્યકર બેશુદ્ધ થઈ ઢળી પડ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને હોસ્પિ ટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. એબીવીપીના કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી વાલીઓને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમારું આંદોલન ચાલુ રાખવામાં આવશે.

### આતંકવાદી હુમલા બાદ બે દિવસ શ્રીનગરમાં અટવાઈ ગયા હતા

# આતંકી હુમલા વખતે જમ્મુ-કાશ્મીરમાં ફસાયેલા ૨૦ લોકો વડોદરા પહોંચ્યા

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ બે દિવસ શ્રીનગરમાં અટવાઈ ગયેલા વડોદરાના ૨૦ જેટલા પ્રવાસીઓનો સમૂહ આજે વડોદરા પરત ફર્યું હતું. વતનની ધરતી પર પગ મૂકતાની સાથે ઘણાની આંખો ભીની થઈ ગઈ હતી. રેલવે સ્ટેશન પર લેવા માટે આવેલા સબંધીઓ પણ તેમને ખુશીથી ભેટી પડયા હતા. જમ્મુ-કાશ્મીરથી પરત આવેલા એક સભ્ય ચાંદનીબેને કહ્યું હતું કે, અમે ભગવાનનો આભાર માનીએ છે. આતંકવાદી હુમલો થયો ત્યારે અમે શ્રીનગરના શાલીમાર બાગમાં હતા. જેમ જેમ હુમલાના સમાચાર સામે આવતા ગયા હતા તેમ તેમ શ્રીનગરમાં ગભરાટ વધતો ગયો હતો. સ્કૂલો અને બજારો બંધ થઈ ગયા હતા અને લાલચોકમાં આ હુમલાના વિરોધમાં પ્રદર્શન થયું હતું. ભારતીય સેનાનો ઘણો સપોર્ટ મળ્યો. સ્થાનિક લોકો પણ હુમલાના વિરોધમાં હતા અને તેમણે પણ પ્રવાસીઓને મદદ કરી હતી. આતંકવાદી હુમલામાં નિર્દોષોનો જીવ ગયા છે. આ સારી વાત નથી. સરકારે ઈટનો જવાબ પથ્થરથી આપવો જોઈએ. અન્ય એક સભ્ય અંબાલાલભાઈ પરમારે કહ્યું હતુ કે, ભગવાનો આભાર માનીએ છે કે, અમે વડોદરા હેમખેમ આવી ગયા છે. ઉલ્લેખનીય છે કે, વાઘોડિયા રોડ પર રહેતા પરમાર પરિવારના સભ્યો અને બીજા સબંધીઓ મોરારીબાપુની રામકથા સાંભળવા માટે ગયા હતા.

### ઘણા સમયથી સિંહોની અવરજવરમાં વધારો મળ્યો છે

# અમરેલીમાં નેશનલ હાઈવે પર વાહનની અડફેટે સિંહબાળનું મોત

। (એજન્સી) અમરેલી, તા.૨૬ ।

અમરેલી સાવરકુંડલા નેશનલ હાઈવે ઉપર બે દિવસ પહેલા અજાણ્યા વાહનની ટક્કરે એક ત્રણ વર્ષના સિંહબાળનું મોત થયું હતું અને વાહન ચાલક ફરાર થઈ ગયો જેને આજે વનવિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. અમરેલીમાં છેલ્લા ઘણા સમયથી સિંહોની અવરજવરમાં વધારો મળ્યો છે. અનેક વખત સિંહની લટારના વીડિયો સામે આવતા હોય છે. અકસ્માતની અડફેટે બાળ સિંહનું મોત પ્રાપ્ત વિગત મુજબ ૨૪ એપ્રિલે વહેલી સવારે ૬ વાગ્યાની આસપાસ એક અજાણ્યા વાહન ચાલક સિંહબાળને કચડી નાખી સિંહબાળનું મોત નિપજાવી ફરાર થઈ ગયો હતો, જેની જાણ લીલીયા વનવિભાગને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી સિંહબાળનો કબજો લઈ પીએમ ખાતે મોકલેલી આપ્યો હતો , જે અનુસંધાને લીલીયા વનવિભાગ દ્વારા અજાણ્યા વાહન ચાલક સામે ગુન્હો નોંધી આરોપીને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો, જેમાં અમરેલી થી સાવરકુંડલા વચ્ચે આવતા પેટ્રોલપંપ, હોટલો તેમજ અમરેલી નેત્રમ સહિત અલગ અલગ ૯ જેટલા લોકેશન ઉપર સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા તેમજ રસ્તામાં આવતા ગામડાઓમાં પૂછપરછ કર્યા બાદ તપાસના અંતે અકસ્માત સર્જનાર એક ય્ન્ન ૩ મ્ ૭૭૯૫ નંબર નો ડુંગળી ભરેલો ટ્રક હોવાની શંકા જતા ટ્રક માલિકની અને ડ્રાઈવરની પૂછ પરછ કરતા અને ટ્રકમાં સિંહબાળ સાથે અકસ્માત થયાના પુરાવા મળતા અમરેલી વનવિભાગ દ્વારા કુકાવાવ રોડ ઉપરથી આજે ટ્રક અને ટ્રક ચાલકની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

